વર્ષ : ૩૯ ◆ અંક : ૧૦
ઓક્ટોમ્બર - ૨૦૧૫

Retail Price Rs. 10/- Each

શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી પ્રેરિત

# દિવ્યધ્વનિ

આધ્યાત્મિક મુખપત્ર



## 'શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર'નું મંગલ સર્જન

(આસો વદ - ૧, વિ.સં. ૧૯૫૨)

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
(શ્રી સત્શ્રુત - સેવા - સાધના કેન્દ્ર સંચાલિત)
કોબા ૩૮૨ ૦૦૭. (જિ. ગાંધીનગર, ગુજરાત)
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯, ૨૩૨૭૬૪૮૩-૮૪ ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨
E-mail : mail@shrimadkoba.org, Web.: www.shrimadkoba.org

# સંસ્થામાં શ્રી પર્યુષણ મહાપર્વની આરાધનાની તસવીરો
(તા. ૧૦-૯-૨૦૧૫ થી તા. ૧૭-૯-૨૦૧૫)



પૂજ્યશ્રીની પાવન નિશ્રા



આદ. પંડિતજી શ્રી સુમતપ્રકાશજી



આદ. બા.બ્ર. શ્રી સુરેશજી



આદ. શ્રી મહેન્દ્રભાઈ ખંધાર



પૂજ્યશ્રી સાથે ધર્મવાર્તાની વેળાએ -આદ. શ્રી સુમતપ્રકાશજી



પૂજ્યશ્રી સાથે સત્સંગ વેળાએ - બા.બ્ર.પૂ. શ્રી ગોકુળભાઈ





તપસ્વીઓના પારણા





ભક્તિસંગીત વેળાએ

-: પ્રેરક :-

**શ્રદ્ધેયશ્રી આત્માનંદજી**

-: તંત્રી - સંપાદક :-

**શ્રી મિતેશ એ. શાહ**

-: સ્વત્વાધિકારી :-

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

-: મુદ્રક-પ્રકાશક :-

**ડૉ. શ્રી શર્મિષ્ટાબેન એમ. સોનેજી**

ટ્રસ્ટી, શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા

-: પ્રકાશન સ્થળ :-

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

કોબા - ૩૮૨ ૦૦૭

ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯

૨૩૨૭ ૬૪૮૩/૮૪

ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨

-: લવાજમ શ્રેણી :-

**ભારતમાં**

ત્રિવાર્ષિક રૂા. ૪૦૦

આજીવન રૂા. ૨૦૦૦

**પરદેશમાં**

By Air Mail

ત્રિ-વાર્ષિક : Rs. 4000

$-80, £-60

આજીવન : Rs. 15000

$-300, £-220

# દિવ્યધ્વનિ

## અનુક્રમણિકા

(૧) શ્રી સદ્‌ગુરુપ્રસાદ .......... શ્રીમદ્ રાજચંદ્રજી ..... ૫

(૨) પરમાત્માની પ્રાપ્તિનો સરળ માર્ગ ........... ........................ પૂ.શ્રી આત્માનંદજી ..... ૬

(૩) કરુણાની કથાઓ ....... ડૉ. કુમારપાળ દેસાઈ ..... ૯

(૪) સમાધિતંત્ર-અમૃતરસપાન ................. ...................... પ્રા.ચંદાબહેન પંચાલી .... ૧૨

(૫) શ્રી આનંદઘન ચોવીશી... શ્રી અશોકભાઈ શાહ .... ૧૫

(૬) શ્રી ભક્તામર સ્તોત્ર .... શ્રી મહેન્દ્રભાઈ ખંધાર .... ૧૮

(૭) સામાયિક વ્રત ........ શ્રી નિરુપમાબેન ડગલી .... ૨૧

(૮) દીપાવલી ઝગમગ ઝમકે... શ્રી પારુલબેન ગાંધી .... ૨૩

(૯) અહો ! શ્રી આત્મસિદ્ધિ ! .................. ....................... શ્રી પૂર્ણિમાબેન શાહ .... ૨૫

(૧૦) બાળવિભાગ ............ શ્રી મિતેશભાઈ શાહ .... ૩૧

(૧૧) જીવનઅર્ક - દિવાળી પુસ્તિકા .................... ૩૨

(૧૨) સમાજ-સંસ્થા દર્શન ............................ ૩૪

(૧૩) યુવાશિબિરનું ફોર્મ ............................ ૪૧

**વર્ષ : ૩૯ ઓક્ટોબર, ૨૦૧૫ અંક - ૧૦**

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

**(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)**

કોબા - ૩૮૨ ૦૦૭ (જિ. ગાંધીનગર, ગુજરાત)

ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯/૪૮૩/૮૪

ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨

mail@shrimadkoba.org

www.shrimadkoba.org

## લેખકો / ગ્રાહકો / વાચકોને

- ☞ 'દિવ્યધ્વનિ' દર મહિને પ્રગટ થાય છે.
- ☞ કોઈ પણ અંકથી ગ્રાહક થઈ શકાય છે.
- ☞ ત્રણ વર્ષથી ઓછી મુદતનું લવાજમ સ્વીકારવામાં આવતું નથી.
- ☞ ચેક/ડ્રાફ્ટ/એમ.ઓ. **'શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા'**ના નામનો મોકલવો.
- ☞ સહુ સ્વજનો-મિત્રો વધુમાં વધુ ગ્રાહકો નોંધાવીને સહયોગી બને તેવી વિનમ્ર અપેક્ષા છે.
- ☞ ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું અવશ્ય લખવું. ગ્રાહક નંબર સરનામાની ઉપર લખેલો હોય તે નોંધી રાખવા વિનંતી છે.
- ☞ સરનામામાં ફેરફાર થયાની જાણ તાત્કાલિક કરવા વિનંતી છે.
- ☞ કોઈપણ લેખ સ્વીકારવો કે ન સ્વીકારવો કે ક્રમશઃ લેવો તેનો સંપાદકશ્રીને સંપૂર્ણ અધિકાર રહેશે.
- ☞ લેખકોનાં મંતવ્યો સાથે સંપાદકશ્રીનું સહમત હોવું આવશ્યક નથી.


**: મુદ્રણસ્થાન :**
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪
ફોન : ૨૨૧૬ ૭૬૦૩




# પ્રાર્થના

**હે પરમાત્મા !**

મને સમતા અને સમાધિ આપો. મને રાગ-દ્વેષ-મોહમાંથી મુક્ત કરો. મને નિષ્પાપ જીવન જીવવાની શક્તિ આપો. મને વિષયવાસના અને પાપવાસનાથી મુક્ત કરો. મને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણ રત્નોનું દાન કરો. મારામાં સત્દેવ-ગુરુ-ધર્મ એ ત્રણ તત્ત્વની આસ્થા વધારો. હું દાન, શીલ, તપ અને ભાવ-એ ચાર પ્રકારના ધર્મનું પાલન કરી શકું એવી શક્તિ આપો. મને ચાર પ્રકારના કષાયોમાંથી મુક્ત કરો. હે પ્રભુ ! હું અનાથ છું. તું મારો ભવોભવનો નાથ રહેજે. મારા અનંતાભવોમાં કરેલા પાપો આજે મને નડી રહ્યા છે. અનંતા ભવોમાં તારી આજ્ઞા વિરુદ્ધ ચાલ્યો છું. તેથી મારા ભવોભવના ફેરા ચાલુ છે. હે નાથ ! મારા ભવોભવના ફેરા ટાળો.

હે કરુણાસાગર ! મને પાંચ ઈન્દ્રિયો અને મન પ્રાપ્ત થયા, સત્દેવ-ગુરુ-ધર્મ મળ્યા, તો પણ હું ભોગનો ભિખારી અને ખાવાનો રસિયો ! મારું શું થશે ? મારા મનના તથા ઈન્દ્રિયોના ઘોડા પાપમાર્ગે દોડી રહ્યા છે. તેને રોકવાની શક્તિ આપ. તું મારા જીવનનો સર્વસ્વ છે. તું કરુણાનો સાગર છે, તો હું કરુણાને પાત્ર છું. તું ઉપકારી છે તો હું ઉપકારને પાત્ર છું.

હે પ્રભુ ! તું સર્વજ્ઞ અને હું અજ્ઞાની ! તું સિદ્ધવાસમાં બેઠો છું, હું સંસારમાં ભટકી રહ્યો છું ! તું સર્વગુણસંપન્ન અને હું સર્વ દોષથી ભરેલો છું ! મેં અનંતા ભવોમાં અને આ ભવમાં મન-વચન-કાયાથી જે જે પાપો બાંધ્યા હોય તે બદલ મિચ્છા મિ દુક્કડમ્. હે નાથ ! આપ મારા હૃદયમંદિરમાં વાસ કરજો અને તમારા જેવા ગુણો પ્રાપ્ત કરવાની શક્તિ આપજો.


॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

# શ્રી સદ્ગુરુપ્રસાદ

## શ્રીમદ્ રાજચંદ્રજી

### શ્રી મોક્ષમાળા

### શિક્ષાપાઠ - ૮૧ પંચમકાળ



કાળચક્રના વિચારો અવશ્ય કરીને જાણવા યોગ્ય છે. જિનેશ્વરે એ કાળચક્રના બે ભેદ કહ્યા છે. ૧. ઉત્સર્પિણી, ૨. અવસર્પિણી. એકેકા ભેદના છ છ આરા છે. આધુનિક વર્તન કરી રહેલો આરો પંચમકાળ કહેવાય છે અને તે અવસર્પિણી કાળનો પાંચમો આરો છે. અવસર્પિણી એટલે ઊતરતો કાળ; એ ઊતરતા કાળના પાંચમા આરામાં કેવું વર્તન આ ભરતક્ષેત્રે થવું જોઈએ તેને માટે સત્પુરુષોએ કેટલાક વિચારો જણાવ્યા છે; તે અવશ્ય જાણવા જેવા છે.

એઓ પંચમકાળનું સ્વરૂપ મુખ્ય આ ભાવમાં કહે છે. નિર્ગ્રંથ પ્રવચન પરથી મનુષ્યોની શ્રદ્ધા ક્ષીણ થતી જશે. ધર્મનાં મૂળતત્ત્વોમાં મતમતાંતર વધશે. પાખંડી અને પ્રપંચી મતોનું મંડન થશે. જનસમૂહની રુચિ અધર્મ ભણી વળશે. સત્ય, દયા હળવે હળવે પરાભવ પામશે. મોહાદિક દોષોની વૃદ્ધિ થતી જશે. દંભી અને પાપિષ્ઠ ગુરુઓ પૂજ્યરૂપ થશે. દુષ્ટવૃત્તિનાં મનુષ્યો પોતાના ફંદમાં ફાવી જશે. મીઠા પણ ધૂર્ત્ત વક્તા પવિત્ર મનાશે. શુદ્ધ બ્રહ્મચર્યાદિક શીલયુક્ત પુરુષો મલિન કહેવાશે. આત્મિકજ્ઞાનના ભેદો હણાતા જશે. હેતુ વગરની ક્રિયા વધતી જશે. અજ્ઞાનક્રિયા બહુધા સેવાશે. વ્યાકુળ વિષયોનાં સાધનો વધતાં જશે. એકાંતિક પક્ષો સત્તાધીશ થશે. શૃંગારથી ધર્મ મનાશે.

ખરા ક્ષત્રિયો વિના ભૂમિ શોકગ્રસ્ત થશે; નિર્માલ્ય રાજવંશીઓ વેશ્યાના વિલાસમાં મોહ પામશે; ધર્મ, કર્મ અને ખરી રાજનીતિ ભૂલી જશે; અન્યાયને જન્મ અપાશે; જેમ લૂંટાશે તેમ પ્રજાને લૂંટશે. પોતે પાપિષ્ઠ આચરણો સેવી પ્રજા આગળ તે પળાવતા જશે. રાજબીજને નામે શૂન્યતા આવતી જશે. નીચ મંત્રીઓની મહત્તા વધતી જશે. એઓ દીન પ્રજાને ચૂસીને ભંડાર ભરવાનો રાજાને ઉપદેશ આપશે. શિયળ ભંગ કરવાનો ધર્મ રાજાને અંગીકાર કરાવશે. શૌર્યાદિક સદ્ગુણોનો નાશ કરાવશે. મૃગયાદિક પાપમાં અંધ બનાવશે. રાજ્યાધિકારીઓ પોતાના અધિકારથી હજારગુણી અહંપદતા રાખશે. વિપ્રો લાલચુ અને લોભી થઈ જશે; સદ્વિદ્યાને દાટી દેશે; સંસારી સાધનોને ધર્મ ઠરાવશે. વૈશ્યો માયાવી, કેવળ સ્વાર્થી અને કઠોર હૃદયના થતા જશે. સમગ્ર મનુષ્ય વર્ગની સદ્વૃત્તિઓ ઘટતી જશે. અકૃત અને ભયંકર કૃત્યો કરતાં તેઓની વૃત્તિ અટકશે નહીં. વિવેક, વિનય, સરળતા ઈત્યાદિ સદ્ગુણો ઘટતા જશે. અનુકંપાને નામે હીનતા થશે. માતા કરતાં પત્નીમાં પ્રેમ વધશે; પિતા કરતાં પુત્રમાં પ્રેમ વધશે; પતિવ્રત નિયમપૂર્વક પાળનારી સુંદરીઓ ઘટી જશે. સ્નાનથી પવિત્રતા ગણાશે; ધનથી ઉત્તમકુળ ગણાશે. ગુરુથી શિષ્યો અવળા ચાલશે. ભૂમિનો રસ ઘટી જશે. સંક્ષેપમાં કહેવાનો ભાવાર્થ કે ઉત્તમ વસ્તુની ક્ષીણતા છે; અને કનિષ્ઠ વસ્તુનો ઉદય છે. પંચમકાળનું સ્વરૂપ આમાંનું પ્રત્યક્ષ સૂચવન પણ કેટલું બધું કરે છે ?

મનુષ્ય સદ્ધર્મતત્ત્વમાં પરિપૂર્ણ શ્રદ્ધાવાન નહીં થઈ શકે; સંપૂર્ણ તત્ત્વજ્ઞાન નહીં પામી શકે; જંબુસ્વામીના નિર્વાણ પછી દશ નિર્વાણી વસ્તુ આ ભરતક્ષેત્રથી વ્યવચ્છેદ ગઈ.

પંચમકાળનું આવું સ્વરૂપ જાણીને વિવેકી પુરુષો તત્ત્વને ગ્રહણ કરશે; કાળાનુસાર ધર્મતત્ત્વ-શ્રદ્ધા પામીને ઉચ્ચગતિ સાધી પરિણામે મોક્ષ સાધશે. નિર્ગ્રંથપ્રવચન, નિર્ગ્રંથગુરુ ઈ૰ ધર્મતત્ત્વ પામવાનાં સાધનો છે. એની આરાધનાથી કર્મની વિરાધના છે.

# પરમાત્માની પ્રાપ્તિનો સરળ માર્ગ - ભક્તિમાર્ગ

પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી



માનવજીવનની ઉન્નતિમાં જ્ઞાન-ભક્તિ અને કર્મનું ઘણું યોગદાન છે. માનવજીવનના ત્રણ મહત્ત્વના પાસા છે. ૧. ભક્તિ એટલે નિર્વ્યાજ પ્રેમ, શ્રદ્ધા, વિશ્વાસ. તેનું ઉદ્‌ગમસ્થાન છે આપણું હૃદય. બીજું મહત્ત્વપૂર્ણ પાસું છે - જ્ઞાન. તેને વિવેક કે સમજણ પણ કહે છે. જ્ઞાનનો એક અર્થ માહિતી પણ થાય છે, પરંતુ ખરેખર તો જગતના પદાર્થો જેમાં ભાસે છે એવો આપણો જ્ઞાનસ્વભાવ છે. તેનું ઉદ્‌ગમસ્થાન મસ્તિષ્ક માનવામાં આવ્યું છે. ત્રીજું પાસું છે કર્મ. કર્મ એટલે અહીં કર્મઠતા સમજવું. તેનું મૂળ આમ તો હાથ-પગ કહેવાય છે, પરંતુ તે સાચું નથી કારણ કે તેનું પ્રેરક છે સંકલ્પબળ, જે સાચું હોય તો અકંપ એવી સમાધિની પ્રાપ્તિ કરાવી જીવને શિવ, નરને નારાયણ, પુરુષને પુરુષોત્તમ તથા સાધકને સિદ્ધ બનાવે છે. જીવમાત્ર તેના અસ્તિત્વને કૃતકૃત્ય બનાવી તેને એવે સ્થાને પહોંચાડે છે કે જેનાથી ઊંચું સ્થાન આ વિશ્વમાં બીજું કોઈ નથી. શાસ્ત્રભાષામાં તેને મોક્ષ કહો, નિર્વાણ કહો, મુક્તિ કહો કે અનંત આનંદ કહો.

કોઈને વિચાર આવે કે ભક્તિને જ કેમ પહેલા લીધી તો સર્વજ્ઞ ભગવાને તથા જ્ઞાની ભગવંતોએ જીવના વિકાસમાં શ્રદ્ધાગુણની મુખ્યતા કહી છે.

'श्रद्धा परं दुल्लहा ।' અથવા ચાર વસ્તુને પરમ દુર્લભ કહી - (૧) મનુષ્યભવ, (૨) સત્‌ધર્મનું શ્રવણ, (૩) તે સત્‌ધર્મમાં થવા યોગ્ય શ્રદ્ધા, (૪) જેવી શ્રદ્ધા થઈ તેવું આચરણ કરવાનું સામર્થ્ય. તેમણે ફરી પાછું શ્રદ્ધાનું મહત્ત્વ દર્શાવતા કહ્યું છે કે

''दंसण मूलो धम्मो ।'' ધર્મ મનુષ્યને સર્વ પ્રકારે સુખદાયક છે - એને ખબર હોય કે ન હોય. તેનું મૂળ તે શ્રદ્ધા છે. શ્રીકૃષ્ણ ભગવાન પણ ગીતાજીમાં કહે છે કે,

''श्रद्धावान लभते ज्ञानं, संशयात्मा विनश्यति ।''

જેના અંતરમાં પરમાત્મા પ્રત્યે શ્રદ્ધા ન હોય તો તેને પોતાના આત્મા પ્રત્યે શ્રદ્ધા કેવી રીતે હોય ? કારણ કે દેવ તો ઘણા છે પણ સૌથી મોટો દેવ તો ભગવાન આત્મા છે, જે દેહદેવળમાં વિરાજમાન છે. તેનાથી મોટું ન કોઈ છે, ન થશે એમ પરમાર્થથી જાણવું. પણ હાલ આપણી યોગ્યતા વિશેષ ન હોવાથી આપણે રામ, ઋષભદેવાદિ તથા સંતો અને તેમની દિવ્યવાણીના શરણની જરૂર છે.

સાચી ભક્તિ તે બુદ્ધિનો વિષય નથી પણ હૃદયનો - સંવેદનનો વિષય છે. ભક્તિ માટે શ્રીમદ્ નારદજીનું ભક્તિસૂત્ર પ્રસિદ્ધ છે. ભક્તિની સુંદર વ્યાખ્યા કરતા તેમાં કહ્યું છે કે, ''सा परम प्रेम रुपा ।''

ભક્તિ તે આપણો ભાવ છે. હૃદયનો ઉદ્‌ગાર છે. પરમાત્મા, સદ્‌ગુરુ અને તેમની દિવ્યવાણી પ્રત્યેનો સાચો અંતરંગનો પ્રેમ છે, જેને ભક્તિ કહેવાય છે. આપણું ધ્યેય એ છે કે આપણે આ ભક્તિનું સ્વરૂપ જાણીને તેને આત્મસાત્ કરી પરમાત્માની નિકટ જઈ શકીએ, તેમના સાન્નિધ્યને કંઈક અંશે અનુભવી શકીએ. વર્તમાનમાં આ દુષમકાળમાં આત્મકલ્યાણનો શ્રેષ્ઠમાર્ગ, સુગમ ઉપાય તે ભક્તિ અને સત્સંગ છે. આવી ઉત્તમ ભક્તિની મહાપુરુષોના વચનોને આધારે એક વ્યાખ્યા બનાવી છે.

"Total, Unilateral unconditional, Enlightened, surrender."

**(1) Total :** સર્વ સમર્પણભાવથી ભક્તિ કરવી. આવી ભક્તિ અલ્પકાળમાં મુક્તિ અપાવે છે.

"તનસેં, મનસેં, ધનસેં, સબસેં
ગુરુદેવકી આન સ્વઆત્મા બસેં;
તબ કારજ સિદ્ધ બને અપનો,
રસ અમૃત પાવહિ પ્રેમ ઘનો."

**– શ્રીમદ્ રાજચંદ્રજી**

અને આવી ભક્તિ કરનાર ભક્ત કેવો હોય ?

"કામી, ક્રોધી, લાલચી, ઈનસે ભક્તિ ન હોય;
ભક્તિ કરે કોઈ સુરમા, જાતિ બરન કુલ ખોય."

**(2) Unilateral :** હું ભક્તિ કરું તો ભગવાન મારું ભલું કરશે ? આવા ભાવથી ભક્તિ કરનારને સંતો કહે છે કે ભાઈ,

Love is reward of love. there is no reward of love.

ભક્તિનું પૂર્ણ ફળ પૂર્ણ ભક્તિ એટલે કે મુક્તિ જ છે. ભક્તિ આનંદ સ્વરૂપ છે. અધ્યાત્મ યોગીશ્વર શ્રી આનંદઘનજી કહે છે કે,

"ચિત્ત પ્રસન્ને પૂજનફલ કહ્યું રે, પૂજા અખંડિત એહ;
કપટરહિત થઈ આતમ અરપણા રે, આનંદઘન પદ રેહ."

**(3) Unconditional :** ભક્ત કોઈ પણ પ્રકારની શરત મૂકી ભક્તિ કરતો નથી. ભક્તિનું ફળ તો અવશ્ય મળે જ છે. તું ચાહે કે ન ચાહે, તે આપોઆપ મળશે. ભાઈ ! આ વિશ્વની વ્યવસ્થા જો કોઈ જાણે તો પરમાત્માના શરણ સિવાય કાંઈ ઇચ્છે નહિ. તેની નિષ્ઠા પરમતત્ત્વમાં જ હોય. તેની અંગરંગ પ્રીતિ, પ્રતીતિ પરમાત્મામાં જ હોય, અન્યત્ર હોય નહીં.

**(4) Enlightened :** સાચી ભક્તિ વિવેકપૂર્ણ હોય છે.

With appropriate Proper Discrimination. અર્થાત્ સમ્યક્ સત્ય - અસત્યના નિર્ણયવાળી પ્રબુદ્ધ ભક્તિ હોય છે.

**(5) Surrender :** બિનશરતી શરણાગતિ એટલે ભક્તિ. ભક્તિના અનેક પ્રકાર જ્ઞાની ભગવંતોએ કહ્યાં છે, પણ તેમાં નવ પ્રકાર મુખ્ય છે :

"શ્રવણ, કીર્તન, ચિંતવન,વંદન, સેવન, ધ્યાન;
લઘુતા, સમતા, એકતા, નવધા ભક્તિ પ્રમાણ."

પરમાર્થભક્તિ ત્રણે કાળે એક જ છે પણ તેનો પ્રયોગ અલગ - અલગ રીતે થાય છે. કારણ કે પ્રયોગમાં શરીરની શક્તિ, ક્ષેત્ર અને સંયોગાદિ પણ ભાગ ભજવે છે. જેમ કે ૩૦-૪૦ વર્ષ પહેલાં અમદાવાદ તે જૈન નગરી ગણાતી, પરંતુ અત્યારે મુંબઈ જૈન નગરી ગણાય છે. માટે ક્ષેત્રાદિ બદલાયા કરે, પરંતુ વર્તમાનમાં મધ્યમ કક્ષાના સાધકો બે રીતે પ્રયોગાત્મક ધોરણે ભક્તિ કરી શકે : (૧) સ્મરણ, (૨) શરણ.

**(૧) સ્મરણ :** ભવોભવથી બાંધેલ પાપના પોટલાં ઓછા કરવા માટે સાધકે નિત્ય સ્મરણનો અભ્યાસ કરવો જોઈએ. તેનાથી સાધકનો ત્વરાથી વિકાસ થાય છે. હનુમાનજીએ દાસત્વ ભક્તિનો સ્વીકાર કર્યો, શબરીએ શ્રદ્ધા અને સ્મરણ ભક્તિ કરી. તેમણે ગુરુના એક વચન ઉપર આખું જીવન વિતાવી દીધું. સ્મરણ ભક્તિમાં અર્જુનનું નામ મોખરે છે. તે જ્યારે સૂતો હોય ત્યારે પણ તેના શ્વાસોચ્છ્વાસમાંથી 'શ્રીકૃષ્ણ શરણં મમ્'નો અવાજ આવતો હતો.

"સાંસ સાંસ સુમિરન કરો, યહ ઉપાય અતિ નીક"

ભક્ત અને ભગવાનનો સંબંધ જગતના કોઈપણ ન્યાય, બુદ્ધિ કે તર્ક દ્વારા જાણી શકાતો નથી. ગૌતમસ્વામીનો જે આધ્યાત્મિક વિકાસ થયો તેની પાછળ તેમની મહાવીર ભગવાન પ્રત્યેની ભક્તિ તથા વિનય મુખ્ય હતા.

"ભગતિ હી જ્ઞાન હી નહિ કછુ ભેદા
ઉભય હરહું ભવ સંભવ ખેદા."

ભક્તિ અને જ્ઞાનમાં અપેક્ષાએ કાંઈ ફેર નથી. જો સમજણપૂર્વક કરવામાં આવે તો તે બન્નેથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. સર્વ દુ:ખનો ક્ષય થઈ અનંત આનંદની પ્રાપ્તિ તેનાથી થાય છે. આ કળિયુગમાં આપણું આયુષ્ય અને બળ ઓછાં છે માટે જલ્દી આત્મકલ્યાણ કરી લેવું. તેના માટે સરળ અને સુગમ સાધન તે પરમાત્માના નામનું સ્મરણ, મંત્રના માધ્યમથી ગુણચિંતન સહિત કરવું તે છે.

"મનને સંકલ્પ-વિકલ્પ અને પાપથી બચાવે તેનું નામ મંત્ર."

સંતશ્રી ખાલસ કહે છે કે,
નામ જપન ક્યું છોડ દીયા ?
જિહિ સુમિરન તેં અતિ સુખ પાવૈ,
સો સુમિરન ક્યોં છોડ દિયા ?
ખાલસ ઈક ભગવાન ભરોસે,
તન મન ધન ક્યોં ન છોડ દિયા ?

ખાવું, પીવું, હરવું, ફરવું, ભણવું, ભણાવવું કે કોઈપણ વ્યવહારિક કે ધાર્મિક કાર્ય કરતા સમયે અંતરમાં સતત સુમિરન કરવું. આ બંને કામ એક સાથે કેવી રીતે કરવા તેને અધ્યાત્મ યોગીશ્વર શ્રી આનંદઘનજી મહારાજ બતાવે છે કે,

"ચાર પાંચ સાહેલી મળીને, હિલ મીલ પાણી જાય.
તાલી દીયે ખડખડ હસે, એનું ચિત્તડું ગાગરડા માંય."

ભક્તિ આગળ જતાં પરમ પ્રેમ બની જાય છે. દ્રવ્યાનુયોગની ભાષામાં તેને શુદ્ધોપયોગ કહે છે. 'શ્રી સમયસાર' ગાથા ૨૦૬માં સ્મરણની પરાકાષ્ઠા બતાવી છે કે,

"આમાં જ તું પ્રીતિવંત બન, આમાં જ થા સંતુષ્ટ ને,
આનાથી બન તું તૃપ્ત તુજને, સુખ અહો ! ઉત્તમ થશે."

**શરણ :** શરણનું લક્ષ રાખવાથી સ્મરણ થાય છે અને વારંવાર સ્મરણ કરે તો શરણને પ્રાપ્ત થાય છે. માનવજીવનનો સૌથી મોટો આધ્યાત્મિક દુશ્મન તે માન છે. પરમતત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે કે જો જગતમાં માન ન હોત તો અહીં જ મોક્ષ હોત. જીવ બધું કરવા તૈયાર છે પણ માન (અભિમાન) મુકવા તૈયાર નથી. રાવણ અને દુર્યોધન જેવાં. સામર્થ્ય, તપ, સંપત્તિ અત્યારે આ દુનિયામાં કોઈનીય પાસે નથી, પરંતુ માન કષાયને લીધે તેમનું પતન થઈ ગયું.

"સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે."

**– નરસિંહ મહેતા**

નમે તે પ્રભુને ગમે. નમે એટલે નાક કપાઈ જાય. નાક કપાય (અભિમાનનો નાશ થાય) એટલે મહાપુરુષ બની જાય. સૌથી મોટો પુરુષ કોણ ? તો ઉત્તમ વિનયવાન. વિનય તે અંતરંગ તપ છે. જેણે વિનય ગુણને સિદ્ધ કર્યો તેનું સર્વ કાર્ય સિદ્ધ થઈ ગયું. માટે ભગવાન મહાવીરની છેલ્લી વાણી જે 'ઉત્તરાધ્યયન સૂત્ર' છે તેનો પહેલો અધ્યાય તે વિનય છે. શ્રી ગંગાસતી તેના માટે કહે છે કે,

"ભક્તિ કરવી હોય તેણે રાંક થઈને રહેવું ને,
મેલવું અંતર કેરું માન રે !
સદ્ગુરુ આગળ શીશ નમાવી કરે,
તન મન ધન કુરબાન રે."

બધા માન મુકવા સહેલા છે પણ ત્યાગ અને જ્ઞાનનું માન મૂકવું ઘણું અઘરું છે, પરંતુ તે પણ સદ્ગુરુના શરણે જતાં અલ્પ પ્રયાસે પલાયન થઈ જાય છે. એવી અદ્ભુત શરણમાં શક્તિ રહી છે, જેને કોઈ વિરલા જ જાણીને ગ્રહણ કરે છે.

આમ, આપણે પણ આવી ભક્તિ કરવાની પાત્રતા કેળવીએ તથા પરમાત્મા, સદ્ગુરુ અને તેમની દિવ્યવાણીનું શરણ લઈને આ માનવજીવનને જ્ઞાન-આનંદથી ભરપૂર બનાવી સફળ કરીએ એ જ હૃદયથી પ્રભુને પ્રાર્થના.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

પરમનો સ્પર્શ - ૭૧

# કરુણાની કથાઓ

**પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ**

મૈત્રી એટલે હૃદયનો અન્યના હૃદય સુધીનો વ્યાપ અને કરુણા એટલે બીજાને માટે હૃદયનું દ્રવવું. મૈત્રીમાં વ્યક્તિ પોતાના હૃદયના સ્નેહની સુવાસ અન્યને આપે છે, કરુણામાં વ્યક્તિ પોતાના હૃદયની સેવાની સુવાસ અન્યને પહોંચાડે છે.

મૈત્રી ભાવનું સ્વરૂપ છે, તો કરુણા આચરણનું રૂપ છે. જો મૈત્રી સિદ્ધ થાય તો જ વ્યક્તિમાં કરુણા જાગે. બીજાને મદદ કરવાની ઇચ્છા ત્યારે જ જાગે કે જ્યારે આપણું હૃદય અન્યની સાથે ભાવથી જોડાયેલું હોય અને એનું દુઃખ તે આપણું દુઃખ છે એવો આપણે અનુભવ કરતાં હોઈએ.

મૈત્રી પ્રમાણમાં સરળ અને સહજ છે, જ્યારે કરુણા મુશ્કેલ છે, કારણ કે કરુણામાં વ્યક્તિએ પોતાની જાત ઘસવાની હોય છે. એમાં વ્યક્તિ પોતાનો સ્વાર્થ છોડીને બીજાના પરમાર્થને સિદ્ધ કરવા માટે પુરુષાર્થ કરતી હોય છે. વ્યક્તિનું હૃદય જેટલું કોમળ અને સંવેદનશીલ હોય છે, એટલો કરુણાનો ભાવ એ વિશેષ અનુભવી શકે છે. એક અર્થમાં કહીએ તો આમાં વ્યક્તિ અન્યના ચિત્તમાં પ્રવેશ કરતી હોય છે. અન્ય દુઃખી વ્યક્તિને જોઈને પરકાયાપ્રવેશની જેમ અન્યના મનમાં દુઃખથી કેવા આઘાતો જાગ્યા હશે તેનો વિચાર કરે છે. એ પછી અન્ય વ્યક્તિના આઘાતોને દૂર કરવા માટે પ્રયત્ન કરે છે.

કરુણાનું આકાશ અતિ વિશાળ છે. પોતાના દુઃખી કુટુંબીજનથી માંડીને છેક પશુ અને પ્રાણીની સૃષ્ટિ સુધી એ વિસ્તરેલું છે. મહાત્મા ગાંધી રક્તપિત્તના દર્દીઓની જે પ્રકારે સેવા કરતા હતા કે મધર ટેરેસા અનાથ બાળકોની જે રીતે સુશ્રૂષા કરતા હતા એ કરુણાનો જ એક આવિર્ભાવ છે. જેના હૃદયમાં ખરેખર કરુણા છે, એના હૃદયમાં આપોઆપ મૈત્રીનો ભાવ જાગતો હોય છે. એને આખું જગત પોતાનું મિત્ર લાગે છે અને તેથી જ આ જગતમાં એને કોઈ દુશ્મન હોતો નથી.

ઈશુ ખ્રિસ્તે પોતાના અંતિમ સમયે વિરોધીઓને માફી આપી હતી, કારણ કે એમની કરુણામય આંખોમાં કોઈ વિરોધી નહોતું અને સર્વ પ્રત્યે મૈત્રીભાવ હતો. આવી જ ઘટના ભગવાન મહાવીરના જીવનમાં મળે છે.

ભગવાન મહાવીર દૃઢભૂમિ નામના પ્રદેશમાં પેઢાલ ઉદ્યાનમાં આવેલા પોલાસ ચૈત્યમાં સાધના કરતા હતા, ત્યારે સંગમ દેવે એમને સતત છ મહિના સુધી અનેક ઉપસર્ગો(આપત્તિ) આપ્યાં અને એમની ગોચરીમાં એવું અભક્ષ્ય અન્ન નાખી દેતો કે જેથી તે આહાર કરી શકે નહીં. આ ઉપસર્ગો એટલે કે આફતો વરસાવતી વખતે એણે હાથીનું રૂપ લઈને યોગી મહાવીરને સૂંઢમાં ભરાવીને ઉછાળ્યાં હતા, તો બીજી બાજુ એમની પત્ની યશોદા અને પુત્રી પ્રિયદર્શનાનો વેશ લઈને યોગી મહાવીરને ચલાયમાન કરવાનો પ્રયત્ન કર્યો. આવા છ છ મહિના સુધી આવા ઉપસર્ગો આપનાર સંગમ હાર્યો. એની ધારણા હતી કે માનવીને સુંદરી કે સુવર્ણથી ચલિત કરી શકાય; પરંતુ એમાં એ નિષ્ફળ ગયો. એણે યોગી મહાવીરની ક્ષમા માગી, ત્યારે ક્ષમાશીલ પ્રભુનાં લોચન કરુણાભીના થઈ ગયા. એમની આંખમાં આંસુ આવ્યા. આ આંસુ એમણે સહન કરેલી યાતના માટે આવ્યા નહોતાં; પરંતુ એમને થયું કે પોતાને કારણે આ સંગમે કેટકેટલાં કર્મો

બાંધ્યા.

કરુણાની એક વિલક્ષણ ઘટના શ્રીમદ્ રાજચંદ્રના જીવનમાં મળે છે. તેઓએ સાત વર્ષની ઉંમરે અક્ષરજ્ઞાનનો પ્રારંભ કર્યો અને માતા દેવબા પાસેથી શ્રી પ્રતિક્રમણ સૂત્ર અને શ્રી સામાયિક સૂત્ર જેવાં સૂત્રો શીખ્યાં. એ સૂત્રોમાં રહેલી સૂક્ષ્મમાં સૂક્ષ્મની વિરાધના અંગેની ક્ષમાની લિપિ એમના બાળહૃદયમાં કોતરાઈ ગઈ. હજી હમણાં સૂત્રો શીખ્યાં હતાં અને એનો એમને અંતરમાં સાક્ષાત્કાર થઈ ગયો. બાળ રાજચંદ્રને માતા દેવબાએ શાક સમારવા આપ્યું. બાળક માતાના કામમાં મદદરૂપ થતો હતો; પરંતુ શાક સમારતાં એમની આંખમાંથી આંસુની ધારા વહેવા લાગી. દેવમાએ દીકરાની આંખમાં આંસુ જોઈને પૂછ્યું, "આ શાક સમારવામાં તને રડવું કેમ આવે છે ?"

વહાલસોયી માતાના આ પ્રશ્નનો શ્રીમદ્ શો ઉત્તર આપે ? એમના હૃદયમાં તો લીલોતરીના જીવો પર અપાર કરુણા વરસી રહી હતી. આ કારણે એમની આંખમાંથી આંસુની ધારા વહેતી હતી. સૂક્ષ્મમાં સૂક્ષ્મ જીવો પ્રત્યે તાદાત્મ્ય સાધનાર જ્ઞાનીની વેદના સમજે ય કોણ ? જેના હૈયામાં કરુણાનું આવું વિરાટ આકાશ હોય એ જ એને અનુભવી શકે.

અદૃશ્ય જીવો પ્રત્યેની કરુણાનો આ એક વિશિષ્ટ માનદંડ છે. જૈનદર્શને હજારો વર્ષ પહેલાં વનસ્પતિમાં જીવન જોયું, જે સમયે જગતને એવો કશો ખ્યાલ નહોતો. શ્રીમદ્ રાજચંદ્રજીએ એ જીવ પ્રત્યે અનુકંપા અનુભવી. આવી આંસુ પ્રગટાવનારી અનુકંપાનો જગતને ક્યારેય અનુભવ નહોતો, આથી જ મહાત્મા ગાંધીજી શ્રીમદ્ રાજચંદ્રને 'દયાધર્મની મૂર્તિ' કહેતાં હતાં અને એમણે એમ કહ્યું કે, 'શ્રીમદ્‌ના જીવનમાંથી હું આ દયા ધર્મ શીખ્યો છું.'

મહાભારતનું યુદ્ધ ચાલતું હતું, ત્યારે એક રાત્રે યુધિષ્ઠિર વેશપલટો કરીને બહાર જતાં હતાં. પોતાના જયેષ્ઠ બંધુને આવી રીતે વેશપલટો કરીને ચૂપચાપ બહાર જતાં જોઈને સહદેવને આશ્ચર્ય જાગ્યું. સહદેવ એમની પાછળ ચાલ્યા, તો એમણે જોયું કે યુધિષ્ઠિર કુરુક્ષેત્રના રણમેદાનમાં જઈને સૈનિકોની સેવા-સુશ્રૂષા કરતા હતા. એ સૈનિક પાંડવ પક્ષનો છે કે કૌરવ પક્ષનો એવો વિચાર કર્યા વિના સૌની સારવાર કરતા હતા. જ્યાં દુઃખી અને પીડિત હોય, ત્યાં શત્રુતા અને મિત્રતાના ભેદ ન હોય. સહદેવને આશ્ચર્ય થયું કે આ તે કેવું કે દિવસે જેનો સંહાર થાય એની રાત્રે સેવા કરવામાં આવે. સહદેવે યુધિષ્ઠિરને પૂછ્યું, "તમે શા માટે આવો વેશપલટો કરો છો ?" ત્યારે યુધિષ્ઠિરે કહ્યું, "જો હું વેશપલટો ન કરું, તો આ ઘાયલ સૈનિકો મારી સેવા સ્વીકારે નહીં." આનો અર્થ જ એ કે કરુણાસભર હૃદયવાળો માનવી સૌનો સ્નેહી હોય છે. આથી જ કવિ અમૃત ઘાયલે કહ્યું છે,

"બહુ દુર્લભ છે માનવીનું બનવું,
દેવોને પણ અલભ્ય એ પદ છે."

કરુણા અનેક રૂપે વહેતી હોય છે. એનો એટલો બધો મહિમા છે કે તિરૂપતિ વેંકટવલુર કહે છે કે માણસ જો પ્રાણીઓ પર કરુણા બતાવશે નહીં, તો દેવતાઓ માણસ ઉપર કરુણા નહીં બતાવે. સ્વામી વિવેકાનંદ જેવાએ તો સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે પ્રાર્થના કરવા માટે જોડાયેલાં બે હાથ કરતાં મદદ માટે લંબાયેલા બે હાથ વધુ મહત્ત્વના છે.

માનવની કરુણા એને મહામાન બનાવે છે. આ કરુણાને કારણે જ ગુજરાત, રાજસ્થાન જેવા પ્રદેશોમાં પ્રાણીનો સંહાર કરીને બલિ ચઢાવવાની પ્રથા જોવા મળતી નથી. એમ કહેવાય છે કે જગડુશાના સમયમાં દેવીનાં ૧૦૮ પગથિયાં ધરાવતાં મંદિર પરના પગથિયાં પર પાડાઓને ઊભા રાખીને એમનો બલિ ચઢાવવામાં આવતો હતો. એમણે ૧૦૬ પાડા મંગાવ્યા. બીજે પગથિયે પોતાના દત્તક

પુત્રને અને પહેલે પગથિયે પોતે ઊભા રહ્યા. પશુઓના સંહારને બદલે પહેલાં પોતાનો બલિ ચડાવવા માટે પોતાની ડોક પર તલવાર ચલાવવા ગયા, ત્યાં જ કોઈ અદશ્ય શક્તિએ એમનો હાથ પકડી લીધો. જગડુશાની જીવદયા અને સાહસની ભાવના જોઈને દેવી પ્રસન્ન થયા. દેવીએ કહ્યું કે મારા દક્ષિણ દિશા તરફના મંદિરને ઉત્તર દિશા તરફનું બનાવી દે, જેથી કોઈ સંહાર ન થાય. આજે સૈકાઓ પછી પણ કોયલા પહાડીની યાત્રામાં દેવીનાં દર્શન કર્યા બાદ જગડુશા અને એમના પુત્રની આરતી ઉતારવામાં આવે છે.

આ જ જગડુશાએ વિક્રમ સંવત ૧૩૧૩, ૧૩૧૪ અને ૧૩૧૫નાં વર્ષોમાં દેશ પર પડેલાં ભયાનક દુષ્કાળ સમયે અન્નશાળાઓ ખોલી. એના આ ધાન્યના કોઠારો ઉત્તરમાં ગીજની - કનહાર સુધી, પૂર્વમાં બંગાળ સુધી, દક્ષિણમાં રામેશ્વર સુધી દરિયાપારના દેશોમાં પણ હતા. આ દુષ્કાળમાં જગડુશાએ ગુજરાત, સિંધ, મેવાડ, માળવા, કાશી, દિલ્હી અને છેક કંદહારના રાજાને અનાજ આપ્યું. એણે ૧૧૫ જેટલી દાનશાળાઓ ખોલી, જેમાં પ્રતિદિન પાંચ લાખ માણસોને ભોજન આપવામાં આવતું. આ દુષ્કાળમાં ચાર કરોડ નવ્વાણું લાખ અને પચાસ હજાર મણ અનાજ ગરીબોને વિના મૂલ્યે વહેંચ્યું અને નગદ સાડા ચાર કરોડ રૂપિયા ખર્ચ્યા. રાજા-મહારાજાઓએ એમને જગતના પાલનહારનું બિરુદ આપ્યું. આજે પણ મહાન દાનેશ્વરીને જગડુશાની ઉપમા આપવામાં આવે છે. આ હકીકત દર્શાવે છે કે કરુણાનો કેટલો બધો મહિમા છે.

આનું કારણ એ છે કે કરુણા દ્વારા વ્યક્તિ અન્ય વ્યક્તિને જીવન બક્ષે છે. વળી, વ્યક્તિમાં જેમ કરુણાનો વિકાસ થતો જાય, તેમ તેમ એની અધ્યાત્મ વિકાસ માટેની ભૂમિકા પણ બંધાતી જાય છે. વ્યક્તિ જેમ જેમ અધ્યાત્મની ઊંચાઈના શિખરે આરોહણ કરતો હોય તેમ તેમ એના ચિત્તમાં અન્ય જીવોનાં દુઃખો જોઈને દ્રવિત થવાની ક્ષમતા વિશેષ રૂપે પ્રગટ થાય છે અને પછી નાનામાં નાના જીવના દુઃખને દૂર કરવા માટે એ પોતાનું જીવનસર્વસ્વ અર્પણ કરવા તૈયાર થઈ જાય છે. આ રીતે મૈત્રી પછી કરુણાનો ભાવ એના જીવનમાં જાગ્રત કરવો જોઈએ અને સમય જતાં આ બંને ભાવનું એના જીવન વ્યવહારમાં સંમિશ્રણ થઈ જશે.

## શ્રી ભક્તામર સ્તોત્ર

(પાના નં. ૨૦ પરથી ચાલુ...)

અને શરીરથી નિરપેક્ષ એવા આત્મગુણો વડે ઓળખાણ તે જ સર્વજ્ઞ પરમાત્માની સાચી સ્તુતિ છે. શ્રી સમયસારમાં (ગાથા ૧૭, ૧૮, ૨૯) આચાર્ય ભગવંત કુંદકુંદ સ્વામીએ કહ્યું કે જે સર્વજ્ઞના ગુણો વડે સર્વજ્ઞને સ્તવે છે તે જ સર્વજ્ઞની સાચી સ્તુતિ કરે છે અને તે જીવ પોતે પણ તેવા ગુણોને પ્રાપ્ત કરે છે. જૈનધર્મનો આ મહત્ત્વનો સિદ્ધાંત લક્ષમાં રાખીને આ ભક્તામર સ્તોત્રના ભાવો સમજવા જોઈએ. સર્વજ્ઞની ગુણસ્તુતિમાં એકલો રાગ નથી, સાથે સર્વજ્ઞ સ્વભાવનું લક્ષ અને જ્ઞાયક સ્વભાવની અનુભૂતિ છે. ભગવાન વીતરાગ છે અને તેમની સ્તુતિ પણ આંશિક વીતરાગભાવ વડે જ થાય છે અને તે વીતરાગભાવ પોતાના જ્ઞાન સ્વભાવની સન્મુખતાથી થાય છે.

અંતમાં, સર્વ જીવો પોતાના જ્ઞાયક સ્વભાવની સન્મુખ થઈ, વીતરાગભાવ પ્રગટાવી, પરંપરાએ પૂર્ણતા પામે તેવી મંગલ કામના સાથે, જિનાજ્ઞાથી વિપરીત લખાયું હોય તો ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

॥ શ્રી સદ્‌ગુરુચરણાર્પણમસ્તુ ॥

● ● ●

શ્રી પૂજ્યપાદ આચાર્ય વિરચિત

# સમાધિતંત્ર - અમૃતરસપાન

(ક્રમાંક - ૩૦)

પ્રા. ચંદાબહેન વી. પંચાલી (બોટાદ)

સ્વાનુભવ સિદ્ધ, અનુભવજન્ય સહજ સ્વયંભૂ સમાધિસ્થિત પરમકૃપાળુદેવ હાથનોંધ - ૨ - ૯ માં અધ્યાત્મમાર્ગને દર્શિત કરતાં લખે છે, "હે મુનિઓ ! જ્યાં સુધી કેવળ સમવસ્થાનરૂપ સહજ સ્થિતિ સ્વાભાવિક ન થાય ત્યાં સુધી તમે ધ્યાન અને સ્વાધ્યાયમાં લીન રહો. જીવ કેવળ સ્વાભાવિક સ્થિતિમાં સ્થિત થાય ત્યાં કંઈ કરવું રહ્યું નથી. જ્યાં જીવના પરિણામ વર્ધમાન, હીયમાન થયા કરે છે ત્યાં ધ્યાન કર્તવ્ય છે. અર્થાત્ ધ્યાન લીનપણે સર્વ બાહ્યદ્રવ્યના પરિચયથી વિરામ પામી નિજસ્વરૂપના લક્ષમાં રહેવું ઉચિત છે. ઉદયના ધક્કાથી તે ધ્યાન જ્યારે જ્યારે છૂટી જાય ત્યારે ત્યારે તેનું અનુસંધાન ઘણી ત્વરાથી કરવું. વચ્ચેના અવકાશમાં સ્વાધ્યાયમાં લીનતા કરવી. સર્વ પરદ્રવ્યમાં એક સમય પણ ઉપયોગ સંગ ન પામે એવી દશાને જીવ ભજે ત્યારે કેવળજ્ઞાન ઉત્પન્ન થાય." સાધકને આ વચનો અધ્યાત્મ માર્ગમાં પરમ શ્રેયરૂપ છે. પરિણમનની સોપાન પંક્તિ છે.

શ્રી પૂજ્યપાદ આચાર્ય 'સમાધિતંત્ર' ગ્રંથમાં અધ્યાત્મનો પરમોત્કૃષ્ટ બોધ આપે છે. આપણે શ્લોક ઓગણીશનો પૂર્વાર્ધ સમજવા અભ્યાસ કર્યો. તેમાં સમજાવ્યું કે હું બીજાઓથી કાંઈ શીખવવા યોગ્ય છું તથા બીજાઓને શીખવું અથવા શિષ્યાદિને અધ્યાત્મ ગ્રંથોનો અભ્યાસ કરાવું તે મારી ઉન્મત્તચેષ્ટા છે કારણ આ ભાવો થવા તે વિભાવભાવ છે. તે સર્વે વિકલ્પ છે તથા હું તો ખરેખર નિર્વિકલ્પક છું. તેથી કોઈ અન્ય વિકલ્પ કરણીય નથી (૧) બીજાથી હું કાંઈ શીખું (૨) અથવા બીજાને હું શીખવાડું - આ ભાવો ઉન્મત્ત ચેષ્ટા છે. પાગલપણું છે. હવે હું નિર્વિકલ્પક છું તે વિચારીએ.

૧. **यत् अहं निर्विकल्पकः** - વચન, વિકલ્પોથી અગ્રાહ્ય છું. શુદ્ધ, નિરંજન, જ્ઞાયક, ચૈતન્યમૂર્તિ વિકલ્પોથી અગ્રાહ્ય છે. સર્વ વિકલ્પોથી પાર આત્મસ્વરૂપ છે. વિભાવભાવોથી ભેદજ્ઞાન થતાં આત્મલીનતા સધાય છે.

શ્રી અમિતગતિ આચાર્ય 'સામાયિક પાઠ'માં પરમાત્મ તત્ત્વમાં સ્થિતિ થવા માટે લખે છે —

**सर्वं निराकृत्य विकल्पजालं, संसारकान्तारनिपात हेतुम्।**
**विवकतमात्मानमवेक्ष्यमाणो, नीलीयसे त्वं परमात्म तत्त्वे॥**

સંસારરૂપી ભયાનક જંગલમાં પટકવાના હેતુભૂત સર્વ વિકલ્પોને દૂર કરીને તારા આત્માને ભિન્ન અનુભવ. દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મથી ભિન્ન અનુભવ થતાં પરમાત્મ તત્ત્વમાં લીનતા ધારણ કરીશ. માટે ભેદજ્ઞાનની સાધના આત્માનુભવીને હોય છે.

પૂ. સોગાનીજીએ અંગત નોંધમાં વિકલ્પનો થાક તે વિષયે કહ્યું છે, "રાત્રે ઊંઘ સહજ ઓછી થઈ જાય છે કેમ કે સાચો આરામ તો સ્વરૂપમાં જ છે. તેથી તે તરફની એકાગ્રતામાં ઊંઘ સહેજે ઓછી થઈ જાય છે. જેને આખો દિવસ જે તે પ્રકારના વિકલ્પોનો થાક બહુ લાગે છે તેને આરામ માટે વિશેષ ઊંઘ આવે છે પરંતુ જેને આમ તેમ કરવાનું કર્તૃત્વ જ છૂટી ગયું છે તેને થાક લાગતો નથી. તેની ઊંઘ પણ ઓછી હોય છે. જેમ મુનિઓને અંતરની જાગૃતિને કારણે વિકલ્પોનો થાક નથી. તેથી ઊંઘ પણ ઓછી છે." વિકલ્પોની સ્થિતિનું દર્શન આ વચનોમાં સમજી શકાય છે.

શ્રી આચાર્ય પૂજ્યપાદસ્વામી તો કહે છે કે

અંતર વિચાર આવે છે કે હું બીજા પાસે અભ્યાસ કરું, બીજા પાસે શાસ્ત્ર ભણું. ઉપાધ્યાયજી પાસે વિશેષ જ્ઞાન છે માટે તેઓ પાસે અભ્યાસ કરું. આ વિકલ્પ પરમાત્મપદની પ્રાપ્તિમાં અવરોધક છે તથા શિષ્યાદિને હું શાસ્ત્રોનો અભ્યાસ કરાવું, જિજ્ઞાસુ મુમુક્ષુ છે માટે વ્યાખ્યાન કે સ્વાધ્યાયથી તેઓને અભ્યાસ કરાવું, જેથી તેઓ વિદ્યાસંપન્નતા પ્રાપ્ત કરે તે ખરેખર પાગલપણું છે. પોતાના સ્થાનમાં કે અન્ય સ્થાનમાં જઈને જિજ્ઞાસુને બોધ આપું, જેથી જૈનધર્મને પામે. એટલું જ નહિ, સત્યમાર્ગને પામે તો તેઓનું કલ્યાણ થાય માટે અન્યત્ર જઈને ઈષ્ટ ઉપદેશની પ્રભાવના કરું. આ વિકલ્પ ઉન્મત્તપણું છે. ખરેખર હું નિર્વિકલ્પ છું. તેમાં વિકલ્પને સ્થાન નથી.

એક વાર પૂ. સોગાનીજીને પ્રશ્નોત્તરીમાં એક વ્યક્તિએ પ્રશ્ન પૂછેલો - ''આપ જે વાત કરો છો કે વિકલ્પથી આત્મા સદા ભિન્ન જ છે એ પણ વિકલ્પ જ છે. આપની બધી વાત સાચી, પણ વિકલ્પ તૂટતો નથી.'' ઉત્તરમાં પૂ. સોગાનીજી કહે છે, ''વિકલ્પથી શા માટે ડરો છો ? તેને પણ તેની સત્તામાં રહેવા દો અને તમે તમારી ત્રિકાળ સત્તામાં રહો. વિકલ્પને તોડવા કરવા જશો તો તમારી ધ્રુવ સત્તાનો (શ્રદ્ધામાં) નાશ થશે.''

**अहं निर्विकल्पकः** - હું નિર્વિકલ્પ છું. વચનની કોઈપણ પ્રવૃત્તિથી અગ્રાહ્ય છું. **अहं निर्विकल्पकः**ની પ્રધાનતા આચાર્યદેવ દર્શાવે છે. આ શબ્દો સ્મરણમાં સહજ આવી જાય...

मनोबुद्धि अहंकार चित्तानि नाहं,
न च श्रोत्रं, जिह्वे न च घ्राणनेत्र;
न च व्योम भूमिर्न तेजो न वायुः
चिदानंदरूपः शिवोऽहं शिवोऽहं ॥
अहं निर्विकल्पो निराकाररुपो,
विभूर्व्याप्त सर्वत्र सर्वेन्द्रियाणाम्
सदा मे समत्वं न मुक्तिर्नबंधः
चिदानंदरूपः शिवोऽहं शिवोऽहं ॥

અર્થાત્ મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર હું નથી. આંખ, કાન, નાક, જીભ હું નથી. પૃથ્વી તેજ, વાયુ, આકાશ હું નથી. હું નિર્વિકલ્પ છું. હું નિરાકાર સ્વરૂપ છું. સર્વત્ર વ્યાપ્ત છું. સર્વ ઈન્દ્રિયોનો સ્વામી છું. સદા સમત્વભાવથી યુક્ત છું. મારામાં બંધ અને મુક્તિ નથી. હું જ્ઞાનસ્વરૂપ, શિવસ્વરૂપ છું. ખરેખર પરમાત્મ સ્વરૂપ નિર્વિકલ્પ છે. ત્યાં વિકલ્પને સ્થાન નથી.

દરેક દર્શન આત્મા-પરમાત્માને વિકલ્પાતીત સમજાવે છે. શ્રીનાનક, શ્રી કબીર નિરાકાર સ્વરૂપને દર્શાવે છે. શ્રી રામકૃષ્ણ પરમહંસ, શ્રી રમણ મહર્ષિ, શ્રી અરવિંદ ઘોષ અંતિમ સીમાએ નિરાકાર સ્વરૂપ બતાવે છે. ભક્તો નરસિંહ મહેતા, મીરાંબાઈ, એકનાથ, જ્ઞાનેશ્વર અંતિમ ચરણે નિરાકાર સ્વરૂપનો બોધ કરે છે. શ્રી સવાભગત, ભોજાભગત, દાસી જીવણ, રવિ સાહેબ, ભીમ સાહેબ વગેરે નિરાકાર સ્વરૂપને ભજનોમાં વ્યક્ત કરે છે.

**દૃષ્ટાન્ત :** કોઈ વિકલ્પ નહિ, માત્ર મૌન તેની ભાવપૂર્ણ પ્રેમકથા છે. પ્રેમિકા સ્વગૃહે છે. પ્રેમી તેને મળવા આવે છે. પ્રેમી - પ્રેમિકાનું ઘરનું બારણું ખખડાવે છે, જેથી બારણું ખુલી શકે. પ્રેમિકા પૂછે છે કે કોણ છે ? પ્રેમી કહે 'હું' છું. પ્રેમિકા બારણું ખોલતી નથી. પ્રેમી પાછો જાય છે. અમુક સમય વિરહભાવમાં પસાર કરે છે. પુનઃ આવે છે. ક્રિયા એ જ છે. બારણું ખખડાવે છે. પ્રેમિકા પૂછે છે કે કોણ છે ? જવાબ મળે છે 'તું' છે. પ્રેમિકા બારણું ઉઘાડતી નથી. પ્રેમી ફરી વિરહમાં તપે છે. વિચારણા કાંઈ ચાલતી નથી. માત્ર પ્રેમિકાના ભાવમાં સમય પસાર કરે છે. અમુક સમય પછી પુનઃ આવે છે. તે જ પ્રક્રિયા છે. બારણું ખખડાવે છે. પ્રેમિકા પૂછે છે કોણ છે ? પ્રેમીને કોઈ વિકલ્પ નથી. 'હું', 'તું' 'આપણે' કાંઈ નહિ. માત્ર મૌનભાવે ઊભો રહે છે. ભાવ મૌનદશામાં પ્રેમિકા આવે છે. બારણું ઉઘાડે

છે. બંને એકાત્મભાવ સાધે છે.

બાહ્યભાવમાં પણ નિર્વિચારની પ્રક્રિયા ઘટે છે ત્યારે પરમાત્માની સાક્ષાત્ અનુભૂતિની શું વાત થાય ? ત્યાં બાહ્યવાચા નથી, અંતરવાચા નથી, માત્ર હું નિર્વિકલ્પ છું એ અનુભવ માત્ર છે. આ દૃષ્ટિનું અપૂર્વ દર્શન આચાર્યશ્રી સમજાવે છે.

ભેદજ્ઞાનનો સિદ્ધાંત છે. ભેદજ્ઞાનથી આત્મા પ્રગટ અનુભવાય છે. ખરેખર ભેદજ્ઞાન તે એક વિકલ્પની ધારા છે. શરીરથી હું ભિન્ન છું. હું આત્મા છું. આઠ કર્મોથી ભિન્ન હું આત્મા છું. રાગદ્વેષ આદિ ભાવકર્મથી હું ભિન્ન આત્મા છું. તે ભાવકર્મથી ભિન્નતા બતાવે છે. હું માત્ર નિર્વિકલ્પ આત્મા છું. પણ ખરેખર આ સર્વ વિકલ્પની જાત છે. હું તે જાતથી ભિન્ન આત્મા છું. હવે ભેદજ્ઞાનને વિચારીએ.

ભેદ અને જ્ઞાન (ભેદ + જ્ઞાન) બે શબ્દ છે ભેદ અર્થાત્ બે તત્ત્વો વચ્ચે ભિન્નતા. તે તો ખરેખર વિકલ્પની દુનિયા છે. તો શું છે ખરેખર ? ભેદદૃષ્ટિ સાધકે કેળવી છે તેથી નોકર્મ, દ્રવ્યકર્મ અને ભાવકર્મથી ભેદ વિચારી તે જ્ઞાન કોનામાં છે - તરત ઉપયોગ જ્ઞાનવાન એવા જ્ઞાયક તરફ વળે છે. જે જ્ઞાને ભેદ સમજાવ્યો ત્યારે તે જ્ઞાનમાં ભેદપણાની છાંટ હતી. હવે તે જ્ઞાન ઉપયોગ જ્ઞાયક તરફ ઢળે છે તેથી જ્ઞાનમાં છાંટ જ્ઞાયકની હોય છે. જ્ઞાન જ્ઞાયકરૂપ થતાં ઉપયોગ અંદર ઢળતા બધા વિકલ્પો વિરામ પામે છે. નિર્વિકલ્પ જ્ઞાયકની અનુભૂતિ રહે છે. માત્ર નિર્વિકલ્પદશા.

આત્મસિદ્ધ શ્રી અમૃતચંદ્ર આચાર્ય સમયસાર ગ્રંથાધિરાજની ટીકા કરતા કળશ લખે છે. (ગાથા ૧૯૦-૧૯૧-૧૯૨ની ટીકામાં કળશ - ૧૩૧ છે.)

भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन ।
अस्यैवाभावतो बद्धा बद्धा ये किल केचन ॥ ॥१३१॥

અર્થાત્ જે કોઈ સિદ્ધ થયા છે તે ભેદવિજ્ઞાનથી સિદ્ધ થયા છે તથા જે કોઈ બંધાયા છે તે ભેદવિજ્ઞાનના અભાવથી બંધાયા છે. માટે ભેદવિજ્ઞાનની અદ્ભુતતા શાસ્ત્રમાં દર્શાવી છે.

અધ્યાત્મયોગી પરમકૃપાળુદેવના આ અમૃતવચનો છે,

"આ જીવ ને આ દેહ, એવો ભેદ જો ભાસ્યો નહીં,
પચખાણ કીધાં ત્યાં સુધી, મોક્ષાર્થ તે ભાખ્યાં નહીં;
એ પાંચમે અંગે કહ્યો, ઉપદેશ કેવળ નિર્મળો,
જિનવર કહે છે જ્ઞાન, તેને સર્વ ભવ્યો સાંભળો."

બાહ્યવિકલ્પ અને અંતર વિકલ્પથી પાર પામવાનું પરમ જ્ઞાન કે પરમદૃષ્ટિ આ વચનોમાં છતી થાય છે.

શ્લોક ઓગણીસમાં ઉત્તરાર્ધમાં અસ્તિત્વનો આહલેક છે. અસ્તિત્વનો ભાસ થાય છે કે 'હું નિર્વિકલ્પ છું' એવું વિકલ્પ વગર અનુભવે છે. હું નિર્વિકલ્પ છું - હું નિર્વિકલ્પ છું એવો અંતરજલ્પ તો વિકલ્પને છતું કરે છે. એનો તો શ્રી આચાર્યદેવે નિષેધ કર્યો છે. હું ભણું અને બીજાને ભણાવું તે તો પાગલચેષ્ટા છે. કારણ હું નિર્વિકલ્પ છું. તેમાં એ સમાઈ શકતું નથી. વિભાવની જાત અને સ્વભાવની જાત ભિન્ન છે. માત્ર નિર્વિકલ્પ દશા છે તે વસ્તુનું સ્વરૂપ છે. પદ્ય જોઈએ.

"બીજા ઉપદેશે મને, હું ઉપદેશું અન્ય;
એ સૌ મુજ ઉન્મત્તતા, હું તો છું અવિકલ્પ."
"સ્વરૂપ સમજાવું હું" મને હો ઉપદેશક,
ઉન્મત્ત મત એ મારો, આત્મા તો નિર્વિકલ્પક."

**- પૂ. બ્રહ્મચારીજી**

मैं योग्य शिष्य दलकी नित हूँ पढाता ,
या ज्ञानको सुगुरु से सहसा बढाता ।
उन्मत्त-सी यह यहाँ मम मात्र चेष्टा,
मैं निर्विकल्प, मम निश्चय से न चेष्टा ॥

**- પૂ. વિદ્યાસાગરજી મહારાજ**

**(ક્રમશઃ)**

● ● ●

# શ્રી આનંદઘન ચોવીશી

અશોકભાઈ પી. શાહ

(ગતાંકથી ચાલુ...)

## શ્રી નેમિનાથ જિન સ્તવન

આઠ ભવોથી પોતાના સ્વામી તરીકે જેમનો પ્રેમ મળ્યો હતો તેવા નેમકુમાર જ્યારે વૈરાગ્ય પામી, લગ્નનો વિચાર માંડીવાળી સર્વસંગ-પરિત્યાગ તરફ ડગ માંડે છે, ત્યારે આ ભવે પણ પોતાના ભરથાર કરવાના કોડ રાખી બેઠેલા રાજેમતી તેનો શોક જીરવી શકતા નથી અને તે મોહદશામાં તેઓ નેમકુમારને વિવિધ પ્રકારના વેણ સંભળાવે છે, જેમાં ક્યારેક વિનંતી છે તો ક્યારેક ફરિયાદ તો ક્યારેક લૌકિક તર્કો, જે આપણે ગત અંકમાં કેટલીક ગાથાઓમાં જોયું. અહીં એ ન ભૂલવું જોઈએ કે તીર્થંકરના જીવ સાથે આઠ ભવો સુધી પત્ની કે દેવીરૂપે ભવ મળવા તે સૂચવે છે કે રાજેમતી મહાન ધર્માત્મા હશે એમાં કોઈ શંકાને સ્થાન નથી. પરંતુ આનંદઘનજી એક ભક્તકવિ છે. તેથી પોતાની કલ્પનાનો દોર છૂટો મૂકી રાગયુક્ત દશામાં કોઈપણ જીવ કેવા કેવા ઉલટપુલટ પરિણામ કરી શકે તેનો માત્ર નિર્દેશ કરવા માગતા હોય એવું લાગે છે.

રાજેમતી હજુ પણ વિવિધ તર્કો કરી કઈ રીતે નેમકુમારને રીઝવવા મથે છે, તે આગળ જોઈએ. (અમુક ગાથાઓના શબ્દો સરળ હોવાથી ત્યાં શબ્દાર્થ છોડીને માત્ર ભાવાર્થ આપ્યા છે.)

**જો મનમાં એહવું હતું રે, નિસપત કરત ન જાણ; મ૦**
**નિસપત કરીને છાંડતા રે, માણસ હુવે નુકસાન. મ૦૮**

**ભાવાર્થ :** હે મારા મનના વહાલા ! જો આપના મનમાં પહેલેથી જ એવું નક્કી થઈ ચૂક્યું હતું કે મારે લગ્ન કરીને સંબંધ (નિસપત) બાંધવો નથી, તો પછી જાણી જોઈને આમ સગાઈનો સંબંધ બાંધી પછી તેને છોડી દેવો, ત્યાગી દેવો તે જરાપણ યોગ્ય નથી. તેનાથી સામા માણસને કેટલું માનસિક નુકસાન થાય છે એનો પણ તમે ખ્યાલ ન કર્યો ? ખાસ કરીને જ્યારે સગાઈ તૂટે ત્યારે કન્યાને આબરૂ જવી, માનભંગ આદિ ઘણું નુકસાન થાય છે એવો જગતનો વ્યવહાર છે. તેમાં પણ આપણા ભવોભવના સંબંધને આમ ક્ષણવારમાં છોડી દો ત્યારે મને કેટલું નુકસાન, કેટલી વ્યથા થાય તેનો તો વિચાર કરી આપ પાછા વળો !

**દેતાં દાન સંવત્સરી રે, સહુ લહે વાંછિત પોષ; મ૦**
**સેવક વાંછિત નવિ લહે રે, તે સેવકનો દોષ. મ૦૯**

**શબ્દાર્થ :** આપ જ્યારે સંવત્સરી દાન, વરસીદાન આપશો ત્યારે સૌને તેમની ઈચ્છા પોષાય તે પ્રમાણે દાન મળે છે. પણ આ સેવકને તેની ઈચ્છા પ્રમાણે નહીં મળે, તેમાં આ સેવકનો જ દોષ લાગે છે. (સંવત્સરી દાન = તીર્થંકર ભગવાન દીક્ષા લીધા પહેલાં લોકોને સોનામહોર આદિ ઈચ્છિત વસ્તુનું દાન કરે છે તે વરસીદાન; વાંછિત = ઈચ્છા, વાંછના, પ્રમાણે ; પોષ = સંતોષ થાય તેટલું, પોષાય તેટલું)

**ભાવાર્થ :** રાજેમતીની ભાવદશા હવે અહીં થોડી પલટાય છે. પોતાને નેમનાથની 'સેવક' કહે છે તેથી પહેલીવાર, બોલવામાં દાસત્વભાવ આવ્યો અને બીજું, જે અગાઉ ફરિયાદી વલણથી સ્વામીનો દોષ જોવાની દૃષ્ટિ હતી ત્યાં હવે પોતાના દોષ તરફ દૃષ્ટિ જાય છે. તેમ છતાં તેમાં પ્રભુ થોડો પક્ષપાત કરે છે એવી ફરિયાદનો અંશ દેખાય છે. કહે છે કે,આપ તો તીર્થંકર પદ માટે હવે નીકળ્યા છો તો એક વર્ષ સુધી સોનામહોર આદિ દાન કરી

સૌને મનવાંછિત, સૌની ઇચ્છા પોષાય, તૃપ્ત થાય તેવું અલૌકિક સંવત્સરી દાન કરશો. (એમ કહેવાય છે કે ભગવાનનું આ અતિશય યુક્ત, દેવકૃત દ્રવ્યદાન સહજ રીતે ભવ્ય જીવોના હાથમાં જ જાય છે, અભવ્યના હાથમાં જતું નથી. તે દાન આવ્યા પછી તે જીવોને અધિક મેળવવાની લોલુપતા થતી નથી અને તે જીવો પરમ સંતોષનો અનુભવ કરે છે. એવો તે સંવત્સરી દાનનો અતિશય છે.)

રાજેમતી કહે છે કે આવા અતિશયયુક્ત દાનમાં જ્યારે સર્વને મનવાંછિત વસ્તુ મળે છે ત્યારે આપની આ દાસીની એકમાત્ર ઇચ્છા કે આપ મારા પતિ પરમેશ્વર બનો, તે તો પૂર્ણ થતી નથી. બધાને ઇચ્છિત વસ્તુ મળે અને મને જ એકને ન મળે તે શું આપના દાનની ખામી ન ગણાય ? પણ વધુ વિચારતા મને લાગે છે કે આપના દાનમાં તો કોઈ ખામી ન જ હોય. આમાં તો આ દાસીનો, આપના સેવકનો જ કંઈક લાભાંતરાય કર્મ જેવો દોષ લાગે છે, જેથી મને મારી ઇચ્છા પ્રમાણે મળતું નથી. આટલું વિચારે છે ત્યાં તો ફરીથી મોહભાવની પકડમાં આવતા, નેમકુમાર તરફ થોડી દોષદૃષ્ટિ ઊભી થાય છે અને કહે છે :

**સખી કહે એ શામળો રે, હું કહું લક્ષણ સેત; મ૦**
**ઇણ લક્ષણ સાચી સખી રે, આપ વિચારો હેત. મ૦૧૦**

**શબ્દાર્થ :** મારી સખીઓ કહેતી હતી કે એ (નેમકુમાર) શ્યામવર્ણી છે અને હું કહેતી કે તે શ્વેત લક્ષણવાળો છે. પણ હવે સખીઓએ કહેલું લક્ષણ સાચું લાગે છે એમ તેનું કારણ વિચારતાં આપને પણ સત્ય લાગશે. (શામળો = શ્યામ વર્ણવાળો; સેત = શ્વેત, સફેદ, નિર્મળ; ઇણ = આ; હેત = હેતુ, કારણ)

**ભાવાર્થ :** પોતાના વિવિધ તર્કોને નેમપ્રભુ બહુ ગણકારતા નથી એમ જાણી રાજુલદેવી હવે સખીઓની વાતનો આશ્રય લઈ નેમનાથના નિર્ણયને ઢીલો પાડવાની કોશિશ કરે છે. કહે છે કે સગાઈ વખતે જ મારી સખીઓએ વ્યંગ કરતાં આપનું લક્ષણ બતાવતાં એમ કહ્યું હતું કે તારો પતિ તો શ્યામવર્ણવાળો છે. (તેમના પિતરાઈ ભાઈ શ્રીકૃષ્ણ શ્યામ હતા તે વાત તો પ્રચલિત છે. યાદવકુળમાં બધા શ્યામવર્ણી હશે એવું અનુમાન બાંધી શકાય. તેમ નેમનાથ પણ શ્યામવર્ણી હતા.) અહીં સખીઓનો કહેવાનો ભાવાર્થ એમ પણ હતો કે જેનું શરીર શ્યામ હોય તેનું હૃદય પણ કાળું, માયાચારી હોઈ શકે. પણ હે મનરાવાલા, હું હંમેશાં આપનો પક્ષ લઈ કહેતી કે મારા પતિ ભલે શરીરથી શ્યામ હોય પણ હૃદયથી, મનથી શ્વેત લક્ષણવાળા અર્થાત્ ઉજ્જવળ, નિર્મળ, કપટરહિત અને પવિત્ર છે એવો મને વિશ્વાસ છે. પરંતુ હવે જે રીતે આપ મને ઠુકરાવી રહ્યા છો તે જોતાં મારી ધારણા ખોટી પડી છે, અને 'શ્યામ લક્ષણ'વાળી વાતમાં હવે સખીઓ મને સાચી લાગે છે. 'શ્યામ' કહેવાનો હેતુ જો આપ વિચારશો તો આપને પણ મારી સખીઓની વાત સત્ય જણાશે કે સગાઈ કરીને તોડી નાખવી તે તો મનની મલિનતા, અંતરંગની શ્યામળતા સૂચવે છે.

માટે હે પ્રાણનાથ ! હજુ કંઈ મોડું થયું નથી. આપ મને ગ્રહણ કરો અને મારી સખીઓને બતાવી આપો કે આપનું અંતઃકરણ તો શ્વેત, શુદ્ધ, કપટરહિત કરુણાવંત જ છે !

મોહથી આવરિત થયેલી રાજુલની વિચારધારા નેમપ્રભુ સર્વોત્કૃષ્ટ શ્વેતવર્ણી કેવળજ્ઞાનરૂપ સંપૂર્ણ આત્મશુદ્ધિને પામવા જ જઈ રહ્યા છે તે વાત ભૂલી જાય છે અને તેથી હવે બીજો તર્ક રજૂ કરે છે.

**રાગીશું રાગી સહુ રે, વૈરાગી શ્યો રાગ; મ૦**
**રાગ વિના કિમ દાખવો રે, મુક્તિ સુંદરી માગ. મ૦૧૧**

**ભાવાર્થ :** હે પ્રાણનાથ ! જે જીવ રાગી હોય તેની સાથે જ સૌ રાગ કરે એવો જગતનો વ્યવહાર હોય છે. પણ તમારા જેવા વૈરાગી સાથે કઈ રીતે રાગ કરી શકાય, એ મોટો પ્રશ્ન છે. વૈરાગી પ્રત્યેનો રાગ એકતરફી હોવાથી નિષ્ફળ જ નિવડે. પણ તમે વૈરાગી છો એમ હું ચોક્કસ કહી શકું એમ નથી. કારણ કે જો આપને કોઈ પ્રત્યે રાગ ન હોય, તો મુક્તિસુંદરી પ્રત્યે કેમ રાગ બતાવો છો ? અને વળી તે મુક્તિસુંદરીને મેળવવાનો માર્ગ (માગ) પણ તમે સૌને બતાવો છો. તમે જો ખરેખર વૈરાગી હો તો મુક્તિસુંદરી પ્રત્યેનો રાગ પણ ન ઘટે ! અને જો તે રાગ કરવો જ હતો તો મારામાં શું ખોટ હતી ? તમારી આ જન્મોજનમની સાથી સાથે જ તો પછી રાગ કરવામાં શું વાંધો આવ્યો ?

આનંદઘનજીની કાવ્યાત્મક કલ્પના મીઠા તર્કો રજૂ કરી મોહથી ઘેરાયેલા જીવના ભાવો જ વ્યક્ત કરે છે. ખરેખર તો મુક્તિસુંદરીની વાત કરી તેઓ નેમનાથ પ્રભુ પૂર્ણ વીતરાગ થવાના છે એ જ સૂચન કરે છે, કારણ કે મુક્ત એટલે જ પૂર્ણ વીતરાગી જ્ઞાનાનંદમય કૈવલ્યદશા. રથ પાછો ફેરવી લગ્ન કરવા માટે રાજેમતી એક વધુ ઓલંભડો આપે છે તે જોઈએઃ

**એક ગુહ્ય ઘટતું નથી રે, સઘલોઈ જાણે લોક; મ૦**
**અનેકાંતિક ભોગવો રે, બ્રહ્મચારી ગત રોગ. મ૦૧૨**

**શબ્દાર્થ :** (ગુહ્ય = ગુપ્ત વાત; સઘલોઈ = સર્વ, બધા, સઘળા; ગત = વીતી ગયેલો.)

**ભાવાર્થ :** પ્રભુને મેરુ સમાન અડગ જોઈ રાજેમતી હવે મુક્તિસુંદરીની વાત બાજુએ મૂકી અનેકાંતદષ્ટિને સ્ત્રીરૂપે મૂકી પ્રભુને ચલિત કરવાનો એક વધુ પ્રયત્ન કરે છે. કહે છે કે હે મનરાવાલા ! એક વાત તો ગુપ્ત રાખવા છતાં રહી શકે તેવી નથી અને વળી તે વાત સર્વ લોકોમાં પ્રસિદ્ધ છે કે આપને ભલે અબ્રહ્મનો રોગ જતો રહ્યો છે અને સ્ત્રી પ્રત્યેના રાગરહિત, બ્રહ્મમાં રમનારા બ્રહ્મચારી તરીકે આપ ઓળખાઓ છો, પરંતુ લોકો એ પણ જાણે છે કે આપ અનેકાંતિકરૂપ સ્ત્રીને તો ભોગવો છો !

આ વાત તો સુવિદિત છે કે સર્વ જ્ઞાનીપુરુષો અનેકાંતદષ્ટિનો આશ્રય કરીને જ એકાંતદષ્ટિયુક્ત પરમાત્મપદને પામ્યા છે પણ રાજુલ દેવી તે અનેકાંતદષ્ટિને પણ સ્ત્રીરૂપે બતાવી પ્રભુને અનેકાંતદષ્ટિ પ્રત્યે રાગ છે એવું બતાવવાનો વ્યર્થ પ્રયત્ન કરી રહ્યાં છે. હવે પ્રભુને રીઝવવા એક છેલ્લો પાસો ફેંકે છે.

**જિણ જોણી તુમને જોઉં રે, તિણ જોણી જોવો રાજ; મ૦**
**એક વાર મુજને જુઓ રે, તો સીઝે મુજ કાજ. મ૦૧૩**

**ભાવાર્થ :** જે દષ્ટિએ (જિણ જોણી) હું આપને જોઉં છું તેવી જ દષ્ટિએ (તિણ જોણી) આપ મને જુઓ તો મારું વાંછિત કાર્ય સિદ્ધ થશે (સીઝે મુજ કાજ). રાજેમતીનું વાંછિત કાર્ય તો પ્રભુને યેનકેન પ્રકારે મનાવી, દીક્ષા લેવા જતાં રોકી પોતાના સ્વામી બનાવવાનું છે. તેમને આશા છે કે જો એકવાર મારી સામે જોશે તો મારા અનુપમ સૌંદર્યથી પ્રભાવિત થઈ નેમકુમાર દીક્ષાનો વિચાર માંડી વાળી મારી સાથે લગ્ન કરશે. પરંતુ નેમકુમાર સંસારના પ્રલોભનોને ભલીભાંતિ જાણી ગયા છે. અને તેથી સંસારથી આત્યંતિક નિર્વેદ પામી અનંત સુખના માર્ગે જવા દઢ નિશ્ચયી થયા છે. એટલે રાજેમતીના સર્વ ભાવ જાણતાં છતાં તેની ઉપેક્ષા કરી સંયમ માર્ગે આગળ વધે છે.

નેમપ્રભુનો આવો દઢ નિર્ધાર હવે રાજુલદેવીની ભાવદશામાં કેવો પલટો લાવે છે, તે આપણે યથા અવસરે જોઈશું. **(ક્રમશઃ)**

**મને આ મત કે તે મતની માન્યતા નથી, પણ રાગદ્વેષરહિત થવાના પરમાકાંક્ષા છે; અને તે માટે જે જે સાધન હોય, તે તે ઇચ્છવાં, કરવાં એમ માન્યતા છે; અને એ માટે મહાવીરનાં વચન પર મને પૂર્ણ વિશ્વાસ છે. (- પત્રાંક-૪૦)**

# શ્રી ભક્તામર સ્તોત્ર

**(ક્રમાંક - ૧૨)**

મહેન્દ્રભાઈ કે. ખંધાર

## પ્રભુના લોકોત્તર ગુણો - અલૌકિકતા

● **મૂળ શ્લોક : ગાથા - ૧૮** (વસંતતિલકા)


**नित्योदयं दलितमोहमहान्धकारं,**
**गम्यं न राहुवदनस्य न वारिदानाम् ।**
**विभ्राजते तव मुखाब्जमनल्पकान्ति,**
**विद्योतयज्जगदपूर्वशशांकबिम्बम् ॥१८॥**

● **શબ્દાર્થ :** नित्य - રાત્રિ-દિવસ, उदयं - જે ઉદય પામે છે, ઉદિત રહે છે, दलित - નાશ કરેલ છે, मोहमहान्धकारं - મોહરૂપી મહાન અંધકારનો, गम्यं - જવા યોગ્ય, આક્રમણને યોગ્ય, પરાભવ થવા યોગ્ય, न - નહિ, राहुवदनस्य - રાહુના મુખથી, वारिदानाम् - વાદળાઓથી, विभ्राजते - શોભે છે, तव - તારું (હે ભગવાન ! તમારું), मुखाब्जम् - મુખકમલ, મુખમંડલ, अनल्पकांति - અત્યંત કાંતિવાળું, विद्योतयत् - વિશેષપણે પ્રકાશતું, जगत् - વિશ્વને, अपूर्व - અલૌકિક એવું, शशांकबिंब - ચંદ્રમંડલ.

● **સમશ્લોકી અનુવાદ** (મંદાક્રાંતા) :

**શોભે રૂડું મુખ પ્રભુતણું મોહ જેનાથી થાકે,**
**જેને રાહુ પણ નવ ગ્રસે વાદળાંઓ ન ઢાંકે;**
**શોભે એવો મુખશશી અહા ! હે પ્રભુ ! આપ કેરો,**
**જે દીપાવે જગત સઘળું, ચંદ્ર જાણે અનેરો. (૧૮)**

● **ભાવાર્થ :** (હે ભગવાન !) તમારું મુખકમળ અલૌકિક ચંદ્ર જેવું શોભે છે; કારણ કે તે નિત્ય ઉદયમાન રહે છે, મોહરૂપી મહાઅંધકારનો નાશ કરનારું છે, અત્યંત કાંતિવાળું છે, જેને રાહુ કદાપિ ગ્રસી શકતો નથી, વાદળાઓ જેને આવરી શકતા



નથી અને ત્રણ જગતને વિશેષપણે પ્રકાશિત કરનારું છે.

● **વિશેષાર્થ / પરમાર્થ :** શ્રી માનતુંગાચાર્યે ૧૩મા શ્લોકમાં કહ્યું કે, હે પ્રભુ ! તમારા મુખને લૌકિક ચંદ્રની ઉપમા આપવી યોગ્ય નથી, કારણ કે તે (૧) કલંકયુક્ત (કાળા ડાઘાવાળો) અને (૨) દિવસે સૂકા પાંદડા જેવો ફિક્કો થઈ જાય છે. વળી, લૌકિક ચંદ્ર (૩) ઉદય - અસ્તવાળો છે, (૪) માત્ર સામાન્ય અંધકારનો નાશ કરે છે, (૫) પૂર્ણિમા પછી તેની કાંતિ ઓછી થતી જાય છે, ચંદ્રની કળામાં વધઘટ થાય છે, (૬) રાહુ તેને ગળી જાય છે (ચંદ્રગ્રહણ), (૭) તે વાદળાઓથી ઢંકાઈ જાય છે, (૮) વિશ્વના

અમુક જ ભાગને પ્રકાશે છે અને (૯) મર્યાદિત સમયે જ પ્રકાશ આપે છે.

જ્યારે તમારો મુખરૂપી ચંદ્ર, (૧) ડાઘા વગરનો, (૨) દિવસ-રાત પૂર્ણ કાંતિવાળો, (૩) નિત્ય ઉદિત રહે છે, (૪) મોહરૂપી મહા અંધકારનો નાશ કરે છે, (૫) સદા પૂર્ણિમા જેમ પૂર્ણ કાંતિવાળો, પ્રભુની વીતરાગતા સતત એકસરખી રહે છે, (૬) રાહુથી ગળી જવાતો નથી, (૭) વાદળોથી પરાભવ પામતો નથી, (૮) સમસ્ત વિશ્વને એક સાથે પ્રકાશે છે અને (૯) કોઈ મર્યાદા વિના સદાય પ્રકાશ આપે છે. તેથી તમારા મુખકમળને અલૌકિક ચંદ્રમાની ઉપમા આપવી યોગ્ય જ છે.

ચંદ્રનું મુખ્ય કાર્ય સૂર્યની ગેરહાજરીમાં પથરાયેલા અંધકારને ઓછો કરવાનું છે અને શીતળતા પ્રસારી ચંદ્ર તે કામ કરે છે. આથી ચંદ્ર લોકપ્રિય બન્યો છે. પ્રભુનો મુખરૂપી ચંદ્ર પણ જીવોના રાગ-દ્વેષ-મોહ-અજ્ઞાનરૂપી અંધકાર દૂર કરે છે અને એવી સૌમ્યતાથી કરે છે કે પ્રભુનું દર્શન-સ્તવન કરનારના હૃદયમાં આનંદ અને આહ્લાદ ફેલાઈ જાય છે. ચંદ્રની શીતળતાથી લોકો મોહ પામે છે અને રાગી બને છે, જ્યારે પ્રભુની શીતળતા-સૌમ્યતામાં મગ્ન બનેલા લોકો નીરાગી બનતા જાય છે. ચંદ્રની શીતળતામાં લોકોની વૃત્તિમાં ચંચળતા પ્રવેશે છે અને રાગી અવસ્થા વધે છે, જ્યારે વીતરાગી પરમાત્માનું ધ્યાન કરનારની વૃત્તિઓ ઉપશમ પામતી જાય છે અને નીરાગીપણું આવતું જાય છે. જેમ ચંદ્રના તેજથી શીતળતા છવાઈ જનોને આનંદ મળે છે, તેમ પ્રભુના મુખરૂપી ચંદ્રથી ગુણો ખીલતા શીતળતા છવાઈ આત્માનંદ પ્રાપ્ત થાય છે. વ્યવહારથી પ્રભુનું મુખકમળ છે અને નિશ્ચયથી તેમની અંતરંગ દશા છે.

શ્લોક ૧૬-૧૭-૧૮માં શ્રી માનતુંગાચાર્યે જ્ઞાન-દર્શન-ચારિત્રને ગૂંથી લીધા છે. શ્લોક ૧૬માં પ્રભુના જ્ઞાનને દીવા સાથે સરખાવ્યું છે. જ્ઞાન થવાથી હેય-ઉપાદેયનો વિવેક જીવને પ્રગટે છે અને સાર-અસારને જાણે છે. જેમ દીવાથી દોરીમાં સર્પની ભ્રાંતિનું નિરાકરણ થાય છે તેમ જ્ઞાનથી દેહમાં આત્મબુદ્ધિની ભ્રાંતિ (દેહાધ્યાસ)નું નિરસન થાય છે. શ્લોક-૧૭માં, પ્રભુના તેજને સૂર્ય સાથે સરખાવેલ છે. સૂર્ય વસ્તુનું સ્પષ્ટ દર્શન કરાવે છે. સૂર્યના તેજમાં અનિષ્ટ ગંદકી, હવાની અશુદ્ધતા વગેરે જાય છે તેમ પ્રભુના તેજરૂપી સૂર્યથી અજ્ઞાન અને કર્મોનો નાશ થઈને સ્વાત્માનું સાચું દર્શન થાય છે. અહીં (શ્લોક ૧૮) પ્રભુના મુખકમળને અલૌકિક ચંદ્ર કહીને ચારિત્રની વાત કરે છે. શીતળ ચાંદનીમાં જેમ બધું સુંદર જણાય છે તેમ પ્રભુના મુખરૂપી ચંદ્રથી સાચું દર્શન પામ્યા પછી જીવ પોતાના ગુણો ખીલવવા પુરુષાર્થી થઈને ચારિત્રનો વિકાસ કરે છે. પરિણામે તેના જીવનમાં અનેક ગુણો પ્રગટતા આત્મામાં શીતળતા પ્રસરીને ચારિત્રની ચાંદની ફેલાઈ જાય છે.

આ શ્લોક (૧૮)માં મોહરૂપી મહાઅંધકારને દૂર કરીને નિત્ય ઉદયમાનની જે વાત કરી છે તે પરમાર્થથી તીર્થંકર ભગવંતોના 'યથાખ્યાત ચારિત્ર'ની વાત છે. ચંદ્રના ઉદયની જેમ સિદ્ધાંતમાં ચારિત્રનો પણ 'ઉદય' કહેવાય છે. મોહનીય કર્મની પ્રકૃતિઓ જેમ જેમ ઉપલા ઉપલા ગુણસ્થાનકે ખપતી જાય તેમ તેમ ચારિત્રરૂપી ચંદ્રમાની વધુને વધુ કળાઓ ખીલતી જાય અને મોહનીય કર્મની ૨૮ પ્રકૃતિઓનો સંપૂર્ણ ક્ષય થતાં, કેવળજ્ઞાન પ્રગટવાની સાથે જ પૂર્ણિમાના ચંદ્રની જેમ યથાખ્યાત ચારિત્ર પણ સોળેકળાએ ઉદયમાન થાય છે અને એક વાર ઉદયમાં આવ્યા પછી કદાપિ જતું નથી. તેથી અહીં માનતુંગાચાર્યે 'નિત્યોદયં' કહ્યું. ચારિત્રની માફક જ્ઞાન અને દર્શન 'ઉદય પામ્યા' કહેવાતા નથી પણ જ્ઞાન 'પ્રગટ્યુ' અને દર્શન 'થયું' એમ જૈન દર્શનમાં

પરંપરાથી કહેવાય છે. આથી પણ અત્રે પ્રભુના ચારિત્રની જ વાત કહેવામાં આવે છે તેમ લેવું સાર્થક છે. ક્રોધાદિ કષાયોનો સંપૂર્ણ ક્ષય થવાથી તીર્થંકર ભગવંતનો આત્મા હવે અત્યંત શીતળીભૂત થઈને પરમ શાંતિ અનુભવે છે અને પછી તેના પ્રભાવથી અન્ય જીવોને પણ શાંતિ પમાડે છે એવો અવર્ણનીય યથાખ્યાત ચારિત્રનો પ્રભાવ છે.

એ નોંધપાત્ર છે કે શ્લોક ૧૭-૧૮માં જે ચાર મુખ્ય ખામીઓ સૂર્ય અને ચંદ્રમાં માનતુંગાચાર્યે જણાવી (અસ્ત, રાહુ, વાદળાઓ અને સીમિત ક્ષેત્ર) તે ખામીઓ પ્રભુના ગુણો (કેવળજ્ઞાન આદિ)માં નથી અને તે ખામીઓની ગેરહાજરી અનુક્રમે ચારે ઘાતી કર્મો (જ્ઞાનાવરણીય, મોહનીય, અંતરાય અને દર્શનાવરણીય)નો ક્ષય દર્શાવે છે.

પૂ. કાનજી સ્વામી કહે છે કે આ વીતરાગ ભગવંતની ભક્તિ છે. ભક્ત જ્યાં જુએ ત્યાં ભગવાનનો જ મહિમા દેખે છે. આકાશમાં સૂર્ય-ચંદ્ર દેખતા તેને સર્વજ્ઞ ભગવાન યાદ આવે છે. અંદરમાં ભગવાનને દેખે છે ને બહારમાં ય ભગવાનને જ દેખે છે. ભગવાનની ભક્તિના રંગમાં સંસાર ભૂલાઈ જાય છે. રાગ કે સ્વર્ગ તો યાદ પણ આવતા નથી. બસ, કેવળજ્ઞાન અને ભગવાનપણું જ અંદરમાં ઘૂંટાય છે. જરાક રાગ (પ્રશસ્ત) હોવા છતાં વીતરાગ ભાવ તરફનું જોર ઉછળે છે.

લોકો ભગવાનને ઓળખતા નથી. ભગવાન તો પરમ શાંત વીતરાગ છે, સર્વજ્ઞ છે, જેને સ્ત્રી-રાગ-હથિયાર કે ભૂખ-તરસ-રોગ નથી. ભગવાનના આવા સાચા સ્વરૂપને જાણે તો અંદરના ભગવાન-સ્વ આત્માની ઓળખાણ થાય. ભગવાનના સ્વરૂપને ઓળખવામાં જે ભૂલ કરે તે પોતાના આત્માના સાચા સ્વરૂપને જાણી શકે નહીં. ભગવાનને તો તેમના ભક્ત, સાધક, મુમુક્ષુ કે ધર્માત્મા જ ઓળખે. એક રાજા પણ તેની પુણ્ય પ્રકૃતિથી કેવો શોભે છે ! તો ત્રણ લોકના નાથ તીર્થંકર, ધર્મ ચક્રવર્તીના મહિમાની શી વાત ! તેમના અંતરમાં સર્વજ્ઞતાનો અતીન્દ્રિય વૈભવ અને બહારમાં ધર્મસભા (સમવસરણ)નો દિવ્ય વૈભવ : જ્યાં આકાશમાંથી વિમાનોમાં ઈન્દ્રો ઉતરતા હોય ને પ્રભુચરણે નમતા હોય, કેવળી અને ગણધરોની હાજરી હોય, મુનિવરો પ્રભુની સ્તુતિ કરતા હોય, સિંહ-વાઘ જેવા તિર્યંચો શાંત થઈને પ્રભુનું મુખ જોતા હોય, રત્નોની વૃષ્ટિ થતી હોય, અનેક જીવો સમ્યગ્ દર્શન - જ્ઞાન - ચારિત્ર પામતા હોય, ૧૨-૧૨ જોજન સુધી રોગ-મરિ-દુર્ભિક્ષ-શોક ન હોય, દિવ્ય પુષ્પવર્ષા સાથે દેવ દુંદુભિના મધુર સ્વર લહેરાતા હોય...

ભગવાનનો આવો અચિંત્ય મહિમા જેના અંતરમાં બેસે તેના અહોભાગ્યની શી વાત ! એ તો જાણે મોક્ષના દરબારમાં આવ્યો ! ભવ્ય જીવો પ્રભુના મુખ પરથી તેમના ગુણો પર દૃષ્ટિ લઈ જાય છે અને પ્રભુના દર્શન માત્રથી તેમના વિકાર શમીને છૂટી જાય છે. ભગવાનના દર્શન કરવાના ભાવ થાય તે ભવ્ય જીવ મોક્ષમાર્ગે છે. ભગવાનને (અને તેમની મૂર્તિને) જોઈને ભવ્ય જીવો ભેદજ્ઞાન કરે છે. ચૈતન્યની પૂર્ણ પવિત્રતા સાથેનું પુણ્ય પણ જગતને માટે આશ્ચર્યકારી છે, પણ ભવ્ય ધર્મી જીવ તો તેમાં પણ ચૈતન્યતત્ત્વની જ મહત્તાને જુએ છે. પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું તેમ "આત્માથી સૌ હીન."

હે પ્રભુ ! ચંદ્રના ઉદયથી સૂર્યમુખી કમળ તો સંકોચાય છે, જ્યારે આપના મુખચંદ્રના દર્શનથી ભવ્ય જીવોના આત્મકમળ ખીલી ઉઠે છે. આપની ભક્તિથી અમને સાધકભાવરૂપ જે સમ્યક્જ્ઞાન કળા ખીલી છે તે પણ હવે સંકોચાશે નહિ, પરંતુ વૃદ્ધિ પામીને પૂર્ણ થઈને આપના જેવા પરમાત્મપદને પરંપરાએ પામશે.

શ્રી ભક્તામર સ્તોત્ર ગુણસ્તુતિ છે. નામ

**(અનુસંધાન પાના નં. ૧૧ પર...)**

# સામાયિક વ્રત
(ક્રમાંક - ૪)

**નિરૂપમાબેન ડગલી**

સામાયિક વ્રત દરમ્યાન શું ન કરવું જોઈએ ?

૧. સામાયિક વ્રતના પચ્ચક્ખાણ લીધા પછી અઢાર પાપસ્થાનકનું સેવન ન કરવું જોઈએ.

૨. પાંચ અતિચારનું સેવન ન કરવું જોઈએ.

૩. આર્ત્તધ્યાન - ૪ પ્રકારના અને રૌદ્રધ્યાન - ૪ પ્રકારના છે તેનો ત્યાગ કરવો જોઈએ.

૪. દસ મનના, દસ વચનના અને બાર કાયાના એ બત્રીસ દોષને ટાળવા જોઈએ.

૫. ચાર સંજ્ઞાઓ અને ચાર વિકથાનો ત્યાગ કરવો જોઈએ.

૬. રાગ-દ્વેષને ટાળીને સમભાવપૂર્વક સામાયિક કરવી જોઈએ.

"નહીં રાગ અથવા દ્વેષરૂપ, વિકાર જન્મે જેહને,
સ્થાયી સામાયિક તેહને, ભાખ્યું શ્રી કેવળી શાસને."

**- નિયમસાર-ગાથા-૧૨૮**

સામાયિકનું સાચું સ્વરૂપ કેવું હોય તેનું વર્ણન આચાર્યશ્રી કુંદકુંદાચાર્યે નિયમસાર ગાથા નં. ૧૨૫ થી ૧૩૩ સુધી કર્યું છે. જિજ્ઞાસુએ તે શાસ્ત્ર વાંચવું.

પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીએ મોક્ષમાળા શિક્ષાપાઠ - ૩૭ અને ૩૮માં મન, વચન, કાયાના ૩૨ દોષોનું વિવેચન કર્યું છે.

ચાર સંજ્ઞાઓ અને ચાર વિકથાનું વિસ્તારથી વર્ણન ઠાણાંગ સૂત્રમાં કરેલ છે. ગાથા - ૧૯૬માં ચાર સંજ્ઞા કહી છે.

**સંજ્ઞાની વ્યાખ્યા :** અશાતાવેદનીય અને મોહનીય કર્મના ઉદયથી ઉત્પન્ન થવાવાળા વિકારયુક્ત ભાવને સંજ્ઞા કહે છે. તેના ચાર ભેદ છે - આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા, પરિગ્રહસંજ્ઞા.

**(૧) આહાર સંજ્ઞા :** તૈજસ શરીર નામકર્મ અને ક્ષુધા વેદનીય કર્મના ઉદયથી કવલ આહાર માટે આહારને યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરવાની ઇચ્છા જીવને ઉત્પન્ન થાય છે તેને આહાર સંજ્ઞા કહે છે. જીવને આહાર સંજ્ઞા ચાર કારણોથી ઉત્પન્ન થાય છે :

૧. ક્ષુધા વેદનીય કર્મના ઉદયથી, ૨. આહારકથા વિષે સાંભળવાથી અથવા આહાર જોવાથી, ૩. પેટ ખાલી થવાથી, ૪. નિરંતર આહારનું સ્મરણ કરવાથી.

**(૨) ભય સંજ્ઞા :** ભય મોહનીય કર્મના ઉદયથી જીવને ભયના ત્રાસરૂપ પરિણામ ઉત્પન્ન થાય છે તેને ભય સંજ્ઞા કહે છે. તે ચાર કારણથી ઉત્પન્ન થાય છે : ૧. શક્તિહીન હોવાથી ૨. ભય મોહનીય કર્મના ઉદયથી ૩. ભયાનક વસ્તુઓ જોવાથી અથવા ભયની વાતો સાંભળવાથી ૪. આલોક આદિ ભયના કારણોને યાદ કરવાથી. ભય સાત પ્રકારના છે.

**(૩) મૈથુન સંજ્ઞા :** વેદ મોહનીયકર્મના ઉદયથી મૈથુનની ઇચ્છાના જીવના પરિણામ તેને મૈથુન સંજ્ઞા કહે છે. તે ચાર કારણથી થાય છે :

૧. વેદ મોહનીયકર્મના ઉદયથી, ૨. શરીર ખૂબ હૃષ્ટપુષ્ટ હોવાથી, ૩. કામ-વિકારની કથાના શ્રવણથી, ૪. સદા મૈથુનની વાતોનું સ્મરણ કરતાં રહેવાથી.

**(૪) પરિગ્રહ સંજ્ઞા :** લોભ મોહનીયકર્મના ઉદયથી ઉત્પન્ન થવાવાળી સચિત આદિ દ્રવ્યોને ગ્રહણ કરવારૂપ જીવની અભિલાષા અથવા તૃષ્ણા, તેને પરિગ્રહ સંજ્ઞા કહે છે.

તે ચાર કારણોથી ઉત્પન્ન થાય છે : ૧. લોભ મોહનીય કર્મના ઉદયથી; ૨. પરિગ્રહની વૃત્તિ હોવાથી; ૩. સચિત, અચિત અને મિશ્ર પરિગ્રહની વાતો સાંભળવા અથવા જોવાથી; ૪. સદાય પરિગ્રહના

વિષય પર વિચાર કરતાં રહેવાથી.

નરકગતિમાં સૌથી ઓછા મૈથુનસંજ્ઞાવાળા જીવ હોય, તેનાથી સંખ્યાતગણા આહાર સંજ્ઞાવાળા, તેનાથી સંખ્યાતગણા પરિગ્રહ સંજ્ઞાવાળા અને તેનાથી સંખ્યાતગણા ભયસંજ્ઞાવાળા જીવ હોય છે.

તિર્યંચગતિમાં પરિગ્રહ સંજ્ઞાવાળા જીવ સૌથી ઓછા હોય, તેનાથી સંખ્યાતગણા મૈથુન સંજ્ઞાવાળા તેનાથી સંખ્યાતગણા ભયસંજ્ઞાવાળા અને તેનાથી સંખ્યાતગણા વધારે જીવ આહારસંજ્ઞાવાળા છે. મનુષ્યગતિમાં સૌથી ઓછા જીવ ભયસંજ્ઞાવાળા હોય, તેનાથી સંખ્યાતગણા આહાર સંજ્ઞાવાળા, તેનાથી સંખ્યાતગણા પરિગ્રહ સંજ્ઞાવાળા અને તેનાથી સંખ્યાતગણા મૈથુનસંજ્ઞાવાળા જીવ છે. દેવગતિમાં સૌથી ઓછા જીવ આહાર સંજ્ઞાવાળા છે, તેનાથી સંખ્યાતગણા ભયસંજ્ઞાવાળા તેનાથી સંખ્યાતગણા મૈથુનસંજ્ઞાવાળા અને તેનાથી સંખ્યાતગણા પરિગ્રહ સંજ્ઞાવાળા જીવ છે.

ચાર પ્રકારની વિકથા છે : ૧. સ્ત્રીકથા, ૨. ભતકથા, ૩. દેશકથા, ૪. રાજકથા. સંયમમાં બાધક, ચારિત્ર વિરુદ્ધ કથાને વિકથા કહે છે.

**(૧) સ્ત્રીકથા** ચાર પ્રકારની છે. સ્ત્રીની જાતિ સંબંધી, કુળ સંબંધી, રૂપસંબંધી અને વેશભૂષા સંબંધી કથા.

**(૨) ભતકથા** ચાર પ્રકારની છે ૧. અમુક ભોજન બનાવવા અમુક સામાનની જરૂર છે ઈત્યાદિ આવાપકથા; ૨. મીઠાઈ, શાક વિ. આટલા પ્રકારના બને છે ઈત્યાદિ નિર્વાપકથા; ૩. અમુક શાકમાં મીઠું-મરચું વિ. પ્રમાણ જોઈએ ઈત્યાદિ આરંભકથા; ૪. અમુક ભોજનમાં આ પ્રકારના પદાર્થ નાંખવાથી તે બહુ સ્વાદિષ્ટ બને છે ઈત્યાદિ કથા તે નિષ્ઠાનકથા છે.

(૩) **દેશકથા** ચાર પ્રકારની છે : ૧. વિધિકથા - અમુક દેશના રીત-રિવાજ, ખાન-પાન, વસ્ત્ર સંબંધી કથા; ૨. વિકલ્પકથા - અમુક દેશમાં ધાન્ય ઉત્પત્તિ, કૂવા, તળાવ ઘણું છે તે કથા; ૩. છન્દકથા - અમુક દેશમાં લગ્નની વિધિ - રિવાજ સંબંધી કથા; ૪. નેપથ્યકથા -અમુક દેશમાં સ્ત્રી-પુરુષોના વેશ-ભૂષા સંબંધી કથા.

(૪) **રાજકથા** ચાર પ્રકારની છે : ૧. અતિયાન કથા - રાજાનો નગરપ્રવેશ - તે સમયની વિભૂતિ સંબંધી કથા; ૨. નિર્યાણ કથા - નગર બહાર જતી વખતે રાજાના સામંત, સેના, ઐશ્વર્ય સંબંધી કથા; ૩. બલવાહન કથા-હાથી, ઘોડા, રથ સંબંધીકથા; ૪. ધન-ધાન્ય કથા - રાજાના ધન - ધાન્યના ભંડારો સંબંધી કથા કરવી.

ચાર વિકથા કરવાથી કેટલા દોષ લાગે છે તે કહે છે :

૧. સ્ત્રીકથા કરવા અથવા સાંભળવાથી મોહની ઉત્પત્તિ થાય છે. સૂત્ર અર્થજ્ઞાનની હાનિ થાય છે. બ્રહ્મચર્યમાં દોષ લાગે છે. લોકોમાં નિંદા થાય છે.
૨. ભોજનકથા કરવાથી આહાર ન કરવા છતાં તેની ગૃદ્ધિ-આસક્તિનો દોષ લાગે છે. જિતેન્દ્રિયપણું રહેતું નથી. ષટ્નિકાયના હિંસાની અનુમોદનાનો દોષ લાગે છે. સ્વાધ્યાય-ધ્યાનમાં વિક્ષેપ પડે છે.
૩. દેશકથા કરવાથી એક દેશ પ્રત્યે રાગ અને બીજા દેશ પ્રત્યે દ્વેષ ઉત્પન્ન થાય છે, જેનાથી કર્મબંધ થાય છે. જો વાદવિવાદ કરવાના શરૂ થાય તો ઝઘડો થઈ જાય છે.
૪. રાજકથા સાંભળવાથી નિયાણું કરી દે તો દોષ લાગે છે. રાજા સંબંધી અનેક વાતો સાંભળવાથી મન ચંચળ બનતા ધાર્મિક ક્રિયામાં ધ્યાન લાગતું નથી. આમ, અનેક દોષો ઉત્પન્ન થવાના કારણરૂપ આ ચાર વિકથા સામાયિક દરમ્યાન ન કરવી. - ઠાણાંગસૂત્ર - ૧૪૯ આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાનના ચાર-ચાર પ્રકારનું વર્ણન 'ધ્યાનદીપિકા' પુસ્તકમાં વિસ્તારથી વર્ણન છે. જિજ્ઞાસુએ તે વાંચવું.

■ ■ ■

# દીપાવલી ઝગમગ ઝમકે, સમ્યગ્દર્શનનો દીપ પ્રગટે...

**પારૂલબેન ભરતકુમાર ગાંધી**

દીપાવલી એટલે ઝળહળતી રોશની. દીપના પ્રાગટ્ય દ્વારા અંધકારને દૂર કરી પ્રકાશને પ્રાપ્ત કરવાના ઉત્સવનું પર્વ. સામાન્ય રીતે આ દિવસોમાં દીપમાળા દ્વારા રોશની કરાય છે, સાફ-સૂફી કરી રંગ-રોગાન કરાવાય છે, નવા કપડાં-આભૂષણો પહેરી, ફટાકડાં ફોડીને તથા મિષ્ટ ભોજન જમીને આ પર્વની ઉજવણી કરાય છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે આ પર્વને લૌકિક રીતે નહિ, લોકોત્તર રીતે ઉજવવાનું છે. આ પર્વ શરીરને કે ઘરને નહિ પરંતુ આત્માને સજાવવાનું પર્વ છે. તેમાં દ્રવ્યપ્રકાશ નહિ, પરંતુ ભાવપ્રકાશ અપેક્ષિત છે. આ માટે દીપ-માળાના દીવડા નહિ, સમ્યગ્દર્શનનો દીપ પ્રગટાવવાની આવશ્યકતા છે.

દીપાવલીના પર્વને આપણે પંચદિવસીય પર્વ તરીકે ઉજવીએ છીએ. પ્રથમ દિવસ છે - ધનતેરસ. ધનતેરસને દિવસે ધનની પૂજા, ધન-સંપત્તિની દેવી મહાલક્ષ્મીની પૂજા કરીને ઊજવાય છે. લક્ષ્મીનું બીજું નામ શ્રી (શોભા) પણ છે. જ્યાં લક્ષ્મીદેવીનો વસવાટ હોય તે સ્થાનની શોભા અનેરી હોય છે. આ લક્ષ્મીનું પ્રાગટ્ય 'सर्वे भवन्तु सुखिनः'ની ભાવનાથી થાય છે. નીતિ અને ધર્મના પાલન સાથે અર્થોપાર્જન કરવાથી વધે છે. દાન દેવાથી - શુભકાર્યમાં ખર્ચવાથી લક્ષ્મી કાયમી નિવાસ કરે છે. આ તો થઈ લૌકિક ધનતેરસની ઉજવણી.

ધનતેરસને ધન્ય તેરસ બનાવવી હોય તો આત્મલક્ષ્મી-મોક્ષલક્ષ્મીની ઉપાસના કરવી જોઈએ. આ માટે સમ્યગ્-જ્ઞાન - દર્શન - ચારિત્ર - તપની ભાવરંગોળી કરી આત્મઘરને સજાવવાનું છે. આમ કરવાથી જીવનમાં સદ્ગુણોનો ઉઘાડ થશે, જેનાથી સમગ્ર વ્યક્તિત્વ મહેકી ઉઠશે. પૈસાથી તો માત્ર બંગલો ઝાકઝમાળવાળો લાગશે પણ સદ્ગુણોથી તન-મન-ધન બધું જ તરબરતર થઈ જશે.

કાળીચૌદસ એ મહાકાળીની આરાધનાના પર્વ તરીકે ઉજવાય છે. લોકો પણ ઘરમાંથી કલેશ, કંકાસને કાઢવાની વિધિ કરે છે. આ દિવસે શ્રીકૃષ્ણે નરકાસુરનો વધ કરી કેદમાં પૂરાયેલી અબળાઓને મુક્ત કરી હતી. આ થઈ દુન્યવી ઉજવણી. કાળીચૌદસને રૂપચૌદશ બનાવવી હોય તો શ્રી કૃષ્ણે નરકાસુરનો વધ કર્યો તેમ આપણે અંતરમાં રહેલા આત્મશત્રુઓ જેવા કે રાગ-દ્વેષ, ક્રોધ-માન-માયા-લોભ વગેરેનો નાશ કરી સ્વરૂપમાં સ્થિર થવા પુરુષાર્થ કરવો જોઈએ. કાળીચૌદસ અંધકારનું પ્રતીક છે. મેલા કાર્યનું પ્રતીક છે. આ દિવસે સત્ય અને સમ્યક્જ્ઞાનની ઉપાસના કરી, ચોતરફ જ્ઞાનપ્રકાશ ફેલાવી કાલીચૌદસને રૂપચૌદસ બનાવવાની છે.

દીપાવલીને પ્રકાશના પર્વ તરીકે ઓળખીએ છીએ. કહેવાય છે કે આ દિવસે રામે રાવણ પર વિજય મેળવી અયોધ્યામાં પ્રવેશ કરેલો તેથી લોકો તેમના સ્વાગત માટે ઘેર ઘેર દીપ-પ્રગટાવી, રંગોળી પૂરી ઉત્સવ મનાવે છે. આ દિવસે બુરાઈ પર ભલાઈનો વિજય, અસત્ય પર સત્યનો વિજય એ રીતે યાદ રખાય છે. આ થઈ લૌકિક ઉજવણી.

દીપાવલીનું આધ્યાત્મિક મહત્ત્વ એ છે કે મિથ્યાત્વના અંધકારનો નાશ કરી, સમ્યગ્દર્શનનો દીપ પ્રગટાવીએ. સમ્યક્જ્ઞાનની પ્રાપ્તિ કરી, અંતરમાં શ્રદ્ધાના લીલુડા તોરણ બાંધી, ચારિત્ર (દેશવિરતિ-સર્વવિરતિ) દ્વારા સદાચારની રંગોળી પૂરીએ. ત્રિરત્નની આરાધના - ઉપાસના દ્વારા પરમપિતા મહાવીરદેવે મોક્ષલક્ષ્મીને પ્રાપ્ત કરી, જ્યારે ગૌતમ ગણધરે કેવળજ્ઞાન-કેવળદર્શનરૂપ

આત્મલક્ષ્મીને પ્રાપ્ત કરી. આથી જ જૈનો આ દિવસની ઉજવણી જપ-તપ-ત્યાગ-સાધના અને સદાચારથી કરે છે. વળી, આસો વદ અમાસ એ ગુજરાતી વર્ષનો છેલ્લો દિવસ છે. આ દિવસે ઘણા લોકો વિદ્વત્તા, ચાતુર્ય અને જ્ઞાનની દેવી મા સરસ્વતીનું પૂજન પણ કરે છે. મહાવીરદેવે ત્રણ દિવસ, સળંગ ૩૬ પ્રહરની દેશના આપી. ૧૮ દેશના રાજાઓ આ ધર્મપરિષદમાં સાધના કરી આત્માનું કલ્યાણ સાધવા તત્પર બન્યા હતા. આવા આ દીપાવલીના દિવસોમાં મુમુક્ષુ આત્માઓ છઠ્ઠ-અઠ્ઠમ કરી પરમપિતા મહાવીરસ્વામીના નિર્વાણ મહોત્સવની ઉજવણી કરે છે. આમ, આ દિવસ એ મુમુક્ષુઓ માટે ઘણો જ મહત્ત્વનો દિવસ ગણાવી શકાય.

ત્યારબાદ આવે છે નૂતનવર્ષ. નવા વર્ષના મંગલ પ્રભાતના અરૂણોદયને નવા નવા સંકલ્પો દ્વારા વધાવી અંતરમાં આનંદ, ઉત્સાહ અને ઉલ્લાસ ભરી, કંઈક નવું કરી છૂટવાની સુંદર ભાવના આ દિવસે લોકોના મનમાં થનગને છે. વિદ્યાર્થી ખૂબ મહેનત કરી શૈક્ષણિક ક્ષેત્રે આગળ વધવા કટિબદ્ધ બને છે, તો વેપારી પ્રગતિના નવા શિખરો સર કરવાનો પ્રયત્ન કરે છે. નારી પોતાના દૈવી વ્યક્તિત્વના પ્રાગટ્ય દ્વારા કુટુંબીઓને સુખ-શાંતિ આપવાનો સંકલ્પ કરે છે.

આધ્યાત્મિક રીતે જોઈએ તો મુમુક્ષુ આ દિવસને મોક્ષાર્થી બનવાની સાધના સાથે જોડી દે છે. આ દિવસો મળ્યા છે તેમાં કર્મનો આસ્રવ સંવર દ્વારા રોકી, બંધ રોકી, નિર્જરા દ્વારા લાગેલા કર્મોનો ક્ષય કરી, મોક્ષ જલદી મેળવવા પુરુષાર્થ કરવાનો સંકલ્પ કરી એ દિશામાં આગળ વધે છે. મળેલા માનવભવને સાધના-આરાધના દ્વારા સફળ બનાવી સિદ્ધશિલા પર આસન જમાવવું એ જ તેમનો માત્ર ને માત્ર નિર્ધાર હોય છે. આ નિર્ધારને મક્કમપણે પૂરો કરીને જ જંપે છે.

છેલ્લે આવે છે ભાઈ-બીજ. ભાઈ બહેનના નિઃસ્વાર્થ, નિર્વ્યાજ અને પવિત્ર પ્રેમનું પર્વ છે. ભાઈબીજના દિવસે ભાઈ બહેનના ઘરે જઈ, તેની સાથે ભોજન કરી ભેટસોગાદો અને શુભેચ્છા પાઠવે છે. એ જ રીતે બહેન લાડીલા વીરને તિલક કરી અંતરના આશીર્વાદ આપે છે. આ દિવસ પારિવારિક ફરજો સુપેરે બજાવવાની પ્રેરણા આપી જાય છે. આ થઈ દુન્યવી ઉજવણી.

આધ્યાત્મિક મહત્ત્વ એ છે કે દિવાળીને દિવસે નિર્વાણ પામેલા પ્રભુ વીરના વિયોગે ભાઈ નંદિવર્ધનને દુઃખી દુઃખી કરી દીધા. ત્યારે બહેન તેમને પોતાના ઘરે લઈ જઈ, આશ્વાસન આપી, ધર્મસંદેશ દ્વારા વાસ્તવિકતાનો સ્વીકાર કરવાની અને એમણે જે માર્ગ બતાવ્યો તે માર્ગે ચાલી મુક્તિસુંદરીને વરવાની પ્રેરણા આપે છે. આજે વાસ્તવિકતા એ છે કે માનવી હક મેળવવા લડી રહ્યો છે, પરંતુ ફરજમાં - કર્તવ્યપાલનમાં ઊણો ઉતરે છે. દિવસે દિવસે કુટુંબભાવના લુપ્ત થતી જાય છે. લોહીના સગાઓમાં પણ લાગણી, હૂંફ, પ્રેમ, સહનશક્તિ તથા વડીલો પ્રત્યે પૂજ્યભાવ ઘટતાં જાય છે. આવા સમયે આ પર્વ માત્ર લોહીના સગાઓમાં જ નહિ પરંતુ જગત માત્રના જીવ પ્રત્યે મૈત્રીભાવ દાખવવાની શીખ આપે છે.

આમ, આ પંચદિવસીય પર્વોનું આધ્યાત્મિક મહત્ત્વ આપણે જોયું. આ પનોતા પર્વના દિવસોને આપણે પણ અંતરના ઉમળકાથી વધાવીએ. જ્ઞાન-દર્શન-ચારિત્રની રંગોળી કરી આપણા આત્મઘરને શોભાવીએ. અનંતા ભવોથી તમારો અને મારો આત્મા ભટકી રહ્યો છે. સમ્યગ્દર્શનના અભાવે ઘણી-બધી સાધના કરી હોવા છતાં સરવાળે મીંડું જ રહ્યું. આથી જ આજે દ્રવ્ય સાધનાની સાથે ભાવસાધનાનું મહત્ત્વ સમજી તે કરવા તરફ આગળ વધવાની જરૂર છે. ઉત્સવની લૌકિક ઉજવણીમાં

**(અનુસંધાન પાના નં. ૩૦ પર...)**

# અહો ! શ્રી આત્મસિદ્ધિ !

પૂર્ણિમાબેન શાહ

પરમ તત્ત્વજ્ઞ, પરમ કરુણાવંત, પરમ પુરુષ, શ્રીમદ્ રાજચંદ્રજીએ સંવત ૧૯૫૨ના આસો વદ એકમની સંધ્યાએ શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રની રચના કરી. એની ૧૪૨ ગાથાઓ પરમગુરુની પરમકૃપાથી, એમની માત્ર ૨૮ વર્ષની ઉંમરે આશરે દોઢેક કલાકમાં અવતરિત થઈ ! સ્થળ હતું નડિયાદ અને વાર હતો ગુરુવાર.

શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર માટે એમ કહેવાય છે કે એની એક એક ગાથાનું વિસ્તરણ કરવામાં આવે તો દરેક ગાથા ઉપર બીજી ૧૦૦-૧૦૦ ગાથાઓ લખી શકાય. જો કે આધ્યાત્મિક રીતે તો એનું મૂલ્યાંકન કરવા કોઈ સમર્થ નથી, પરંતુ એની ગાણિતીક વિચારણાથી વિસ્મયભરી આંખે, કલ્પનાની પાંખે અને સદ્ગુરુદેવની સાખે, વિહંગાવલોકનથી ચાલો આપણે ભાવયાત્રા કરીએ. સત્ય અને તથ્ય તો છે જ્ઞાનીગમ્ય !

શ્રી આત્મસિદ્ધિમાં બે શબ્દનો સમાવેશ થાય છે. આત્મ + સિદ્ધિ. બંનેમાં રા + રા એમ બે શબ્દો છે. આ **પાંચ**નો અંક શું સૂચવે છે ?

૧. ચાર ગતિને છેદીને પંચમગતિને પમાડનાર શ્રી આત્મસિદ્ધિ.

૨. પાંચ જ્ઞાન : મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન.

૩. કર્મબંધના પાંચ કારણ - મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ.

૪. પંચ પરમેષ્ઠી ભગવંત - અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ ભગવંત.

૫. સાધુ ભગવંતોના પાંચ મહાવ્રત - અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ.

૬. શ્રાવકના પાંચ અણુવ્રત : સ્થૂળ પ્રાણાતિપાત, સ્થૂળ મૃષાવાદ, સ્થૂળ અદત્તાદાન, બ્રહ્મચર્ય (સ્વદારાસંતોષ વ્રત) અને સ્થૂળ અપરિગ્રહ.

૭. સમ્યક્દશાના પાંચ લક્ષણો - શમ, સંવેગ, નિર્વેદ, આસ્થા અને અનુકંપા.

૮. પાંચ ઈન્દ્રિયોના વિષયો : શબ્દ, રસ, રૂપ, ગંધ અને સ્પર્શ.

૯. પાંચ સમિતિ - ઈર્યાસમિતિ, ભાષા સમિતિ, એષણાસમિતિ આદાન નિક્ષેપણા સમિતિ, પારિષ્ઠાપનિકા સમિતિ. (ઉત્સર્ગ સમિતિ)

૧૦. પાંચ ભાવ - ઔદયિકભાવ, ક્ષાયોપશમિક ભાવ, ક્ષાયિકભાવ, ઔપશમિક ભાવ અને પારિણામિક ભાવ.

૧૧. સ્વાધ્યાયના પાંચ ભેદ - વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથા.

૧૨. પાંચ પરાવર્તન - દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવ.

૧૩. પાંચ ચારિત્ર - સામાયિક ચારિત્ર, છેદોપસ્થાપન ચારિત્ર, પરિહારવિશુદ્ધિ ચારિત્ર, સૂક્ષ્મસાંપરાય ચારિત્ર અને યથાખ્યાત ચારિત્ર.

૧૪. પાંચ સંઘયણ - વજ્રઋષભનારાચ સંઘયણ, ઋષભનારાચ સંઘયણ, નારાચ સંઘયણ, અર્ધનારાચ અને કિલીકા.

૧૫. પાંચ શરીર - ઔદારિક, વૈક્રિયક, આહારક, તૈજસ અને કાર્મણ.

૧૬. પાંચ પ્રકારના અંતરાય કર્મ - દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય અને વીર્યાંતરાય.

૧૭. પાંચ પ્રમાદ - પાંચ ઈન્દ્રિય, વિકથા, કષાય, સ્નેહ અને નિદ્રા.

૧૮. પાંચ રસ - ખાટો, ખારો, કડવો, તીખો અને તૂરો.

૧૯. પાંચ અસ્તિકાય - જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય.

૨૦. તીર્થંકરના પાંચ કલ્યાણક - ચ્યવન કલ્યાણક, જન્મ કલ્યાણક, દીક્ષા કલ્યાણક, કેવળજ્ઞાન કલ્યાણક, નિર્વાણ કલ્યાણક

૨૧. પાંચ મહા તીર્થસ્થાન - આબુ, અષ્ટાપદ, ગિરનાર, શત્રુંજય અને સમેતશિખર.

૨૨. પાંચ આચાર - જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર.

૨૩. પાંચ અનુત્તર વિમાન.

૨૪. પાંચ પ્રતિક્રમણ - રાઈ, દેવસી, પખ્ખી, ચૌમાસી અને સંવત્સરી.

૨૫. પંચાંગ નમસ્કાર (પાંચ અંગોથી કરાતા વંદન)

શ્રી આત્મસિદ્ધિની રચના સંવત ૧૯૫૨માં થઈ. એ ચાર અંકના સરવાળા-બાદબાકી-ગુણાકાર તથા દરેક અંકનું જૈન દર્શનમા શું સ્થાન છે તે વિચારીએ.

**એનો પહેલો અંક <u>૧</u> છે.** તે આત્મતત્ત્વનું સૂચન કરે છે. "જેણે આત્મા જાણ્યો તેણે સર્વ જાણ્યું." આત્મા એકલો આવ્યો છે અને એકલો જવાનો છે. આ જગતમાં એક આત્મા જ પોતાનો છે, બાકી બીજું બધું પર છે. ધર્મ એક જ છે અને તે આત્મધર્મ છે.

**એના પહેલા અને છેલ્લા અંકનો સરવાળો <u>૩</u> થાય છે.** તે શું સૂચવે છે ?

૧. ત્રિપદી - ઉપનેઈવા, વિધમેઈવા અને ધુવેઈવા. (ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય)

૨. ત્રણ આત્મા - બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા.

૩. કર્મબંધના ત્રણ કારણો - રાગ, દ્વેષ અને અજ્ઞાન.

૪. ત્રણ યોગ - મનોયોગ, વચનયોગ, કાયાયોગ.

૫. ત્રણ ગુપ્તિ - મનોગુપ્તિ, વચન ગુપ્તિ, કાય ગુપ્તિ.

૬. ત્રણ કાળ - ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળ.

૭. રત્નત્રયી - જ્ઞાન, દર્શન અને ચારિત્ર.

૮. ત્રિતાપ - પાપ, તાપ અને સંતાપ.

૯. ત્રણ અશાતા - આધિ, વ્યાધિ અને ઉપાધિ.

૧૦. આહાર, શરીર અને ઉપાધિ. (રાત્રે પચ્ચક્ખવા માટે)

૧૧. શ્રાવકના ત્રણ મનોરથ - ત્રણ શાંતિ - ૐ શાંતિ શાંતિ શાંતિ

૧૨. સમોસરણના ત્રણ ગઢ

૧૩. અહિંસા, સંયમ અને તપ એ ત્રણ રૂપ ઉત્કૃષ્ટ ધર્મ.

**એનો પહેલો અંક અને ચોથો અંક સાથે લઈએ તો <u>૧૨</u> થાય.**

૧. શ્રાવકના બાર વ્રત, ૨. અરિહંતના બાર ગુણ, ૩. બાર ભાવના, ૪. કાળચક્રના બાર આરા.

**એનો પહેલો અને ત્રીજો આંક સાથે લઈએ તો <u>૧૫</u> થાય.**

૧. ભરત, ઐરાવત અને મહાવિદેહ એ ત્રણેના પાંચ પાંચ ક્ષેત્ર મળી ૧૫ થાય = ૧૫ કર્મક્ષેત્ર.

૨. ૧૫ કર્માદાની ધંધા (જેમાં ઘણી હિંસા છે તે).

**એના પહેલા અને ત્રીજા અંકનો સરવાળો - <u>૬</u> થાય છે.** ૬ આવશ્યક, ૬ લેશ્યા, ૬ ખંડ, છકાય જીવોની રક્ષા, અવસર્પિણીકાળના ૬ આરા.

**એના પહેલા બે આંકડાનો સરવાળો ૧ + ૯ = <u>૧૦</u> થાય છે.** તે દસ પ્રકારના યતિધર્મનું સૂચન કરે છે. દસ લક્ષણીધર્મનું સૂચન કરે છે. આ કાળના દસ આશ્ચર્ય અને જંબૂસ્વામીના નિર્વાણ પછી ૧૦ બોલ વિચ્છેદ ગયા તેનું સૂચન કરે છે.

**એના બીજા અને ત્રીજા આંકડાનો સરવાળો ૯ + ૫ = <u>૧૪</u> થાય છે** ૧. ૧૪ પૂર્વ, ૨. ચૌદ રાજલોક, ૩. ચૌદ પ્રકારના સંમૂર્છિમ જીવો, ૪. તીર્થંકરની માતાને આવતા ૧૪ સ્વપ્નો (આમ્નાય ભેદે - ૧૬), ૫. ૧૪ ગુણસ્થાનક, ૬. ૧૪ માર્ગણા - ગતિ, ઈન્દ્રિય, કાય, યોગ, વેદ, કષાય, જ્ઞાન, સંયમ, દર્શન, લેશ્યા, ભવ્ય, સમ્યક્ત્વ, સંજ્ઞી અને આહાર. ૭ ચૌદ પ્રકારનો અભ્યંતર પરિગ્રહ. ૮. જીવોના ૧૪ ભેદ, ૯. જીવોના ૧૪ સ્થાન, ૧૦. દરરોજ ધારવાના ૧૪ નિયમો.

**પહેલા, ત્રીજા અને ચોથા આંકડાનો સરવાળો ૧ + ૫ + ૨ = <u>૮</u> થાય.** ૧. સિદ્ધ ભગવંતના ૮ ગુણો, ૨. આઠ પ્રાતિહાર્ય, ૩. અષ્ટ મહાસિદ્ધિ, ૪. જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મ, ૫. સમક્તિના આઠ ગુણ, ૬. અષ્ટમંગલ, ૭. મુહપત્તીના આઠ પડ, ૮. આઠ સંપદા, ૯. અષ્ટાંગ યોગ, ૧૦. આઠ દૃષ્ટિ, ૧૧. ૮ પ્રવચનમાતા.

**બીજો અંક <u>૯</u> છે તે શું સૂચવે છે ?**

૧. નવધા ભક્તિ, ૨. નવનિધિ, ૩. નવ નોકષાય, ૪. નવ તત્ત્વ, ૫. બ્રહ્મચર્યની નવ વાડ, ૬. નવ ગ્રૈવેયક, ૭. નવપદજી (અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ), ૮. શરીરમાં અશુચિના નવ દ્વાર, ૯. પુણ્ય બાંધવાના ૯ પ્રકાર.

**એના પહેલા બે અંક = ૧૯ અને ત્રીજો અંક = ૫ એ બેનો ૧૯ + ૫ સરવાળો કરીએ તો <u>૨૪</u> થાય.** દરેક અવસર્પિણી અને ઉત્સર્પિણી કાળના ત્રીજા અને ચોથા આરામાં ૨૪-૨૪ તીર્થંકરો થાય છે, કારણ કે આ સમયમાં ઉત્કૃષ્ટ ગ્રહો એટલા જ હોય છે.

**શ્રી આત્મસિદ્ધિની ૧૪૨ ગાથાઓ છે.**

એનો **પહેલો અંક <u>૧</u>** છે તે આત્માનું સૂચન કરે છે. આત્મા તે એકલો આવ્યો છે અને એકલો જવાનો છે. વળી, ધર્મ એક જ છે. અને મોક્ષનો માર્ગ પણ એક જ છે.

એનો **બીજો અંક** <u>૪</u> છે એ શું સૂચવે છે ?

૧. ચાર મંગલ - અરિહંત, સિદ્ધ, સાધુ અને ધર્મ.

૨. ચાર શરણ - અરિહંત, સિદ્ધ, સાધુ અને ધર્મનું શરણ.

૩. ચાર શાશ્વતા જિન - ઋષભ, ચંદ્રાનન, વર્ધમાન અને વારિષેણ.

૪. અનંત ચતુષ્ટય - અનંત જ્ઞાન - દર્શન - ચારિત્ર અને તપ.

૫. ધર્મધ્યાનના ચાર લક્ષણ - આજ્ઞારુચિ, નિસર્ગરુચિ, સૂત્રરુચિ અને ઉપદેશ રુચિ.

૬. ધર્મધ્યાનના ચાર ભેદ - આજ્ઞાવિચય, અપાયવિચય, વિપાકવિચય અને સંસ્થાન વિચય.

૭. ધર્મધ્યાનની ચાર અનુપ્રેક્ષા - એકત્વ અનુપ્રેક્ષા, અનિત્ય અનુપ્રેક્ષા, સંસાર અનુપ્રેક્ષા, અને અશરણ અનુપ્રેક્ષા.

૮. ચાર ભાવના- મૈત્રી, પ્રમોદ, કરુણા, અને મધ્યસ્થતા.

૯. ચાર ધ્યાન - આર્ત્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન અને શુક્લધ્યાન

૧૦. ચાર ગતિ - દેવગતિ, મનુષ્યગતિ, તિર્યંચગતિ, નરકગતિ.

૧૧. ચાર અનુયોગ - પ્રથમાનુયોગ, ચરણાનુયોગ,

કરણાનુયોગ અને દ્રવ્યાનુયોગ.

૧૨. ચાર કષાય - ક્રોધ, માન, માયા અને લોભ.

૧૩. દરેકના ચાર પ્રકાર - અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનાવરણીય, પ્રત્યાખ્યાનાવરણીય અને સંજવલન.

૧૪. ચાર પ્રતિબંધ - લોકપ્રતિબંધ, સ્વજનપ્રતિબંધ, દેહાદિ પ્રતિબંધ અને સંકલ્પવિકલ્પરૂપ પ્રતિબંધ.

૧૫. પાત્રતા માટેના ૪ ગુણ - વિશાળબુદ્ધિ, સરળતા, મધ્યસ્થતા અને જિતેન્દ્રિયપણું.

૧૬. અંતઃકરણના ચાર ભેદ - મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર.

૧૭. ચાર પ્રકારના ઉપસર્ગ - દેવકૃત, મનુષ્યકૃત, તિર્યંચકૃત અને અચેતનકૃત.

૧૮. ચાર ઘાતીકર્મ અને ૪ અઘાતીકર્મ

૧૯. પાપ કર્મ બંધનના ચાર સાધન - મન, વચન, કાયા અને કષાય.

૨૦. ચાર પ્રકારના દોષ - અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર, અનાચાર.

૨૧. કર્મબંધની ચાર અવસ્થા - પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ અને રસ.

૨૨. ચારથી પ્રતિબંધ - દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ.

૨૩. ચાર પ્રકારના આહાર - અનાજ, પાણી, ખાદિમ અને સ્વાદિમ (ખાદ્ય, સ્વાદ્ય, લેહ્ય, પેય)

**એનો ત્રીજો અંક <u>૨</u> છે** - એ શું સૂચવે છે ?

૧. જ્ઞાનના બે પ્રકાર - પ્રત્યક્ષજ્ઞાન અને પરોક્ષજ્ઞાન.

૨. બે મુખ્ય તત્ત્વ - જડ અને ચેતન.

૩. બે પ્રકારનો સંયમ - દ્રવ્યસંયમ અને ભાવસંયમ.

૪. બે પ્રકારના ભાવ - સ્વભાવ અને પરભાવ.

૫. બે પ્રકારનો મોહ - દર્શનમોહ અને ચારિત્રમોહ.

૬. બેનો અંક દ્વંદ્વનું સૂચન કરે છે : સારું - ખરાબ, રતિ - અરતિ, ગમો - અણગમો, ઈષ્ટ - અનિષ્ટ વગેરે

૭. મોક્ષમાર્ગમાં બેની પ્રવૃત્તિ છે - એક આત્મજ્ઞાનીની અને બીજા તેના આશ્રયવાનની.

૮. સૌથી ઉત્તમ સંબંધ - ગુરુ-શિષ્યનો.

૧૪૨નો પહેલો, છેલ્લો અને બીજો અંક લઈએ તો **<u>૧૨૪</u>** થાય. વર્ષ દરમ્યાન થયેલા પાપોના ૧૨૪ અતિચાર છે.

છેલ્લો અને પહેલો આંક લઈએ તો **<u>૨૧</u>** થાય. શ્રાવકના ૨૧ ગુણ છે.

એનો બીજો અને ત્રીજો અંક મળીને **<u>૬</u>** થાય.

૧. છકાય જીવોની રક્ષાની ભગવાનની આજ્ઞા છે. ૨. જીવોની છ પર્યાપ્તિ, ૩. છ સંસ્થાન, ૪. છ સંઘયણ, ૫. છ બાહ્યતપ - છ અભ્યંતર તપ, ૬. પ્રતિક્રમણના છ પ્રકાર.

૧૧૯ વર્ષથી અણનમ અને અડીખમ રહેલી એવી શ્રી આત્મસિદ્ધિ આ અવનિનું અમૃત છે. પતિતને પાવન કરનારી છે. એના પ્રણેતાની ઉન્નત અને શાંત - શીતળ દશા આપણને હિમાલયનું સ્મરણ કરાવે છે, તો એ સહજાત્મસ્વરૂપ સ્વામીના શિરશૃંગથી પ્રવહેલી પુનિત 'આત્મસિદ્ધિ' આપણને મેરુપર્વતનું સ્મરણ કરાવે છે.

મેરુપર્વત જંબુદ્વીપની મધ્યમાં આવ્યો છે. મૂળમાંથી ઉપર સુધી તેની ઊંચાઈ એક લાખ યોજન છે. તે નીચેથી પહોળો છે અને ઉપર જતાં અનુક્રમે સાંકડો થતો જાય છે. તેના પાયાનો ૧૦૦૦ યોજનનો ભાગ આપણી રત્નપ્રભાપૃથ્વીની અંદર દટાયેલો છે અને એના ૯૯૦૦૦ યોજન બહાર છે. પૃથ્વી ઉપર તે ૧૦,૦૦૦ યોજન પહોળો છે અને અનુક્રમે ઘટતાં ઘટતાં ઉપર માત્ર ૧૦૦૦ યોજન જેટલો રહે છે.

મેરુપર્વતનો જે ભાગ પૃથ્વીની અંદર છે તેને કંદવિભાગ કહેવાય છે અને જમીનની ઉપર ૪ (ચાર) વનખંડ છે.

૧. જમીનની ઉપરના પહેલા ખંડને ભદ્રશાલવન કહેવાય છે.
૨. એનાથી ૫૦૦ યોજન ઉપર ૧૦,૦૦૦ યોજનના વિસ્તારવાળો નંદનવન છે.
૩. નંદનવનથી ૬૨૫૦૦ યોજનના વિસ્તારવાળો સોમનસવન છે.
૪. સોમનસવનથી ૩૬૦૦૦ યોજન ઉપર પંડકવન (પાંડુકવન) છે. આ વનમાં ચાર બાજુ શિલા છે. આ શિલાની ઉપર જિનેશ્વર ભગવંતોના જન્મ મહોત્સવ થાય છે. આ વનની મધ્યમાં એક શિખાસમાન રત્નમય ટેકરી છે. એને ચૂલિકા કહેવાય છે.

આ મેરુપર્વત જેવી અનેરી એવી શ્રી આત્મસિદ્ધિના અવતરણનું પ્રયોજન શું હતું તે આપણે જોઈએ.

પરમ કૃપાળુદેવે શ્રી લલ્લુજી મુનિને છ પદનો પત્ર (પત્રાંક ૪૯૩) લખ્યો હતો. પરંતુ પૂજ્ય સોભાગભાઈએ એ પત્રને મુખપાઠે કરવામાં સરળતા રહે તે માટે પદ્યમાં રચવાની વિનંતી કરી અને પરમકૃપાળુદેવે એમની આ વિનંતીને માન્ય કરી, શ્રી આત્મસિદ્ધિની રચના કરી ! એમ કહેવાય છે કે પૂજ્ય સોભાગભાઈ, પરમકૃપાળુદેવના પાછલા ભવના ગુરુ હતા ! આ પ્રસંગને કંદવિભાગમાં ગણી શકાય.

પૃથ્વીની ઉપરનો મેરુપર્વતનો પ્રથમ ભાગ છે –

(૧) ભદ્રશાલવન - પ. કૃ. દેવે શ્રી લલ્લુજી મુનિને છ પદનો જે પત્ર (પત્રાંક-૪૯૩) લખ્યો હતો તેને આ ભદ્રશાલ વનની ઉપમા આપી શકાય !

(૨) પૂજ્ય સોભાગભાઈની વિનંતીથી પરમ કૃપાળુદેવે શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રની રચના કરી તેને નંદનવનની ઉપમા આપી શકાય.

(૩) શ્રી આત્મસિદ્ધિની ૧ થી ૨૩ ગાથા ભૂમિકારુપે છે અને ૨૪થી ૪૨ ગાથામાં મતાર્થી અને આત્માર્થીના લક્ષણ વર્ણવ્યા છે અને ૪૩થી ૧૨૩ ગાથામાં આત્માના છ પદ, તેને માટે શિષ્યના મનમાં ઉદ્ભવતી શંકાઓનું સમાધાન આવે છે. તેને સોમનસવનની ઉપમા આપી શકાય.

(૪) ૧૨૪થી ૧૨૭ ગાથામાં શિષ્યની શંકાનું સમાધાન થયું તેથી તેને સદ્ગુરુ ઉપર પરમ અહોભાવ આવે છે. જેમ જિનેશ્વર દેવોનો જન્મમહોત્સવ ઉજવાય છે તેમ શિષ્યને પોતાના સ્વરૂપનું ભાન થયું - સ્વઘરમાં જવાનો પંથ સાંપડ્યો અને અનંતકાળ અંધકારમાં અથડાયા પછી જાણે પોતાનો નવો જન્મ થયો તેનો ઉત્સવ-તેનો આનંદ તેને ભાવવિભોર બનાવે છે. તે બોલી ઊઠે છે કે,

"અહો ! અહો શ્રી સદ્ગુરુ ! કરુણાસિંધુ અપાર;
આ પામર પર પ્રભુ કર્યો, અહો ! અહો ! ઉપકાર!"

આ પ્રસંગને પંડકવનની ઉપમા આપી શકાય.

ત્યાર પછીની ૧૪ ગાથાઓમાં, ૧૪ પૂર્વના સાર સમાન, પંચમપદને પામવાનો મહાન બોધ-ઉપસંહાર રૂપે આવે છે. એને મેરુપર્વતની રત્નમય ટેકરીની ઉપમા આપી શકાય.

આ મહાકાવ્યની પ્રથમ ગાથાનો શબ્દ છે - જે (જેહ) અને અંતિમ ગાથાનો પ્રથમ શબ્દ છે દેહ. 'જે' શબ્દ સાથે આત્મસ્વરૂપનું અનુસંધાન છે અને દેહ શબ્દ સાથે દેહાદિની કલ્પનારહિત, આત્મામય જેની દશા છે તેનું અનુસંધાન છે. એવા જ્ઞાની પુરુષના ચરણમાં અગણિત વંદન હો. જે આત્મસ્વરૂપ સમજ્યા વિના જીવ ભૂતકાળમાં અનંત દુઃખ પામ્યો તે સદ્ગુરુભગવંતને નમસ્કાર હો,

નમસ્કાર હો, નમસ્કાર હો.

આત્મા અનંતકાળથી સંસારચક્રમાં ફસાયેલો છે. એમાંથી તેને ઉગારનાર જો કોઈ હોય તો તે ધર્મ જ છે. તો ધર્મ એટલે શું ?

વસ્તુનો સ્વભાવ તે ધર્મ. આત્માને સ્વભાવમાં ધરી રાખે તે ધર્મ. આત્માને સ્વભાવમાંથી પરભાવમાં ન જવા દે તે ધર્મ. પરમકૃપાળુદેવે શ્રી આત્મસિદ્ધિની ૧૧૫મી ગાથામાં કહ્યું છે –

"છૂટે દેહાધ્યાસ તો, નહીં કર્તા તું કર્મ;
નહીં ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ.
એ જ ધર્મથી મોક્ષ છે, તું છો મોક્ષસ્વરૂપ;
અનંતદર્શન જ્ઞાન તું, અવ્યાબાધ સ્વરૂપ."

પરંતુ મોક્ષમાર્ગમાં પ્રયાણ કરવા માટે જીવોને તેમના અંતરમાં સ્થાન પામેલા, રાગ, દ્વેષ અને અજ્ઞાનરૂપી ખડકો ભયજનક છે તે એને મોક્ષમાર્ગમાં આગળ વધવા દેતા નથી. આત્મસિદ્ધિની ૧૦૦મી ગાથા દીવાદાંડી જેવી છે. સમુદ્રમાં જ્યાં પડવાના સ્થાનક હોય ત્યાં દીવાદાંડી બનાવવામાં આવે છે, જેથી વહાણોને ચેતવણી મળે અને દિશાસૂચન પણ મળે. ત્યાં કહે છે કે રાગ, દ્વેષ અને અજ્ઞાન એના વિના કર્મનો બંધ ન થાય અને જેનાથી તેની નિવૃત્તિ થાય તે જ મોક્ષનો માર્ગ છે.

આમ, શ્રી આત્મસિદ્ધિ એ અધ્યાત્મના ગગનાંગણમાં અનેક તારાઓ, નક્ષત્રો, ગ્રહો અને સપ્તર્ષિની વચ્ચે ઝળકતી, મહાઅંધકારમય આ કાળમાં પૂર્ણચંદ્રના પ્રકાશ જેવી, પૂર્ણિમાના ચંદ્ર જેવી પરમકૃપાળુદેવની પરમોત્કૃષ્ટ કૃતિ છે. ષટ્દર્શનના સાર સમા આ શાસ્ત્રનું અવલંબન જીવને પાર ઉતારે એમ કહેવામાં અતિશયોક્તિ નથી. કારણ કે –

"રત્ન તણી જેમ પેટી, ભાર અલ્પ બહુમૂલ્ય;
શ્રી આત્મસિદ્ધિ તેહને તુલ્ય છે, જેનું મૂલ્ય છે અમૂલ્ય."

આમાં આત્માના છ પદ - તેના માટે શિષ્યના મનમાં જાગેલી શંકા અને તેના સમાધાનની જે સરવાણી વહી છે તેથી શિષ્ય બોલી ઊઠે છે -

"અહો ! અહો ! શ્રી સદ્ગુરુ, કરુણાસિંધુ અપાર;
આ પામર પ્રભુ કર્યો, અહો ! અહો ! ઉપકાર."

• • •


## દીપાવલી સમ્યગ્દર્શનનો દીપ પ્રગટે

(પાના નં. ૨૪ પરથી ચાલુ...)

આત્મા ભુલાઈ જાય છે. જ્યારે સાચી દૃષ્ટિ આવે છે ત્યારે આત્માના સ્વરૂપનું ભાન થાય છે. દીપાવલીના આ દિવસોની લોકોત્તર ઉજવણી કરી સમ્યગ્દર્શનનો દીપ પ્રગટાવીશું તો હૃદયમાં સમભાવ, મૈત્રીભાવ, કરુણા અને અનુકંપાની ધારા પ્રગટ થશે. સમ્યગ્દર્શનથી સંસારને જોવાની નવી જ દૃષ્ટિ પ્રાપ્ત થશે. વહાણ સમુદ્રમાં ચારે તરફ પાણીની વચ્ચે ચાલે છે. અડધો ભાગ પાણીમાં ડૂબેલો હોય છે છતાં તે ડૂબતું નથી કારણ તે પાણીને પોતાની અંદર પેસવા દેતું નથી. તેમ સમ્યક્ત્વી પણ સંસારની અંદર રહે છે. ચારે તરફ વાસના-કષાયરૂપ પાણી છે. રાગ-દ્વેષના મગરમચ્છો ફરતાં રહે છે છતાં તે ડૂબતો નથી. કારણ તે સંસારના કારણરૂપ વિષયોને પોતાનામાં પ્રવેશવા દેતો નથી. આથી આ દીપાવલીએ સમ્યગ્દર્શનનું મહત્ત્વ સમજી તેનો દીપક જલાવીશું તો જીવન તો સુધરશે પણ મૃત્યુને પણ સુધારી શકીશું. દરેકનું મૃત્યુ નિર્વાણ, મહોત્સવ કે મિશાલ નથી હોતું કે જેવું મહાવીર સ્વામીનું હતું. આપણે પણ મળેલા માનવભવને આરાધકનો ભવ બનાવી સાર્થક કરીએ એ જ નવા વર્ષની કામના, મંગલ ભાવના, અંતરની પ્રાર્થના.

॥ ઈતિ સિદ્ધમ્ ॥

■ ■ ■



# બાળ વિભાગ



**સંકલન : મિતેશભાઈ એ. શાહ**

## ફટાકડાં ફોડી, ના ભરશો પાપની ઝોળી

બાળમિત્રો ! દિવાળીનો તહેવાર નજીક આવી રહ્યો છે. તમારામાંથી કેટલાય બાળકોને ફટાકડાં ફોડવાનો શોખ હશે, પરંતુ ફટાકડાં ફોડવાથી શારીરિક નુકસાન, આર્થિક નુકસાન, પ્રાણીસૃષ્ટિને નુકસાન, માલમિલકતને નુકસાન, પર્યાવરણને નુકસાન તથા ધાર્મિક નુકસાન થાય છે. આ ઉપરાંત ફટાકડાં ફોડવાથી આધ્યાત્મિક નુકસાન પણ થાય છે.

૧. કાગળ અને અક્ષરોના નાશથી જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે ; જેને કારણે સરળતાથી વિદ્યા-જ્ઞાન પ્રાપ્ત થઈ શકતા નથી.

૨. જીવોને ત્રાસ અને વેદના આપવાથી અશાતા વેદનીય કર્મ બંધાય છે.

૩. નિર્દોષ અને અબોલ જીવોનું આયુષ્ય અકાળે સમાપ્ત કરવાથી આપણને અશુભ આયુષ્ય કર્મ બંધાય છે.

૪. ફટાકડાં ફોડીને અભિમાન કરવાથી નીચ ગોત્રકર્મ બંધાય છે.

૫. ફટાકડાં ફોડીને રાજી થવાથી કે ખુશી મનાવવાથી મોહનીય કર્મ બંધાય છે, જે સંસાર વધારે છે.

૬. જીવોને જીવનવ્યવહારમાં અંતરાય કરવાથી અંતરાયકર્મ બંધાય છે.

૭. ધર્મ વિરુદ્ધ શ્રદ્ધા કરવાથી દર્શનાવરણીય કર્મ બંધાય છે.

૮. ફટાકડાં ફોડવાથી અશુભ નામકર્મનો બંધ પડે છે, જેથી અપકીર્તિ મળે છે.

૯. ફટાકડાં જાતે ફોડવાથી કરણ (કૃત)નું પાપ લાગે છે.

૧૦. ફટાકડાં વેચવા - વેચાવવા - બનાવવા, ફટાકડાં અપાવવા વગેરે પ્રવૃત્તિથી કરાવણ (કારિત)નું પાપ લાગે છે.

૧૧. ફટાકડાંની આતશબાજી જોવાથી, તેની પ્રશંસા કરવાથી, રાજી થવાથી અનુમોદનાનું પાપ લાગે છે.

ફટાકડાં ફોડવાં એ ભારતની સંસ્કૃતિ કે પરંપરા નથી. જૈન ધર્મમાં તો સૂક્ષ્મ જીવોની પણ રક્ષા કરવાની વાત કહેલ છે, જ્યારે ફટાકડાં ફોડવાથી અસંખ્ય સ્થાવર જીવો અને કેટલાય ત્રસ જીવોનો ઘાત થાય છે. ફટાકડાંના ભયંકર અવાજોથી પક્ષીઓ ફફડી ઊઠે છે.

**તો હવે ફટાકડાં ન ફોડવાનો નિર્ણય કરીને-**

૧. જીવપ્રેમી બનો.

૨. દેશ, કુટુંબ તથા સમાજને આર્થિક રીતે પરોક્ષપણે પણ સહાયભૂત બનો.

૩. પોતાના આત્માને પાપથી ખરડાતો બચાવો.

૪. સ્વ-પરના શરીરને રોગથી અને ખોડખાંપણથી બચાવો.

૫. પ્રકૃતિને પ્રદૂષણથી બચાવો.

૬. ભીષણ મોંઘવારીમાં ઘરના બજેટને ખોટાં ખર્ચાઓથી બચાવો.

૭. જીવોને ભય અને મોતથી બચાવો.

૮. દુર્ગતિમાં જતા આત્માને બચાવો.

**ફટાકડાં ફોડી, ના ભરશો પાપની ઝોળી;**
**ફટાકડામાં પાપ છે, જીવજંતુને ત્રાસ છે.**

• • •

# જીવનઅર્ક : દિવાળી પુસ્તિકા

**વિ. સં. ૨૦૭૨**

**સુવિચારોની નવીન પ્રચાર-પ્રસાર પદ્ધતિ**

(૧) કવર સાથે **'જીવનઅર્ક'** ગુજરાતી પુસ્તિકાની પડતર કિંમત એક નંગના રૂા. ૬/- (છ રૂપિયા પૂરા) રાખેલ છે.

(૨) પુસ્તિકાનું ટાઇટલ ચાર કલર પ્રિન્ટિંગમાં નયનરમ્ય તૈયાર કરેલ છે. ટાઈટલ તથા કવર ઉપર નામ-સરનામું છાપવાની ૧ ઈંચ X ૩ ઈંચની સુંદર જગ્યા રાખવામાં આવેલ છે.

(૩) પુસ્તિકાને વિદ્વાનોના લેખો, પ્રેરક પ્રસંગો, ટૂંકા લેખો, રત્નકણિકાઓ, સુવિચારો, સદ્‌ગુણપ્રેરક અવનવી માહિતીથી સજાવવામાં આવી છે.

(૪) નામ-સરનામું છાપવા માટે ઓછામાં ઓછો ૫૦૦ પુસ્તિકાઓનો ઓર્ડર હોવો જરૂરી છે.

| | | |
|---|---|---|
| નામ-સરનામું છાપવાનો ખર્ચ : | ૫૦૦ પુસ્તિકાઓ | - રૂા. ૨૩૦/- |
| | ૧૦૦૦ પુસ્તિકાઓ | - રૂા. ૪૬૦/- |

(૬) ઓર્ડર ફોર્મ મુજબ પુસ્તિકાની કિંમત તથા પ્રિન્ટિંગ ચાર્જ તેમજ પોસ્ટેજ ખર્ચની રકમ રૂબરૂ અથવા ડ્રાફ્ટ કે મનીઓર્ડર દ્વારા **શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા**ના સરનામે મોકલવાની રહેશે.

(૭) તા. ૩૦-૧૦-૨૦૧૫ સુધીમાં ઑર્ડરફોર્મ મોકલી આપવા વિનંતી છે. ત્યારબાદ પ્રિન્ટિંગવાળા ઑર્ડર લેવામાં આવશે નહિ અને સાદી પુસ્તિકાઓ સ્ટોકમાં હશે તો જ મોકલવામાં આવશે. નામ અને સરનામું અંગ્રેજી કે ગુજરાતીમાં જે રીતે છાપવાનું હોય તે પ્રમાણે જ ફોર્મ ભરવું.

(૮) ઑર્ડર નોંધવા બાબતે કે પુસ્તિકાને લગતી માહિતી મેળવવા સંસ્થાના કાર્યાલયનો સંપર્ક સાધવા વિનંતી છે.

**નીચેના સેવાભાવી મહાનુભાવો પાસેથી દિવાળી પુસ્તિકાઓ પ્રાપ્ત થઈ શકશે.**

## સંપર્કસૂત્રો :

### AHMEDABAD

(૧) **શ્રી મુકેશભાઈ આર. શેઠ**
શેઠ સન્સ : ફોન : (ઓ) ૨૫૩૫૬૬૪૬
(ઘર) ૨૬૪૦૧૨૫૧
મો. ૯૮૨૫૫ ૧૮૮૦૦

(૨) **ડૉ. રાજેશભાઈ સોનેજી,** સોનેજી હૉસ્પિટલ
ફોન : ૨૫૩૨૩૪૫૪, ૯૮૨૪૦ ૪૭૬૨૧

(૩) **શ્રી જયેશભાઈ શાહ,** શાલિભદ્ર સ્ટેશનર્સ
ફોન : ૨૫૬૨૧૪૯૭, ૨૫૬૨૧૭૪૮
મો. ૯૯૦૯૦ ૦૬૦૪૮

(૪) **શ્રી સદ્‌ગુરુપ્રાસાદ** - પુષ્પવીલા, મીઠાખળી.
ફોન : ૨૬૫૬૮૪૨૩
ભૂપતભાઈ : મો. ૯૯૨૪૬૩૫૨૬૧

### MUMBAI

(૧) **શ્રી કાંતિભાઈ કારાણી** (રૂપમ ડ્રાયફ્રુટ્સ)
મોબાઈલ : ૯૦૦૪૦ ૪૪૪૦૫
ફોન : (૦૨૨)૨૮૮૨૯૨૪૯ / ૨૮૮૯૭૩૮૦

(૨) **શ્રી દીનાબેન નગીનભાઈ પંચમિયા**
વિનોદ ટી સેન્ટર, મો.૦-૯૨૨૨૦૭૭૬૩૯
ફોન : (૦૨૨) ૨૫૦૧૧૮૯૭
મો. ૦-૯૨૨૪૪૧૨૪૧૨

(૩) **શ્રી પુનિતભાઈ એસ. મહેતા**
C/o. મહેતા બ્રધર્સ એન્ડ કંપની
ફોન : (૦૨૨) ૨૨૬૭૪૯૪૦
મો. ૦-૯૮૨૦૪ ૦૦૨૬૭

(૪) **શ્રી નીતિનભાઈ પારેખ**
ફોન : (૦૨૨) ૨૪૦૭૬૨૦૦
મો. ૦-૯૮૨૦૩ ૨૯૨૭૭

**BANGLORE**

**શ્રી જયેશભાઈ જૈન** (સુજય એન્ટરપ્રાઈઝ)
ફોન : (૦૮૦) ૨૨૮૭૨૯૮૯,
મો. ૦-૯૩૪૧૦૪૧૮૪૭
૦-૯૯૪૫૮ ૨૨૮૫૬, ૦-૯૯૮૦૭ ૨૪૬૧૯

**CHENNAI**

**શ્રી નવનીતભાઈ પી. શાહ**
ફોન : (૦૪૪) ૨૮૩૪૦૭૩૦
મો. ૦-૯૮૪૦૯ ૮૫૦૯૮

**HIMATNAGAR**

**શ્રી જયંતીભાઈ કે. શાહ**
ફોન : (૦૨૭૭૨) ૨૩૪૬૪૮, મો. ૯૩૭૭૪ ૬૭૯૫૬

**KOLKATA**

**શ્રી અશ્વિનભાઈ ભાનુભાઈ દેસાઈ**
૩૫-૧, જવાહરલાલ નહેરુ રોડ,
કૈલાસ બિલ્ડીંગ, ફ્લેટ નં. ૧૧એ, કોલકાતા.
મો. ૦-૯૩૩૧૦ ૮૫૮૪૯/૪૭

**LAXMIPURA**

**શ્રી લાલજીભાઈ પટેલ** - ફોન : (૦૨૭૭૫) ૨૪૧૩૭૪
મો. ૯૯૨૪૭૪૨૨૭૫, ૭૬૯૮૨૮૪૭૪૫

**LIMBDI**

**શ્રી ડૉ. હેમંતભાઈ ડગલી**
ફોન : (૦૨૭૫૩) ૨૬૦૨૯૮૦
મો. ૯૩૭૬૬૫૫૭૦૧, ૯૩૭૬૬૫૫૫૦૨

**PUNE**

**શ્રી શૈલેષભાઈ પ્રતાપભાઈ મહેતા**
ફોન : (૦૨૦) ૨૪૪૫૪૪૬૪, ૦-૯૭૬૩૭૨૮૨૮૯

**RAJKOT**

**શ્રી નરેન્દ્રભાઈ વી. શાહ**
૬૩, અમૃતપાર્ક, ગલી નં. ૪, 'અમીદૃષ્ટિ'
પંચવટી મેઈન રોડ, અતિથિ એપાર્ટમેન્ટ પાછળ,
રાજકોટ. ફોન : (૦૨૮૧) ૨૪૫૦૧૯૦
મો. ૯૪૨૭૨ ૫૪૫૫૯,૯૯૨૫૪ ૦૯૨૧૦

**RAKHIYAL**

**શ્રી રામજીભાઈ પટેલ** (લોકનાદ શિક્ષણ સંકુલ)
ફોન : (૦૨૭૧૬) ૨૬૭૬૩૩, ૯૮૨૫૪૮૪૭૯૫

**SURENDRANAGAR**

**શ્રી અપૂર્વભાઈ સુરેશભાઈ શેઠ**
વર્ધમાન મૂળજી એન્ડ સન્સ
ફોન : (૦૨૭૫૨) ૨૩૨૩૦૬, ૨૮૫૧૭૮
મો. ૯૮૨૫૩ ૫૫૯૨૧,૯૪૨૬૭ ૫૫૧૬૬

**VADODARA**

**શ્રીમતી શિલ્પાબેન પુલકિતભાઈ મહેતા**
C/o. ભારત ઉદ્યોગ હાટ
ફોન : (૦૨૬૫) ૨૫૫૯૫૩૬,
(ઘર) ૨૪૮૧૭૩૮, મો. ૯૩૭૬૨ ૧૬૨૬૬

## OVERSEAS

**U. K. (0044)**

1. Mrs. Shrutiben Malde - Ph. 208-668-3057
2. Mr. Vinaybhai K. Shah
   Ph. 208-951-5424, 740-711-9456
3. Mr. Harshadbhai Sanghrajka
   Ph. 208-954-9632, 192-324-9898
   M. 0044-796-972-2109

**U.S.A. (001)**

4. Mr. Prafulbhai Lakhani
   Ph. 631-423-9647, (O) 516-679-1200
   M. 516-901-9368
5. Mr. Mahedrabhai Khandhar
   Ph. 714-894-2930, 714-376-5112
6. Mr. Birenbhai Pravinbhai Mehta
   Ph. 714-389-3672

**KENYA**

7. Mr. Manubhai S. Shah, Ph. 254-2375-1679

**CANADA (Toronto)**

8. Mr. Jyotindrabhai Soneji, Ph. 905-669-5318

# સમાજ-સંસ્થા દર્શન

## સંસ્થા આયોજિત દીપાવલી આરાધના શિબિર તથા ડિસેમ્બરની આધ્યાત્મિક શિબિરમાં પધારવા નિમંત્રણ

આપણી સંસ્થામાં તા. ૯-૧૧-૧૫ થી તા. ૧૨-૧૧-૧૫ દરમ્યાન દીપાવલી આરાધના શિબિર યોજાશે. શિબિર દરમિયાન આદ.બા.બ્ર. જિતેન્દ્રભાઈ (મહારાષ્ટ્ર)ની સ્વાધ્યાયશ્રેણીનું આયોજન કરેલ છે; જેમાં તેઓ ધ્યાનનો અભ્યાસ કરાવશે. આ ઉપરાંત પૂજ્યશ્રીના સ્વાધ્યાય તેમજ રાત્રે મંત્રજાપના કાર્યક્રમો યોજાશે.

તા. ૧-૧૨-૨૦૧૫ થી તા. ૩-૧૨-૨૦૧૫ સુધી આધ્યાત્મિક શિબિર દરમિયાન આદ.બા.બ્ર. પૂજ્યશ્રી ગોકુળભાઈની સ્વાધ્યાયશ્રેણી યોજાશે. આ ઉપરાંત પૂજ્યશ્રી આત્માનંદજી, આદ. પદ્મશ્રી ડૉ. કુમારપાળભાઈ દેસાઈ, બા.બ્ર.સુરેશજીના સ્વાધ્યાય ઉપરાંત તા. ૧-૧૨-૨૦૧૫ના રાત્રે આદ.શ્રી જય અશોકભાઈ શાહની ભક્તિસંગીત, યુવા સાધક ગ્રુપની ભક્તિસંગીત જેવા વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે.

આત્મકલ્યાણ અર્થે શિબિરમાં પધારવા સૌને હાર્દિક નિમંત્રણ છે. આપના આગમનની અગાઉથી સંસ્થામાં જાણ કરવા નમ્ર વિનંતી છે.

## 'દિવ્યધ્વનિ' અંકના વિશિષ્ટ સહયોગી દાતા બનવા અંગે વિજ્ઞપ્તિ

છેલ્લા થોડાક વર્ષોથી કાગળ, ટાઈપસેટિંગ, પ્રિન્ટિંગ વગેરેમાં ભાવવધારો થયેલ છે. 'દિવ્યધ્વનિ'ની ક્વૉલીટી જાળવવા અમો પ્રયત્નશીલ છીએ. આ માટે આપના સહયોગની આવશ્યકતા છે. આપ રૂા. ૧૫,૦૦૦/-નો આર્થિક સહયોગ આપી 'દિવ્યધ્વનિ' અંકના વિશિષ્ટ સહયોગી દાતા બની શકો છો. આ દાતાઓના નામ જે તે અંકના ટાઈટલ પેજ - ૪ પર છાપવામાં આવશે. આ 'જ્ઞાનદાન' માટે આપનો અમૂલ્ય આર્થિક સહયોગ આવકાર્ય છે.

## સંસ્થામાં યોજાયેલ 'સમ્યક્ચારિત્ર' વિષયક લેખિત કસોટીનું પરિણામ

મુમુક્ષુ ભાઈ-બહેનોને તત્ત્વનો અભ્યાસ થાય તે હેતુથી સંસ્થા દ્વારા અનેક ઉપયોગી વિષયો પર લેખિત કસોટીનું અવારનવાર આયોજન કરવામાં આવે છે. તા. ૯-૯-૧૫ના દિવસે 'સમ્યક્ ચારિત્ર' વિષયના આધારે સંસ્થામાં લેખિત કસોટી યોજાઈ ગઈ. અભ્યાસક્રમ તેમજ પ્રશ્નપત્ર તૈયાર કરવામાં તથા જવાબ પેપરોને તપાસવામાં આદ. બા.બ્ર.સુરેશજીએ ખૂબ પ્રેમપરિશ્રમ લીધો હતો. પરીક્ષાની આ કાર્યવાહીમાં આદ. બા.બ્ર. જનકબેન તથા આદ. શ્રી ચંપકભાઈ પરમાર્થીએ પ્રશંસનીય સહયોગ આપ્યો હતો. આ સર્વેને સંસ્થા તરફથી સાભાર ધન્યવાદ પાઠવીએ છીએ. લેખિત કસોટીમાં ભાગ લેવા બદલ મુમુક્ષુ ભાઈ-બહેનોને ખૂબ ખૂબ ધન્યવાદ. કુલ ૧૦૦ ગુણની કસોટી લેવામાં આવી હતી. પ્રથમ દશ ક્રમાંક મેળવનાર મુમુક્ષુ ભાઈ-બહેનોના નામ નીચે મુજબ છે –

૧. બા. બ્ર. અલકાબેન (૯૩ ગુણ), ૨. બા. બ્ર. જનકબેન (૯૨.૫ ગુણ), ૩. શ્રી મહેન્દ્રભાઈ ખંધાર

(૮૬.૫ ગુણ), ૪. ડૉ. રાગિણીબેન શાહ (૮૬ ગુણ), ૫. શ્રી રેખાબેન પરમાર્થી (૮૫ ગુણ), ૬. શ્રી સંતોષકુમારજી જૈન (૮૪.૫ ગુણ), ૭. શ્રી મિતેશભાઈ શાહ (૮૧ ગુણ), ૮. શ્રી રમણભાઈ શાહ (૭૭.૫ ગુણ), ૯. શ્રી તરલાબેન બાવીસી (૭૭ ગુણ), ૧૦. શ્રી રમાબેન વસઈ (અમરેલીવાળા) (૭૬ ગુણ)

'સમ્યક્ચારિત્ર'નો વિષય અગત્યનો હોવાથી મુમુક્ષુ ભાઈ-બહેનોને તેનું વિશેષ દૃઢીકરણ થાય તે હેતુથી તા. ૧૧-૨-૨૦૧૬ ના રોજ બપોરે ૩-૧૫ વાગ્યે સંસ્થામાં આ વિષય પર કસોટી યોજાશે.

## સંસ્થા દ્વારા પુસ્તક પ્રકાશન અંગે વિજ્ઞપ્તિ

સંસ્થા દ્વારા નીચેના બે પુસ્તકોનું પુનઃમુદ્રણ થઈ રહ્યું છે, જેનો અંદાજિત ખર્ચ નીચે પ્રમાણે છે

| **ક્રમ** | **પુસ્તકનું નામ** | **અંદાજિત ખર્ચ** |
|---|---|---|
| ૧. | પ્રાર્થના | રૂ. ૧,૨૦,૦૦૦/- |
| ૨. | 'સાધકસાથી'નો અંગ્રેજી અનુવાદ (Aspirant's Guide) | રૂ. ૮૦,૦૦૦/- |

ઉપરોક્ત પ્રકાશનો માટે આપનો અમૂલ્ય આર્થિક સહયોગ આપી જ્ઞાનદાનના યજ્ઞમાં સહભાગી થવા નમ્ર વિનંતી છે. યોગદાન આપવા ઈચ્છુક દાતાઓએ નીચેના E-mail પર સંપર્ક કરવા વિનંતી.

(1) publication@shrimadkoba.org, (2) cc to : ashok.koba@gmail.com

## સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા દાનવીર મહાનુભાવો

સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા નીચેન દાનવીર મહાનુભાવોને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે :

● **મેડિકલ સેન્ટર :**

(૧) આદ. શ્રી ચંદ્રકાન્તભાઈ ત્રિભોવનદાસ મહેતા તથા આદ.શ્રી મૃદુલાબેન ચંદ્રકાન્તભાઈ મહેતા, માટુંગા, મુંબઈ (મેડિકલ સેન્ટરના નિભાવખર્ચ માટે) રૂા. ૫,૦૦,૦૦૦/-

મેડિકલ સેન્ટર અંગે વિશેષ માહિતી મેળવવા આદ. ડૉ. રાજેશભાઈ સોનેજી (મો. ૯૮૨૪૦૪૭૬૨૧) અથવા આદ.શ્રી જયંતીભાઈ જોબાલિયા (પૂના) (મો. ૯૪૨૯૭૭૫૫૫૪) કે સંસ્થાના કાર્યાલયનો સંપર્ક કરવા વિનંતી.

● **ગુરુકુળ વિભાગ :**

(૧) આદ.શ્રી પ્રવીણભાઈ તથા આદ.શ્રી ભારતીબેન મહેતા, યુ.એસ.એ. (કાયમી શુભેચ્છક વાલી) રૂા. ૧,૦૦,૦૦૦/-

(૨) આદ.શ્રી પ્રદીપભાઈ શાહ (યુ.એસ.એ.) (કાયમી શુભેચ્છક વાલી) રૂા. ૧,૦૦,૦૦૦/-

● **પુસ્તક પ્રકાશન :**

(૧) આદ.શ્રી પ્રદીપભાઈ શાહ (યુ.એસ.એ.) રૂા. ૨૫,૦૦૦/-

● **ઓડીયો-વીડિયો વિભાગ :**

(૧) આદ.શ્રી પ્રદીપભાઈ શાહ (યુ.એસ.એ.) રૂા. ૧,૦૦,૦૦૦/-

● **ભોજનાલય :**

(૧) આદ.શ્રી પ્રદીપભાઈ શાહ (યુ.એસ.એ.) (કાયમી તિથિ) રૂા. ૧,૫૦,૦૦૦/-

સંસ્થાના ભોજનાલયમાં પીવાના શુદ્ધ પાણીની વ્યવસ્થા સુચારુ રૂપે ચાલે તે માટે આર.ઓ. પ્લાન્ટ, તેના અપગ્રેડેશન અને નિભાવનું સમગ્ર કાર્ય સેવાભાવી, નમ્ર તથા નિખાલસ મુમુક્ષુ આદ.શ્રી પંકજભાઈ આર. શાહ પરિવાર (મુંબઈ) તરફથી છેલ્લાં પાંચેક વર્ષથી ચાલે છે. તેઓની આ નિઃસ્વાર્થ સેવા માટે સંસ્થા તેઓશ્રીને સાભાર ધન્યવાદ પાઠવે છે.

## સંસ્થામાં શ્રી પર્યુષણ મહાપર્વની આરાધના ધર્મોલ્લાસસભર વાતાવરણમાં સંપન્ન

આપણી સંસ્થામાં તા. ૧૦-૯-૧૫ થી તા. ૧૭-૯-૧૫ દરમિયાન પૂજ્યશ્રી આત્માનંદજીના પાવન સાન્નિધ્યમાં શ્રી પર્યુષણ મહાપર્વની આરાધના ઉલ્લાસમય વાતાવરણમાં સંપન્ન થઈ. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન પ્રજ્ઞાવંત, સેવાભાવી તથા સમર્પિત મુમુક્ષુ આદ. ભાઈશ્રી શરદભાઈ ડેલીવાળાએ કર્યું હતું.

● **સ્વાધ્યાય** : નાનપણથી જ ધર્મમાં રુચિવાન, સમગ્ર ભારતમાં સ્વાધ્યાય દ્વારા જ્ઞાનનો લાભ આપનાર, યુવાપેઢીને સુસંસ્કારિત કરવા માટે વિશેષ પરિશ્રમ કરનાર, આગમને અનુરૂપ આચરણ કરનાર તથા સરળતા, સાદગી અને વાત્સલ્યથી સભર બા.બ્ર.આદ. પંડિતજી શ્રી સુમતપ્રકાશજીએ સ્વાધ્યાય આપતા જણાવ્યું કે અનેકાંત એટલે વસ્તુનું યથાર્થ સ્વરૂપ, વસ્તુવિજ્ઞાન, Universal Truth. સ્વાદ્‌વાદ એટલે ભાષાવિજ્ઞાન, કોઈ અપેક્ષાએ પદાર્થનું કથન. અનેકાંત અવક્તવ્ય છે, સ્વાદ્‌વાદ વકતવ્ય છે. જ્ઞાન એ જ્ઞેયોને તટસ્થરૂપે જાણવાનું કામ કરે છે. વ્યવહારનયના ચાર પ્રકાર છે : (૧) ઉપચરિત અસદ્‌ભુત વ્યવહારનય, (૨) અનુપચરિત અસદ્‌ભુત વ્યવહારનય, (૩) ઉપચરિત સદ્‌ભુત વ્યવહારનય, (૪) અનુપચરિત સદ્‌ભુત વ્યવહારનય. નિશ્ચયનયના ચાર ભેદ : (૧) અશુદ્ધ નિશ્ચયનય, (૨) એકદેશ શુદ્ધ, (૩) સાક્ષાત્ શુદ્ધ, (૪) પરમ શુદ્ધ નિશ્ચયનય.

સ્વસ્થ જીવન અને શાંત પરિણતિ એ સુખ-શાંતિ માટે જરૂરી છે. દુઃખના સંયોગો ભલે હોય, પણ અંતરથી દુઃખી થવું તે પાપનો ઉદય છે. જિનાગમને સમજવાની પાંચ પદ્ધતિ છે - શબ્દાર્થ, ભાવાર્થ, નયાર્થ, આગમાર્થ અને મતાર્થ. જ્ઞાન બહારમાં નહિ, આત્મામાં છે. બીમારીનું મૂળ કારણ અસંયમ અને પ્રમાદ છે. જ્ઞાનમાં જ્ઞેય પ્રવેશ કરતું નથી. જ્ઞાનમાં અનંત જ્ઞેય ઝળકે છે છતાં જ્ઞાનીઓ તેનો વિકલ્પ છોડી આત્મસ્વરૂપમાં ડૂબકી લગાવે છે. મંદકષાયથી પુણ્યબંધ થાય છે. આત્મા અસંખ્યાત પ્રદેશોથી જાણવાનું કામ કરે છે. હું આત્મા છું. મારામાં જ્ઞાન છે. હું જ્ઞાનથી જ્ઞેયને જાણું છું. જેમની દૃષ્ટિ જ્ઞાયક પર હોય તેમને પરમાર્થભક્તિ પ્રગટે છે. સત્પુરુષ એટલે ત્રિકાળી ધ્રુવ આત્મા. જીવ પ્રસન્ન રહે તે પુણ્યનો ઉદય અને દુઃખી થાય તે પાપનો ઉદય. નિર્ગ્રંથનો માર્ગ હૃદયને પવિત્ર કરવાથી સમજાય છે. સ્વરૂપસ્થ થવા માટે સદ્‌ગુરુરૂપી નિમિત્તની આવશ્યકતા છે. રાગ-દ્વેષ-મોહાદિ ભાવો આત્માના પ્રદેશોમાં થાય છે છતાં નિશ્ચયથી આત્માના નથી. પાપ કરવાં પડે તો અંતરમાં તેની નિંદા કરવી. પુણ્ય કથંચિત હેય અને કથંચિત ઉપાદેય છે. સત્કાર્યો, ધર્મકાર્યોની અનુમોદના કરો. મનુષ્યભવ ભવનો અભાવ કરવા માટે મળ્યો છે. ધર્મ પ્રાપ્ત કરવો હોય તો પ્રથમ ધર્મી જીવોનો સંગ કરો. આપણા ગુરુ સમક્ષ કોઈ પણ દોષો છુપાવવા નહિ. ગુરુ આપણા દોષો બતાવે તો પ્રસન્ન થવું, બધા નયોનો રાજા પરમ શુદ્ધ નિશ્ચયનય છે. કર્મોની સ્થિતિ અને અનુભાગ ઘટવાં એટલે અપકર્ષણ અને વધવાં એટલે ઉત્કર્ષણ. નિશ્ચયથી પર પદાર્થોનો આત્મામાં અભાવ છે. એટલે તેને ભોગવી ન શકે. ભૂતકાળને

વાગોળો નહિ, વર્તમાનમાં જીવો. ભવિષ્યમાં ઉદયમાં આવનારા કર્મોને વર્તમાનમાં ઉદયમાં લાવીને ભોગવી લેવાં તેનું નામ ઉદીરણા.

આદ. પંડિતજીએ ધર્મવાર્તા / પ્રશ્નોત્તરી કાર્યક્રમ અંતર્ગત મુમુક્ષુ ભાઈ-બહેનો દ્વારા પુછાયેલા આત્મવિકાસલક્ષી પ્રશ્નોનું સુંદર સમાધાન કર્યું હતું.

પૂજ્યશ્રી આત્માનંદજીએ સ્વાધ્યાય આપતા જણાવ્યું કે વીર્યાચાર એ બધા આચારને બળ પૂરું પાડે છે. સાધના કરતી વખતે 'હું ઉપયોગરૂપ છું.' તેવો લક્ષ્ય રાખવો. અશુભોપયોગથી નિવર્તવું, શુભમાં પ્રવર્તવું, પણ લક્ષ તો શુદ્ધોપયોગનો (આત્મશુદ્ધિ)નો રાખવો. સર્વ પ્રકારના મમત્વને ઘટાડવાં પ્રયત્ન કરવો. શક્તિ અનુસાર શક્ય તેટલી સાધના-આરાધના કરવી. જ્ઞાતા-દૃષ્ટા રહેવા પ્રયત્ન કરવો. જિનેશ્વર ભગવાનની આજ્ઞા અનુસાર જીવન જીવે તેનું નામ શ્રાવક. સાચા મુનિનો અતીન્દ્રિય આનંદ વર્ણનાતીત છે. શ્રાવકે છ આવશ્યકોનું પાલન કરવું જોઈએ. ધર્મનું સ્વરૂપ જાણીને તેને જીવનમાં ઉતારવા પ્રયત્ન કરવો. શ્રાવકે નિયમિત સ્વાધ્યાય કરવો જોઈએ. દાન અને પૂજા એ ગૃહસ્થધર્મના પાયા છે. લોભને ઘટાડવાં અને પોતાની પાત્રતા વધારવાં દાન કરવું જરૂરી છે. ભગવાનની પૂજા કરવાથી આપણો અહંકાર ઘટે છે. જે ક્રિયા સમજણપૂર્વક-ભાવભાસનપૂર્વક કરવામાં આવે છે તેનું ઉત્તમ ફળ પ્રાપ્ત થાય છે. થોડો પણ ધર્મ સમજીને કરવામાં આવે તો તે લાભનું કારણ છે.

પ્રજ્ઞાવંત, મુમુક્ષુવિશેષ, ભક્તહૃદયયુક્ત આદ. શ્રી મહેન્દ્રભાઈ ખંધારે, 'સાધકનું આત્મનીરિક્ષણ અને કસોટીઓ' વિષયના આધારે મુમુક્ષુતા વર્ધમાન કરવા માટે અત્યંત ઉપયોગી અને મનનીય સ્વાધ્યાય આપ્યો હતો. સ્વાધ્યાય અંતર્ગત, આપણે ધર્મના માર્ગે છીએ કે નહિ તેની નવ કસોટીઓ, આપણા જીવનમાં પરિવર્તન થયું છે કે નહિ તેની ચાર કસોટીઓ તથા સમ્યગ્દર્શન થયું છે કે નહિ તેની નવ કસોટીઓનું સુંદર વિવેચન કર્યું હતું.

• **શ્રી ભરતચક્રવર્તીનું જીવનચરિત્ર :** આદ. બા.બ્ર.શ્રી સુરેશજીએ રત્નાકર વર્ણીજી રચિત 'ભરતેશ વૈભવ'ના આધારે તત્ત્વસભર, રસપ્રદ શૈલીમાં શ્રી ભરત ચક્રવર્તીનું જીવનચરિત્ર પ્રસ્તુત કર્યું હતું. તે અંતર્ગત કાળચક્ર, શ્રી ઋષભદેવ ભગવાનની દીક્ષા-કેવળજ્ઞાન તથા દેશના, સમવસરણની રચના, ભરતજીની દિનચર્યા, ભરતજીની સાધના તથા ધ્યાન, ભરતજીની દિગ્વિજયયાત્રા, ભરત-બાહુબલિ યુદ્ધ, બાહુબલિનો વૈરાગ્ય, ભરતજીનો અંતર-બાહ્ય વૈભવ, ભરતજીના પુત્રોની દીક્ષા, ભરતજીનો વૈરાગ્ય - દીક્ષા અને કેવળજ્ઞાન વગેરે પ્રસંગોને તત્ત્વસભર શૈલીમાં પ્રસ્તુત કર્યા હતા.

• **ભક્તિસંગીત :** પર્યુષણ પર્વ અંતર્ગત શ્રી ભક્ત મુમુક્ષુવૃંદ, કોબા તથા યુવાભક્ત ગ્રુપ, કોબા - એ ભાવવાહી ભક્તિસંગીત પીરસીને સૌને પ્રભુ-ગુરુમય બનાવ્યા હતા.

• **લઘુવક્તવ્યો :** મહાપર્વ દરમિયાન નીચેના મુમુક્ષુ ભાઈ-બહેનોએ લઘુવક્તવ્યો પ્રસ્તુત કર્યા હતા : (૧) આદ. શ્રી અરૂણભાઈ બગડિયા - યત્ના, (૨) આદ. શ્રી સુધાબેન લાખાણી - શ્રી સદ્‌ગુરુદેવ, (૩) આદ. શ્રી ઉષાબેન શેઠ - શ્રી સમયસાર ગાથા - ૩૮, (૪) આદ. શ્રી શરદભાઈ જશવાણી - વચનામૃત પત્રાંક - ૧૨૮, (૫) આદ. શ્રી મિતેશભાઈ શાહ - ચાર ભાવના

• **ધ્યાનનો અભ્યાસ :** પર્વ દરમિયાન આદ. શ્રી અશોકભાઈ પી. શાહે કેસેટના માધ્યમથી સૌને ધ્યાનનો અભ્યાસ કરાવ્યો હતો.

● **પુસ્તક વિમોચન** : સંસ્થા પ્રકાશિત **'દૈનિક ભક્તિક્રમ'** તથા **'ભક્તિપરાગ'**ની નવી આવૃત્તિનું વિમોચન તા. ૧૨-૦૯-૧૫ના દિવસે પૂજ્યશ્રી આત્માનંદજી તથા પૂજ્ય બહેનશ્રીના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આદ. શ્રી નરેન્દ્રભાઈ તથા જ્યોતિબહેન શાહ (રાજકોટ) તરફથી ઉપરોક્ત પુસ્તકોની કુટુંબદીઠ પ્રભાવના કરવામાં આવી હતી.

સંસ્થા પ્રકાશિત નૂતન **દિવાળી પુસ્તિકા 'જીવનઅર્ક'**નું વિમોચન તા. ૧૩-૯-૧૫ના રોજ આદ. પંડિતજી બા.બ્ર.શ્રી સુમતપ્રકાશજીના વરદ્ હસ્તે કરવામાં આવ્યું. આદ. શ્રી વિનોદિનીબેન તથા આદ. શ્રી જીવણભાઈ તરફથી વ્યક્તિદીઠ દિવાળી પુસ્તિકાની પ્રભાવના કરવામાં આવી હતી.

● **નેચરોપથી તથા અભક્ષ્ય આહાર સંબંધી સમજૂતી :** આદ. શ્રી પંડિતજી સાથે પધારેલ સાધકે બજારના અભક્ષ્ય પદાર્થોમાં થતી હિંસા, પાણીમાં રહેલા જીવો વગેરે બાબતોની પ્રોજેક્ટર દ્વારા સુંદર સમજૂતી આપી હતી.

નેચરોપથી ડૉ. અલ્પાબેન યાજ્ઞિકે પ્રોજેક્ટર દ્વારા સમજૂતી આપતા જણાવ્યું કે ડેરીની વસ્તુઓ, મીઠું, ખાંડ, તેલ અને મેંદાની વસ્તુઓ શરીર માટે હાનિકારક છે. બજારના સોફ્ટ ડ્રીંક્સ, આઈસ્ક્રીમ, ચોકલેટ, બ્રેડ, બર્ગર વગેરે ખાવાથી આપણા પાચકરસો નબળા પડે છે. સિંધવ, લીંબુ પાણી, દલિયાખીચડી, લેમન ટી, હર્બલ ટી, આખા ધાન, બ્રાઉન રાઈસ વગેરે શરીર માટે ફાયદાકારક છે.

● **તપની આરાધના : तपसा निर्जरा च ।** તપ કરવાથી કર્મોની નિર્જરા થાય છે. સંસ્થામાં નીચેના તપસ્વી ભાઈ-બહેનોએ તપની આરાધના કરી હતી :

| | | | |
|---|---|---|---|
| ૧. | આદ. શ્રી મોહનભાઈ કે. પ્રજાપતિ | (લક્ષ્મીપુરા) | ૮ ઉપવાસ |
| ૨. | આદ શ્રી રેખાબેન એસ. શાહ | (અમદાવાદ) | ૩ ઉપવાસ |
| ૩. | આદ. શ્રી ઉષાબેન કોઠારી | (અમદાવાદ) | ૩ ઉપવાસ |
| ૪. | આદ. શ્રી દેવજીભાઈ પટેલ | (ગલોડિયા) | ૩ ઉપવાસ |
| ૫. | પૂજ્ય બહેનશ્રી ડૉ. શર્મિષ્ટાબેન | (કોબા) | ૨ ઉપવાસ |
| ૬. | આદ. શ્રી પ્રકાશભાઈ એચ. શાહ | (અમદાવાદ) | ૨ ઉપવાસ |

તપસ્વી ભાઈ-બહેનોના પૂજ્યશ્રીના વરદ્ હસ્તે પારણા થયા હતા. આ ઉપરાંત અનેક મુમુક્ષુ ભાઈ-બહેનોએ ઉપવાસ, એકાસણા, રસપરિત્યાગ, ઊણોદરી વગેરે તપશ્ચર્યાઓ કરી હતી. સર્વે તપસ્વી ભાઈ-બહેનોના તપની અનુમોદના સહ અનેકશઃ ધન્યવાદ પાઠવીએ છીએ.

## સંસ્થામાં યોજાયેલ થાઈરોઈડ કેમ્પ સાનંદ સંપન્ન

સંસ્થામાં આધ્યાત્મિક પ્રવૃત્તિઓ સાથે સમાજોપયોગી પ્રવૃત્તિઓ પણ થતી રહે છે. સંસ્થા સંચાલિત મેડિકલ સેન્ટર દ્વારા અનેક જરૂરતમંદોને મેડિકલ સારવાર આપવામાં આવે છે. મેડિકલ સેન્ટરના ઉપક્રમે તા. ૧૩-૯-૧૫ના રોજ Abbot કંપનીના સહયોગથી થાઈરોઈડ કેમ્પ યોજાયો હતો. પૂજ્યશ્રી આત્માનંદજીના વરદ્ હસ્તે કેમ્પનું ઉદ્‌ઘાટન થયું. કુલ ૧૨૯ દર્દીઓએ આ કેમ્પનો લાભ લીધો હતો. ઉપરોક્ત ૧૨૯ સેમ્પલમાંથી ૪૦ સેમ્પલમાં રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. આ ૪૦ દર્દીઓને ફ્રી T3 / T4 રિપોર્ટ કરાવી થાઈરોઇડની દવા ફ્રી આપવામાં આવી હતી. આ કેમ્પ માટે આર્થિક સહયોગ સ્વ. સુધાબહેન કુમુદભાઈ

મહેતા (મુંબઈ)ની પુણ્ય સ્મૃતિમાં આદ. શ્રી કુમુદભાઈ મહેતા તરફથી સાંપડ્યો છે, તે બદલ સંસ્થા તેમનો હૃદયપૂર્વક આભાર માને છે. કેમ્પને સફળ બનાવવા માટે આદ. ડૉ. રાજેશભાઈ સોનેજી તથા આદ. શ્રી જયંતિભાઈ જોબાલિયા (પૂના) એ ખૂબ પ્રેમપરિશ્રમ લીધો હતો. આ ઉપરાંત કેમ્પને સફળ બનાવવા માટે સહયોગ આપનાર સર્વે મુમુક્ષુઓને અનેકશઃ ધન્યવાદ પાઠવીએ છીએ.

## સંસ્થા સંચાલિત ગુરુકુળમાં કમ્પ્યૂટર લેબનું ઉદ્‌ઘાટન

સંસ્થા સંચાલિત 'વિદ્યા-ભક્તિ-આનંદધામ ગુરુકુળ'ના બાળકોને કમ્પ્યૂટરનું પદ્ધતિસરનું જ્ઞાન મળી રહે તે હેતુથી તા. ૧૩-૯-૨૦૧૫ના રોજ પૂજ્યશ્રીના પાવન સાન્નિધ્યમાં કમ્પ્યૂટર લેબનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. બાળકોને કમ્પ્યૂટર શીખવવા માટે નિષ્ણાંત શિક્ષકની નિમણૂંક કરવામાં આવી છે.

પૂજ્યશ્રી તથા મહાનુભાવોના વરદ્ હસ્તે કમ્પ્યૂટર લેબનું ઉદ્‌ઘાટન થયું. આવકાર ઉદ્‌બોધનમાં આદ. શ્રી કિશોરભાઈ શેઠે કમ્પ્યૂટર લેબ વિશે માહિતી આપી. આદ. ડૉ. રાજેશભાઈ સોનેજીએ વર્તમાન યુગમાં કમ્પ્યૂટરની આવશ્યકતા પર ભાર મૂકી, સંસ્થાની પુણ્યભૂમિમાં સંતના સાન્નિધ્યમાં રહેતા વિદ્યાર્થીઓના સૌભાગ્યની સરાહના કરી. તેઓશ્રીએ ગુરુકુળ નિર્માણ તથા સંચાલનમાં સહયોગ આપનારા સૌ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી. સંસ્થાના ટ્રસ્ટી મહોદય આદ. શ્રી પ્રકાશભાઈ એચ શાહે આધ્યાત્મિક પ્રવૃત્તિઓ સાથે સંસ્થા દ્વારા થતી સામાજિક સેવાઓ અંગે માહિતી આપતા પરોપકારી જીવન જીવવાનો અનુરોધ કર્યો હતો. પૂજ્ય બહેનશ્રીએ ગુરુકુળના વિકાસ માટે તન-મન-ધનથી સહયોગ આપનારા સૌ કોઈનો સંસ્થા વતી અંતઃકરણપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

## વીરચંદ રાઘવજી ગાંધીની સ્મૃતિમાં વર્ષભર કાર્યક્રમો થશે

ભારતીય સંસ્કૃતિના જ્યોતિર્ધર શ્રી વીરચંદ રાઘવજી ગાંધીની ૧૫૧મી જન્મજયંતીએ ગૂજરાત વિદ્યાપીઠમાં યોજાયેલાં પરિસંવાદમાં વિદ્યાપીઠના કુલનાયક શ્રી અનામિક શાહે વીરચંદ રાઘવજી અને સ્વામી વિવેકાનંદના ભારતીય સંસ્કૃતિના કાર્યની વિગતે છણાવટ કરી હતી, જ્યારે શ્રી ગુણવંતભાઈ બરવાળિયાએ શ્રી વીરચંદ ગાંધીના ષડ્‌દર્શન અને વિશેષે જૈન ધર્મના તત્ત્વજ્ઞાનના વિસ્તૃત જ્ઞાનનો પરિચય આપીને પાલિતાણા અને સમેતશિખર જેવા તીર્થોનો વિવાદ ઉકેલવામાં એમણે ભજવેલી ભૂમિકાનું મહત્ત્વ સમજાવ્યું હતું. વીરચંદ ગાંધીના વિચારોની પ્રસ્તુતતા અંગે જૈનદર્શનના વિદ્વાન ડૉ. કુમારપાળ દેસાઈએ કહ્યું હતું કે આજથી સવાસો વર્ષ પહેલાં વીરચંદ ગાંધીએ અમેરિકામાં યોગ, અધ્યાત્મ, એકાગ્રતા, શાકાહાર, વૈશેષિક દર્શન, જૈનદર્શન, બૌદ્ધદર્શન, ભારતીય ઈતિહાસ વગેરે વિષયો પર વક્તવ્યો આપ્યાં હતાં. વિશ્વધર્મ પરિષદમાં વીરચંદ ગાંધીનાં પ્રવચનોએ વિદેશીઓનું ધ્યાન ખેંચ્યું હતું અને સ્વામી વિવેકાનંદના પરમ મિત્ર અને મહાત્મા ગાંધી સાથે મુંબઈમાં એક રૂમમાં રહેનાર વીરચંદ ગાંધીએ અમેરિકામાં ત્રણ અને ઈંગ્લેન્ડમાં બે સંસ્થાઓ ભારતીય તત્ત્વજ્ઞાનને માટે સ્થાપી હતી.

વિદ્યાપીઠના કુલસચિવ શ્રી રાજેન્દ્ર ખીમાણીએ કહ્યું કે શ્રી વીરચંદ ગાંધીએ અમેરિકામાં એકાગ્રતા વિશે બાર વ્યાખ્યાનો આપ્યા હતા અને અમારા અનુભવે સિદ્ધ થયું છે કે કાંતણ એ એકાગ્રતા માટેનું ઉત્તમ માધ્યમ છે. ડૉ. પ્રીતિ એ. શાહે વીરચંદ ગાંધીના જ્ઞાતિએ કહેલા બહિષ્કારથી ઉદ્‌ભવેલી સ્થિતિનો ચિતાર આપ્યો હતો તો ડૉ. નલિની દેસાઈએ અમેરિકામાં વીરચંદ ગાંધીએ પાડેલા પ્રભાવની વાત કરી હતી.

છાયાબહેન શાહે વીરચંદ ગાંધીએ સામાજિક રૂઢિઓ સામે દાખવેલો આક્રોશ અને શ્રી પ્રીતિબહેન

એન. શાહે શિકાગોની વિશ્વધર્મ પરિષદમાં એમણે કરેલાં કાર્યોનો ઉલ્લેખ કર્યો હતો, જ્યારે મહેશભાઈ ગાંધીએ વીરચંદ ગાંધીની નિઃસ્પૃહતા અને વિસ્તૃત જ્ઞાનનો ખ્યાલ આપ્યો હતો. શ્રી ગૌરવ શેઠે આભારવિધિ કરીને આખું વર્ષ વીરચંદ ગાંધીના જીવન-કાર્યોના સંદર્ભે વ્યાખ્યાનો, પરિસંવાદ વગેરે આયોજનો કરવાનાં સૂચનો આપ્યાં હતાં.

## ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજીના સહયોગથી લંડનમાં યોજાયેલું શ્રી દલાઈ લામાનું પ્રવચન

લંડનના નવ દિવસના પ્રવાસે આવેલા શ્રી દલાઈ લામાનું લંડનના તિબેટ હાઉસ તથા ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજીના ચેરમેન શ્રી નેમુ ચંદરયા અને વિનોદ ટેઈલરના સહકારથી એક પ્રવચનનું આયોજન કરવામાં આવ્યું હતું. લંડનમાં વસતી ભારતીય કોમ્યુનિટીને 'અહિંસા : ભારતનું વિશ્વમાં પ્રદાન' એ વિષય પર દલાઈ લામાએ પ્રવચન આપ્યું હતું.

આ પ્રસંગે શ્રી દલાઈલામાએ જણાવ્યું હતું કે ભારતીય સમુદાયના બે હજારો લોકોને ભારતની હજારો વર્ષની પ્રાચીન પરંપરા એવી અહિંસા વિશે વાત કરતાં આનંદ થાય છે. આ અહિંસાની ભાવના દ્વારા અનુકંપાના કાર્યોને પ્રોત્સાહન આપવામાં આવે છે. એમણે કહ્યું કે એક સમુદાય તરીકે અહિંસાના આ મૂલ્યને વધુને વધુ લોકો સુધી પહોંચાડવાનું કામ કરવું જોઈએ. ભારત એ ઘણો સંકુલ દેશ છે, પરંતુ એણે ભિન્ન ભિન્ન ધર્મના લોકો સંવાદિતાથી રહી શકે તેવા એક શાંત સમાજની રચના કરી છે. ભારતનો અહિંસાનો આ સંદેશ લંડનમાં વસતા ભારતીય સમુદાયને પહોંચાડવાનું પોતાને સદ્ભાગ્ય પ્રાપ્ત થયું છે, એવું શ્રી દલાઈ લામાએ જણાવ્યું હતું.

એમણે વધુમાં કહ્યું હતુ કે તેઓ 'ભારતના સંતાન' હોય તેવો અનુભવ કરે છે. એમનું ચિત્ત નાલંદાના વિચારોથી અને એમનું શરીર દાળ અને ચપાટીથી ભરેલું છે.

ઈંગ્લન્ડની આ બીજી મુલાકાત સમયે શ્રી દલાઈ લામા પોતાના એંસીમાં વર્ષના જન્મદિવસે જુદા જુદા ધર્મો તેમજ માન્યતાઓ વચ્ચે અનુકંપા અને સંવાદિતા વધારવા ઉપર ભાર મૂક્યો તેમજ તિબેટની શાંતિમય બૌદ્ધ સંસ્કૃતિને જાળવી રાખવા અનુરોધ કર્યો હતો.

---

## પુસ્તક સમાલોચના

**– મિતેશભાઈ એ. શાહ**

(નોંધ : આ વિભાગ માટે ગ્રંથ કે પુસ્તકની બે નકલ મોકલવા વિનંતી.)

(૧) **પુસ્તકનું નામ : ભક્તિપદ થકી પ્રભુપ્રીતિ**

**લેખિકા :** ભાનુબેન ડી. શાહ • **પૃષ્ઠ :** ૨૦૮ • **આવૃત્તિ :** પ્રથમ ૨૦૧૫ • **મૂલ્ય :** રૂા. ૧૦૦

પ્રાપ્તિસ્થાન : ભાનુબેન ડી. શાહ - ૨૬, મીલપરા, તપોવન એપા. નં.૨,
કાંતા સ્ત્રી વિકાસ ગૃહ રોડ, રાજકોટ - ૩૬૦૦૦૨.
ફોન : (૦૨૮૧) ૨૨૩૯૦૬૨

આ પુસ્તકમાં 'સંગત સંતન કી કર લે', 'ચેતન ચાલોને હવે', 'શુભ શીતળતામય...' વગેરે ૩૩ ભક્તિપદોનું સુંદર વિવેચન કરવામાં આવ્યું છે. બીજા વિભાગમાં સ્વરચિત ૨૨ ભક્તિપદોને સમાવવામાં આવ્યા છે. ભક્તિમાર્ગની આરાધના કરનાર સૌ ભક્તો માટે આ પુસ્તક ખૂબ ઉપયોગી બની રહેશે.

# શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર

**કોબાના ઉપક્રમે**

## -: યુવાવર્ગ માટે જીવનવિકાસલક્ષી શિબિર :-

**તા. ૧૩-૧૧-૨૦૧૫, શુક્રવાર થી તા. ૧૫-૧૧-૨૦૧૫, રવિવાર**

**: સ્થળ :**

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા, જિ. ગાંધીનગર-૩૮૨ ૦૦૭

ટે.નં. (૦૭૯) ૨૩૨૭ ૬૨૧૯/૪૮૩ ● E-mail : mail@shrimadkoba.org

આપણે સૌ જાણીએ છીએ કે આ યુગની યુવાન પેઢીની બુદ્ધિપ્રતિભા વિકસતી જાય છે. તે પ્રતિભા અન્ય પ્રકારોમાં અટવાઈ ન જાય, તેમના જીવનમાં નૈતિક મૂલ્યો સમજાય અને સચવાય તે ઘણું આવશ્યક છે. તે માટે સુસંસ્કારોની ખાસ જરૂર છે. આવા શુભ હેતુથી યુવાનોને સુસંસ્કારિત કરવા ઉપરોક્ત સ્થળે યુવાશિબિરનું આયોજન કરેલ છે.

આ શિબિરમાં ૧૫ વર્ષ કે તેથી વધુ વયના યુવાન ભાઈ-બહેનો ભાગ લઈ શકશે. દરેક શિબિરાર્થીએ શિબિરમાં પૂરા દિવસ હાજર રહી દરેક કાર્યક્રમમાં ભાગ લેવો અનિવાર્ય છે. માત્ર રજિસ્ટ્રેશન ફી ભરવાની રહેશે. શિબિરાર્થીઓને નમ્ર અનુરોધ છે કે તેઓ પોતાના મિત્રોને-સ્નેહીજનોને આ શિબિરમાં ભાગ લેવા માટે પ્રેરણાદાયી બને.

### કાર્યક્રમની સામાન્ય રૂપરેખા

★ **પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી**ના સાન્નિધ્યમાં આ શિબિર યોજાશે.

★ જીવનવિકાસલક્ષી વાર્તાલાપના કાર્યક્રમો યોજાશે.

★ શિબિર દરમ્યાન નિર્દોષ રમત-ગમત, ધાર્મિક અંતાક્ષરી, ક્વીઝ, સાંસ્કૃતિક કાર્યક્રમો, Self Development Work Shop જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.

★ શિબિરાર્થીઓની રુચિ અનુસાર ધાર્મિક વીડિયો શૉ સમયની અનુકૂળતા અનુસાર યોજાશે.

★ તા. ૧૫-૧૧-૨૦૧૫, રવિવારને દિવસે સાંજે ૫-૦૦ વાગ્યે શિબિરની પૂર્ણાહુતિ થશે. તે દિવસે સાંજે આપ રોકાશો કે નહિ તે જણાવશો; જેથી આહારની વ્યવસ્થામાં સરળતા રહે.

★ રજિસ્ટ્રેશન ફી રૂા. ૩૦૦/- (ત્રણસો રૂપિયા) ભરવાના રહેશે.

★ શિબિર દરમ્યાન બહારથી વિશિષ્ટ વક્તાઓ વિવિધ વિષયો પર પોતાના વક્તવ્યો રજૂ કરશે.

★ પાછળ આપેલાં ખાસ સૂચનો વાંચીને જ ફોર્મ ભરવા વિનંતી છે.

**(P.T.O.)**

# શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર

મુ.પો. કોબા - ૩૮૨ ૦૦૭ (જિ. ગાંધીનગર) ટે.નં. (૦૭૯) ૨૩૨૭ ૬૨૧૯/૪૮૩

**ઉપરોક્ત સંસ્થા દ્વારા આયોજિત તા. ૧૩-૧૧-૨૦૧૫ થી તા. ૧૫-૧૧-૨૦૧૫ સુધીની**

## જીવનવિકાસલક્ષી યુવાશિબિરમાં પ્રવેશ મેળવવા માટેનું ફોર્મ

(૧) પૂરું નામ ..........................................................................

(૨) ઉંમર (જન્મતારીખ સહિત) ...........................................................

(૩) પૂરું સરનામું ......................................................................

..........................................................................................

..........................................................................................

(૪) ટે.નં. ............................ ઈ-મેઈલ............................................

(૫) વર્તમાન વ્યવસાય ..................................................................

(૬) અગાઉની શિબિરનો અનુભવ વિગતવાર દર્શાવવો ........................................

(૭) વિશેષ કૌશલ્યની માહિતી ............................................................

(૮) પરિચિત કોઈ સદ્ગૃહસ્થ કે સંસ્થાનું નામ ............................................

### ખાસ સૂચનાઓ

(૧) ફોર્મ શક્ય હોય તેટલું વહેલું ભરીને **આદ. બા.બ્ર.બહેનશ્રી જનકબેન, આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા, તા. જિ. ગાંધીનગર-૩૮૨ ૦૦૭** ના સરનામે મોકલી આપશો. મોડામાં મોડું તા. ૧-૧૧-૨૦૧૫ સુધીમાં ફોર્મ તથા રજિસ્ટ્રેશન ફી મોકલી આપવા વિનંતી. મર્યાદિત સંખ્યામાં શિબિરાર્થીઓ લેવાના હોવાથી વહેલા તે પહેલાના ધોરણે શિબિરમાં પ્રવેશ મળશે. ફોર્મ કે રજિસ્ટ્રેશન ફી સમયસર ન મળ્યા હોય તેને કારણે તમારું નામ રદ થાય તો ક્ષમ્ય ગણશો.

(૨) શિબરાર્થીએ મોડામાં મોડા તા.૧૩-૧૧-૨૦૧૫ના રોજ સવારે ૭-૩૦ સુધીમાં શિબિરના સ્થળે પહોંચવાનું રહેશે.

(૩) બહેનો તથા ભાઈઓ સફેદ અથવા આછા રંગના વસ્ત્ર જ પરિધાન કરે. તેમાં બહેનોએ પંજાબી ડ્રેસ અથવા સાડી જ પહેરવી. બરમુડા કે કેપરી પહેરવા નહિ.

(૪) અંગત વપરાશની વસ્તુઓ તેમજ ખાસ કરીને ઓઢવા-પાથરવાની ચાદર લઈને જ આવવું.

(૫) શિબિરમાં આયોજિત દરેક કાર્યક્રમમાં સક્રિયપણે ભાગ લેવાનું આવશ્યક છે.

(૬) આપશ્રી તથા આપનું ગ્રુપ કોઈ વિશેષ કાર્યક્રમ જેમ કે, એકપાત્રીય અભિનય, લઘુનાટિકા કે નિર્દોષ હાસ્યરસ પીરસવા માંગતા હોય તો પહેલેથી જ અમોને પત્ર દ્વારા જણાવવા વિનંતી, જેથી કરી સુવ્યવસ્થા જળવાય.


(૭) આપશ્રીને જેટલા ફોર્મ વધારાના મળે તેટલા નવા યુવામિત્રોને આપ શિબિરમાં લાવી શકો છો, પરંતુ તેઓએ શિબિરના નિયમોનું પાલન કરવાનું રહેશે.

## સંસ્થા પ્રકાશિત 'દૈનિક ભક્તિક્રમ' તથા 'ભક્તિ પરાગ' પુસ્તકની નવી આવૃત્તિનું વિમોચન (તા. ૧૨-૯-૨૦૧૫)





## સંસ્થામાં યોજાયેલ થાઈરોઈડ કેમ્પ વેળાની તસવીરો (તા. ૧૩-૯-૨૦૧૫)





## સંસ્થા સંચાલિત ગુરુકુળમાં કમ્પ્યુટર લેબના ઉદ્‌ઘાટન વેળાએ (તા. ૧૩-૯-૨૦૧૫)








સ્વાગત વક્તવ્ય આપતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ જૈનોલોજીના ચેરમેન શ્રી નેમુભાઈ ચંદરયા, શ્રી દલાઈ લામા તથા શ્રી વિનોદ ટેઈલર (લંડન, યુ.કે.)

Registered under RNI No. : GUJGUJ/2008/25883
Permitted to post at Ahmedabad PSO on 15th of every month under Postal
Regd. No. : GAMC - 309/2015-2017 issued by SSP Ahmedabad valid upto 31-12-2017
Publication Date 15th of every month

## સંસ્થા પ્રકાશિત નૂતન દિવાળી પુસ્તિકા 'જીવનઅર્ક'નું વિમોચન કરતા આદ.બા.બ્ર. પંડિતજી શ્રી સુમતપ્રકાશજી (તા. ૧૩-૯-૨૦૧૫)






### આ અંકના વિશિષ્ટ સહયોગી દાતા

'દિવ્યધ્વનિ' ઓક્ટોબર - ૨૦૧૫ના અંક માટે રૂા. ૧૫,૦૦૦/-નો આર્થિક સહયોગ

**૧ આદ.શ્રી ભાવેશભાઈ સુમતિચંદ્ર દોશી, (ઘાટકોપર, મુંબઈ)**

તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

'દિવ્યધ્વનિ' ઓક્ટોબર - ૨૦૧૫ના અંક માટે રૂા. ૧૫,૦૦૦/-નો આર્થિક સહયોગ

**૨ સ્વ. શ્રી હરિલાલ વી. અજમેરીયાના આત્મશ્રેયાર્થે**

**હસ્તે : આદ. શ્રીમતી હીરાબેન હરિલાલ અજમેરીયા (મોરબી)**

તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

Printed & Published by Smt. Dr. Sharmisthaben M. Soneji on Behalf of Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra, Koba - 382 007, Dist. Gandhinagar (Gujarat). Printed at Bhagwati Offset, 16/C, Bansidhar Estate, Bardolpura, Ahmedabad - 380 004. Editor : Shri Mitesh A. Shah